# આમાલે માહે મોહર્રમ

માહે મોહર્રમ તથા આશૂરાના દિવસોમાં
અઝાદારી તેમજ આમાલ

-: સંપર્ક :-
અલ્તાફહુસૈન માસૂમઅલી નાથાણી
૨, દિલહરબાગ સોસાયટી, ભાવનગર – ૩૬૪૦૦૧
ગુજરાત – ભારત
ઇમેલ : **hilyatul.aabedeen@gmail.com**

# Contents


પહેલી રાતના આમાલ 5

રાત્રે બે રકઆત નમાઝ અને દિવસે રોઝો રાખવો 5

એક સો રકઆત નમાઝ અને દિવસે રોઝો રાખવો 5

બે રકઆત નમાઝ 5

પહેલી મોહર્રમનો દિવસ 6

રોઝો રાખવો 6

બે રકઆત નમાઝ અને દુઆ 6

દરેક મહીનાની પહેલી તારીખની બે રકઆત નમાઝ 8

ત્રીજી મોહર્રમ 8

રોઝો રાખવો 8

નવમી મોહર્રમ (તાસુઆ) 9

શબે આશૂરાના આમાલ 9

૧. શબ-બેદારી 9

૨. શબે આશુરા ગમ અને મસાએબમાં પસાર કરે 10

૩. શબે આશુર આપ (અ.સ.) ની કબ્ર મુબારક પાસે પસાર કરે. 10

૪. શબે આશૂરના પઢવાની દુઆ 10

૫. એક સો રકઆત નમાઝ 16

૬. ચાર રકઆત નમાઝ 16

૭. રાત્રીના છેલ્લા ભાગમાં ચાર રકઆત નમાઝ 17

૮. દસ રકાત નમાઝ 17

૯. દસ રકાત નમાઝ 17

રોઝે આશૂરા ના આમાલ 17

૧. ફાકો રાખે 17
૨. ગીર્યા, માતમ, સીનાઝની અને મસાએબમાં મશગુલ રહે 18
૩. મસાએબ પઢે અને એકબીજાને રડાવે 18
૪. એકબીજાને પૂરસો આપવો. 19
૫. નકામી વાતો અને હસી મજાકથી પરહેઝ 19
૬. શોહદાના મકતલની મજલીસ બરપા કરે. 19
૭. બરકતનો દિવસ ન ગણે અને દૂન્યવી કામોથી દૂર રહે. 20
૮. લોકોને પાણી પીવરાવે 21
૯. આપ (અ.સ.)ના મસાએબ યાદ આવે ત્યારે 21
૧૦. એક હજાર (૧૦૦૦) વખત સૂરએ તૌહીદ પઢે 21
૧૧. ૧૦૦૦ વખત લઅનત મોકલવી 21
૧૨. ઇમામ હુસૈન (અ.સ.) ની આશૂરાના દિવસની દોઆ 22
૧૩. ચાશ્તના સમયે આશૂરા નો અમલ 22
૧૪. સવારના સમયે પઢવાની દુઆ (દોઆએ અશરાત) 31
૧૫. ઝિયારતે વારેસા 41
૧૬. ઝિયારતે આશુરા 44
૧૭. દુઆએ અલ્કમા 50
૧૮. ઝિયારતે નાહિયા (પહેલી ઝિયારત) 60
૧૯. ઝિયારતે નાહિયા (બીજી ઝિયારત) 90
૨૦. અસ્રના સમય પુરસાની ઝિયારત 105
૨૧. રોઝે આશુરા આપ (અ.સ.)ની કબ્ર પાસે પસાર કરે 110

શામે ગરીબા 111

આ કિતાબ વિશે બે શબ્દો... 115

# માહે મોહર્રમ

આ મહિનો અહલેબય્ત (અ.સ.) માટે અને તેમના શીયાઓ માટે ગમનો મહિનો છે. ઈમામ રઝા (અ.સ.) થી રિવાયત છે કે જયારે પણ માહે મોહર્રમ આવતો ત્યારે મારા વાલિદે ગિરામી ઈમામ મૂસા કાઝિમ (અ.સ.) ને કોઈએ પણ હસતા ચેહરે જોયા નથી. ઈમામ (અ) આ દિવસોમાં ખુબજ વધારે ઉદાસ અને ગમગીન રહેતા જ્યાં સુધી કે આશુરા આવી જાય; અને તે દિવસને મુસીબત, ગમ, અને રડવાનો દિવસ મનાવતા અને ફરમાવતા કે આ દિવસ એ છે કે જે દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત થઈ હતી.

ઈમામ રઝા (અ.સ.) એ રય્યાન ઈબ્ને શબીબને ફરમાવ્યું કે અય ઈબ્ને શબીબ, મોહર્રમ એ મહિનો છે કે જેમાં તેની હુરમતના કારણે જાહિલીય્યતના ઝમાનામાં પણ અરબ લોકો લડાઈ કરવા કે અત્યાચારો ગુઝારવાને હરામ સમજતા હતા, પરંતુ અફસોસ આ ઉમ્મતે એ મહીનાની હુરમતનો ખ્યાલ કર્યો નહી તેમજ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) નો લિહાઝ કર્યો નહી. અફસોસ ! એવા માનવંત અને પવિત્ર મહીનામાં ફરઝંદે રસૂલ (સ.અ.વ.) ને કત્લ કર્યા અને તેમના ખાનદાનને કૈદી બનાવ્યા અને તેમના માલ અને અસબાબને લુટી લીધા.ખુદા હરગિઝ તેઓ (નિર્દય ધાતકીઓ)ને બખ્શે નહી.

ઈમામ ઝૈનુલ આબેદીન અલી ઈબ્ને હુસૈન (અ.સ.) એ ફરમાવ્યું છે કે જે મોઅમીનની આંખોમાંથી હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ના ગમમાં એટલા આંસુઓ નિકળે કે એના ગાલ ઉપર વહેવા લાગે તો ખુદા તઆલા તેને હંમેશા માટે જન્નતમાં જગ્યા ઈનાયત કરશે.

હઝરત ઈમામ સાદિક (અ.સ.) થી રિવાયત છે કે જે કોઈની સામે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)નું વર્ણન થાય અને તે વર્ણનને સાંભળી તેના આંખમાંથી માખીની પાંખ બરાબર પણ આંસુ નીકળી આવે તો તેનો બદલો ખુદા તેને જરૂર આપશે; અને ખુદા તેને ફક્ત બદલો આપવા ઉપર ખુશ નહી થાય બલ્કે તેને જન્નત પણ અતા કરશે.

હઝરત ઈમામ હુસૈન (અ.સ.) થી રિવાયત છે જે માણસ અમારી મુસીબતોને યાદ કરે, અને દુશ્મનોએ અમારા ઉપર કરેલા ઝુલ્મો સિતમને બયાન કરી રડે તો તે કયામતમાં

અમારી સાથે અમારા દરજ્જામાં હશે અને જે માણસ અમારી મુસીબતોનું વર્ણન કરી પોતે પણ રડે અને બીજાઓને પણ રડાવે તો એ દિવસે કે જયારે બધા લોકોની આંખો રડતી હશે ત્યારે આ માણસની આંખો હરગિઝ રડશે નહિ; અને જે માણસ એવી મજલીસ અથવા બેઠકમાં જઈ બેસે કે જ્યાં અમારી વાતો બયાન કરવામાં આવે તો એ દિવસે તેનુ દિલ જીવતું રેહશે કે જે દિવસે બધા લોકોના દિલ મુર્દા હશે.

# પહેલી રાતના આમાલ

## રાત્રે બે રકઆત નમાઝ અને દિવસે રોઝો રાખવો

બે રકઆત નમાઝ પઢે કે જેની બન્ને રકઆતમાં સૂરએ હમ્દ પછી ૧૧ (અગ્યાર) વખત સૂરએ તૌહીદ પઢે; હઝરત રસુલે ખુદા (સ.અ.વ) થી રિવાયત છે કે જે કોઈ પણ આ બે રકઆત નમાઝ બજાવી લાવે અને સવારે કે જે વર્ષની પહેલી સવાર છે તેમાં રોઝો રાખે તો તેણે પુરૂ વર્ષ લગાતાર નેકી કર્યા જેટલો સવાબ ધરાવે છે અને તે પુરૂ વર્ષ હીફાઝતમાં રહેશે અને  અગર તે આ વર્ષે મરી જાય તો જન્નતમાં જશે.

## એક સો રકઆત નમાઝ અને દિવસે રોઝો રાખવો

બે-બે રકઆત કરીને ૧૦૦ (સો) રકઆત નમાઝ બજાવી લાવે અને દરેક રકઆતમાં સૂરએ હમ્દ પછી સૂરએ તૌહીદ પઢે, રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે જે કોઈ આ નમાઝ પઢે અને દિવસે રોઝો રાખે તો તેણે પુરૂ વર્ષ લગાતાર નેકી કરી હોય તેટલો સવાબ ધરાવે છે, અને આવતા વર્ષ સુધી ફિત્નાઓથી મહફૂઝ રહેશે અને અગર આ વર્ષે તેને મૌત આવે તો ઈન્શાલ્લાહ જન્નતમાં જશે.

## બે રકઆત નમાઝ

રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે કે પહેલી રાતના બે રકઆત નમાઝ બજાવી લાવે, પહેલી રકઆતમાં સૂરએ હમ્દ પછી સૂરએ અન્આમ (સૂરા નંબર ૬) પઢે અને બીજી રકઆતમાં સૂરએ હમ્દ પછી સૂરએ યાસીન પઢે.

# પહેલી મોહર્રમનો દિવસ

## રોઝો રાખવો

રય્યાન ઈબ્ને શબીબ ઈમામ રઝા અ.સની રિવાયત કરે છે કે જે કોઈ પણ આ દિવસે રોઝો રાખશે અને અલ્લાહને યાદ કરશે તો અલ્લાહ તેની દુઆને કબુલ કરશે જેવી રીતે જનાબે ઝકરીય્યા (અ.સ.) ની દુઆ કબુલ કરી. (જનાબે ઝકરીય્યા (અ.સ.) ની દુઆ કબુલ થઈ અને તેમના ઘરે જનાબે યહ્યા અ.સની વિલાદત થઈ હતી)

## બે રકઆત નમાઝ અને દુઆ

ઈમામ અલી રઝા અ.સથી રિવાયત છે કે હઝરતે રસુલે ખુદા સ.અ.વ. મોહર્રમના પહેલા દિવસે બે રકઆત નમાઝ પઢતા અને જયારે નમાઝ બજાવી લાવતા ત્યાર પછી બન્ને હાથોને ઉંચા કરીને આ દુઆ ત્રણ વખત પઢતા......

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ أَنْتَ الْإِلٰهُ الْقَدِيْمُ وَ هٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ ، فَأَسْأَلُكَ فِيْهَا الْعِصْمَةَ مِنَ الشَّيْطَانِ وَ الْقُوَّةَ عَلٰى هٰذِهِ النَّفْسِ الْأَمَّارَةِ بِالسُّوْءِ وَ الْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِيْ إِلَيْكَ ، يَا كَرِيْمُ ، يَا ذَا الْجَلَالِ وَ الْإِكْرَامِ ، يَا عِمَادَ مَنْ لَا عِمَادَ لَهٗ ، يَا ذَخِيْرَةَ مَنْ لَا ذَخِيْرَةَ لَهٗ ، يَا حِرْزَ مَنْ لَا حِرْزَ لَهٗ ، يَا غِيَاثَ مَنْ لَا غِيَاثَ لَهٗ ، يَا سَنَدَ مَنْ لَا سَنَدَ لَهٗ ، يَا كَنْزَ مَنْ لَا كَنْزَ لَهٗ ، يَا حَسَنَ الْبَلَاءِ ، يَا عَظِيْمَ الرَّجَاءِ ، يَا عِزَّ الضُّعَفَاءِ ، يَا مُنْقِذَ الْغَرْقٰى ، يَا مُنْجِيَ الْهَلْكٰى ، يَا مُنْعِمُ ، يَا مُجْمِلُ ، يَا مُفْضِلُ ، يَا مُحْسِنُ ، أَنْتَ الَّذِيْ سَجَدَ لَكَ سَوَادُ اللَّيْلِ وَ نُوْرُ النَّهَارِ وَ ضَوْءُ الْقَمَرِ وَ شُعَاعُ الشَّمْسِ وَ دَوِيُّ الْمَاءِ وَ حَفِيْفُ الشَّجَرِ ، يَا اَللهُ لَا شَرِيْكَ لَكَ ، اَللّٰهُمَّ اجْعَلْنَا خَيْرًا مِمَّا

يَظُنُّوْنَ وَ اغْفِرْ لَنَا مَا لَا يَعْلَمُوْنَ وَ لَا تُؤَاخِذْنَا بِمَا يَقُوْلُوْنَ ، حَسْبِيَ اللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَ هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ، آمَنَّا كُلٌّ مِنْ عِنْدِ رَبِّنَا وَ مَا يَذَّكَّرُ إِلَّا أُوْلُوا الْأَلْبَابِ ، رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا وَ هَبْ لَنَا مِنْ لَدُنْكَ رَحْمَةً إِنَّكَ أَنْتَ الْوَهَّابُ.

તરજુમો : યા અલ્લાહ, તું હંમેશા હાજર મઅબુદ છો , અને આ વર્ષ નવું છે એટલે હું આ વર્ષ દરમિયાન તારી પાસે ચાહું છું કે મને શયતાનથી સલામત (બચાવીને) રાખ, અને મને નફસે અમ્મારહ ઉપર કાબુ અતા કર, અને એ બાબતો કે જે મને તારીથી વધારે નજીક કરે છે તેમાં મશગૂલ અને વ્યસ્થ રાખ, અય ખુબજ ઉદાર (અને બખ્શીશ કરનાર), અય મોટાઈ અને ઉદારતાના માલિક, અય તેનો આશરો કે જેનો કોઈ આશરો નથી, અય તેની પુંજી કે જેની કોઈ પુંજી નથી, અય તેની પનાહ કે જેની કોઈ પનાહ નથી,અય તેની ફરિયાદે પહોચનાર કે જેની ફરિયાદે પહોચનાર કોઈ નથી, અય તેનો ભરોસો કે જેનો બીજો કોઈ ભરોસો નથી, અય તેનો ખઝાનો કે જેનો બીજો કોઈ ખઝાનો નથી, અય બેહતરીન આજમાઈશ કરનાર, અય મહાન ઉમ્મીદ, અય કમઝોરોને સત્તાવાર બનાવનાર, અય ડુબનારને તરાવનાર, અય હલાક થનારને નજાત આપનાર, અય નેઅમતો અતા કરનાર, અય નેકીઓ કરનાર, અય બખ્શીશ કરનાર, અય એહસાન કરનાર. તું એ પાક ઝાત છો કે જેને સજદો કર્યો રાતના અંધારાએ, દિવસના પ્રકાશે, ચાંદની રોશનીએ, પાણીના પ્રવાહે, અને ઝાડના અવાજે. અય અલ્લાહ, તારો કોઈ ભાગીદાર નથી. અય અલ્લાહ, અમારા બાબતે લોકોને જેટલી ભલાઈનો અંદાઝો છે તેથી પણ વધુ અમારૂં ભલુ કર, અને અમારા એ ગુનાહોને માફ કર કે જેની લોકોને પણ જાણ નથી, અને અમારાથી એ બાબતોનો બદલો ન લે કે જે બાબતો લોકોનો મોઢાં ઉપર છે, અલ્લાહ મારા માટે પૂરતો છે, કે જેના સિવાય બીજો કોઈ મઅબુદ નથી, અને મેં તેનાજ ઉપર ભરોસો કર્યો છે, અને તે મહાન અર્શનો માલિક છે. અમે ઈમાન રાખીએ છીએ, કે બધી વસ્તુઓ અમારા પાલનહાર તરફથી છે, તો પણ અમુક લોકો નસીહત હાસિલ નથી કરતા સિવાય અમુક લોકો જે સમજ ધરાવનારાઓ છે. અય

અમારા પાલનહાર, અમારા દિલોને પાછા વાળજે નહી જયારે કે તે અમને હિદાયત કરી છે અને તારા તરફથી અમને રહમત અતા કર, કે ખરેખર તુ જ મહાન બખ્શીશ કરનાર અને અતા કરનાર છો.

## દરેક મહીનાની પહેલી તારીખની બે રકઆત નમાઝ

દરેક મહીનામાં પહેલી તારીખે જે બે રકઆત નમાઝ પઢવાની હોય છે તે આ મહીનામાં પણ પઢે, પહેલી રકઆતમા સૂરએ હમ્દ પછી ૩૦ વખત સૂરએ તૌહીદ પઢે, અને બીજી રકઆતમાં ત્રીસ વખત સૂરએ હમ્દ પછી સૂરએ કદ્ર પઢે. આ નમાઝ પછી નીચેની આયતો પઢવી જોઈએ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، وَ مَا مِنْ دَابَّةٍ فِي الْأَرْضِ إِلَّا عَلَى اللهِ رِزْقُهَا وَ يَعْلَمُ مُسْتَقَرَّهَا وَ مُسْتَوْدَعَهَا كُلٌّ فِي كِتَابٍ مُبِينٍ ، بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، وَ إِنْ يَمْسَسْكَ اللهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهُ إِلَّا هُوَ وَ إِنْ يُرِدْكَ بِخَيْرٍ فَلَا رَادَّ لِفَضْلِهِ ، يُصِيبُ بِهِ مَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ وَ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ، بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، سَيَجْعَلُ اللهُ بَعْدَ عُسْرٍ يُسْراً ، مَا شَاءَ اللهُ لَا قُوَّةَ إِلَّا بِاللهِ ، حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِيْلُ وَ أُفَوِّضُ أَمْرِي إِلَى اللهِ إِنَّ اللهَ بَصِيْرٌ بِالْعِبَادِ، لَا إِلٰهَ إِلَّا أَنْتَ سُبْحَانَكَ إِنِّي كُنْتُ مِنَ الظَّالِمِينَ ، رَبِّ إِنِّي لِمَا أَنْزَلْتَ إِلَيَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ، رَبِّ لَا تَذَرْنِي فَرْداً وَ أَنْتَ خَيْرُ الْوَارِثِيْنَ.

# ત્રીજી મોહર્રમ

## રોઝો રાખવો

આ તે દિવસ છે કે જે દિવસે હઝરત યૂસુફ (અ.સ.) કૈદખાનામાંથી આઝાદ થયા હતા

અને જે કોઈ પણ આજના દિવસે રોઝો રાખે તો અલ્લાહ તબારક વ તઆલા તેની સાથે આસાનીથી વર્તાવ કરશે અને મુશ્કિલ કાર્યોને હલ કરી દેશે અને તેના ગમને પણ દુર કરી દેશે અને નબી સ.અ.વ.થી રિવાયત નકલ થયેલ છે કે તેની દુઆ પણ કબુલ થશે.

# નવમી મોહર્રમ (તાસુઆ)

આશુરાની રાતના જરૂરી છે કે ઈમામ હુસૈન (અ.સ.) ના શીઆઓ અને ચાહનારાઓ તેમને યાદ કરે, પોતાને ગમગીન રાખે અને સય્યદુશ્શોહ્દા ઈમામ હુસૈન (અ.સ.) ની અઝાદારીમાં મશગુલ રહે.

ઈમામ સાદિક (અ.સ.) થી રિવાયત છે નવમી મોહર્રમ (તાસુઆ) એ દિવસ છે કે જયારે ઈમામ હુસૈન (અ.સ.)ને અને તેમના વફાદાર સહાબીઓને દુશ્મનોએ કરબલાના મૈદાનમાં ચારે તરફથી ઘેરી લીધા હતા અને શામનું લશ્કર ઈમામ હુસૈન (અ.સ.)ને શહીદ કરવા માટે ભેગુ થઈ ગયુ હતું. ઈબ્ને મર્જાનહ (લ.અ.) અને ઉમર ઈબ્ને સઅદ (લ.અ.) ખુશ થયા હતા કારણ કે તેમના લશ્કરમાં સિપાહી ખુબજ વધારે થઈ ગયા હતા, અને ઈમામ હુસૈન (અ.સ.)ને અને તેમના સહાબીઓને કમઝોર સમજી લીધા હતા; અને તેઓ એવું યકીન રાખતા હતા કે હવે કોઈ પણ ઈમામ હુસૈન (અ.સ.) ની મદદ કરવા નહિ આવે, ખાસ કરીને ઈરાકના લોકો પણ ઈમામ સુધી નહી પહોંચી શકે. પછી હઝરત (અ.સ.) ફરમાવે છે કે મારા વાલિદ ફિદા થાય તેમની ગુરબત ઉપર અને તેમની મઝલુમી ઉપર.

## શબે આશૂરાના આમાલ

ઈકબાલ નામની કિતાબમાં સય્યદ ઈબ્ને તાઉસ (અ.ર.) એ આ રાતના ઘણી બધી નમાઝો અને દુઆઓ બયાન કરેલ છે કે જેની ફઝીલત ખુબજ વધારે છે કે જેમાંથી અમુક આમાલ નિચે મુજબ છે :

## ૧. શબ-બેદારી

જાણી લો કે આ એ રાત્રી છે કે જેને આપણા મૌલા ઈમામ હુસૈન અ.સ. અને આપના અસ્હાબોએ નમાઝ અને દોઆમાં આખી રાત જાગીને એવી હાલતમાં પસાર કરી એવી હાલતમાં પસાર કરી કે ઈસ્લામના નાસ્તિકોએ તેઓને ઘેરી લીધા હતા કે જેથી તેઓ

તેઓના મહાન નફ્સોને શહીદ કરી નાંખે, તેઓની હુરમતને પાયમાલ કરી દે અને તેઓની પકીઝા ખાતૂનોને અપમાનીત કરે.
આ શબમાં આખી રાત જાગવા વિષે રિવાયતમાં ખુબજ વધારે ફઝીલત બયાન થયેલ છે. નબી (સ.અ.વ.) એ ફર્માવ્યું: જે કોઈ આખી રાત જાગે તો તેણે જાણે તમામ ફરિશ્તાઓની ઈબાદત જેટલી ઈબાદત કરેલ છે. અને આ રાતના ઈબાદત કરનારાનો સવાબ સિત્તેર વર્ષની ઈબાદત કર્યા બરાબર છે. (ઈકબાલુ અલ-અઅમાલ, ૨૮)

## ૨. શબે આશુરા ગમ અને મસાએબમાં પસાર કરે

મરહુમ મોહદ્દીસે કુમ્મી લખે છે કે શીઆઓએ પ્રબંધ કરવો જોઇએ કે તેઓ આ રાત્રી ઈબાદત, તિલાવત, ગીર્યા અને ગમમાં પસાર કરે. (વકાયેઓ અલ-અય્યામ, પેજ ૧૪૯)

## ૩. શબે આશુર આપ (અ.સ.) ની કબ્ર મુબારક પાસે પસાર કરે.

અગર કોઈને તોફીક મળે કે તે આ શબમાં કરબલાએ મુઅલ્લામાં ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરે અને સુબહના સમય સુધી ત્યાં રહે.
ઈમામ સાદિક (અ.સ.) એ ફર્માવ્યુ: "જે કોઇ શબે આશૂરા ઈમામ હુસૈન (અ.સ.) ની કબ્ર મુબારકની પાસે રાત પસાર કરે તો કયામતના દિવસે તે અલ્લાહને એવી હાલતમાં મળશે જાણેકે તે પોતાના લોહીમાં ખરડાએલો હોય એવી રીતે કે તેને કરબલાની જમીન ઉપર આપ (અ.સ.)ની સાથે શહીદ કરવામાં આવ્યો હોય." (વસાએલુ અશ્-શીઆ, ભાગ ૧૪, પેજ ૪૭૭. પ્રકરણ ૫૫ હદીસ નં. ૧૯૬૩૮)

## ૪. શબે આશૂરના પઢવાની દુઆ

રાત્રીના આ દુઆ પણ પઢે જે સય્યદ ઈબ્ને તાઉસે નકલ કરેલ છે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا
اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا

رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْوَضِيْئَةِ الرَّضِيَّةِ الْمَرْضِيَّةِ الْكَبِيْرَةِ الْكَثِيْرَةِ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْعَزِيْزَةِ الْمَنِيْعَةِ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْكَامِلَةِ التَّامَّةِ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْمَشْهُوْرَةِ الْمَشْهُوْدَةِ لَدَيْكَ يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الَّتِيْ لَا يَنْبَغِيْ لِشَيْءٍ أَنْ يَتَسَمّٰى بِهَا غَيْرُكَ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الَّتِيْ لَا تُرَامُ وَ لَا تَزُوْلُ ، يَا اَللّٰهُ وَ أَسْأَلُكَ بِمَا تَعْلَمُ أَنَّهٗ لَكَ رِضًا مِنْ أَسْمَائِكَ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الَّتِيْ سَجَدَ لَهَا كُلُّ شَيْءٍ دُوْنَكَ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الَّتِيْ لَا يَعْدِلُهَا عِلْمٌ وَ لَا قُدْسٌ وَ لَا شَرَفٌ وَ لَا وَقَارٌ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ مِنْ مَسَائِلِكَ بِمَا عَاهَدْتَ أَوْفَى الْعَهْدِ أَنْ تُجِيْبَ سَائِلَكَ بِهَا يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِالْمَسْأَلَةِ الَّتِيْ أَنْتَ لَهَا أَهْلٌ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِالْمَسْأَلَةِ الَّتِيْ تَقُوْلُ لِسَائِلِهَا وَ ذَاكِرِهَا سَلْ مَا شِئْتَ وَ قَدْ وَجَبَتْ لَكَ الْإِجَابَةُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِجُمْلَةِ مَا خَلَقْتَ مِنَ الْمَسَائِلِ الَّتِيْ لَا يَقْوٰى بِحَمْلِهَا شَيْءٌ دُوْنَكَ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ مِنْ مَسَائِلِكَ بِأَعْلَاهَا عُلُوًّا وَ أَرْفَعِهَا رِفْعَةً وَ أَسْنَاهَا ذِكْرًا وَ أَسْطَعِهَا نُوْرًا وَ أَسْرَعِهَا نَجَاحًا وَ أَقْرَبِهَا إِجَابَةً وَ أَتَمِّهَا تَمَامًا وَ

أَكْمَلِهَا كَمَالًا وَ كُلُّ مَسَائِلِكَ عَظِيْمَةٌ ، يَا اَللهُ وَ أَسْأَلُكَ بِمَا لَا يَنْبَغِيْ أَنْ يُسْأَلَ بِهٖ غَيْرُكَ مِنَ الْعَظَمَةِ وَ الْقُدْسِ وَ الْجَلَالِ وَ الْكِبْرِيَاءِ وَ الشَّرَفِ وَ النُّوْرِ وَ الرَّحْمَةِ وَ الْقُدْرَةِ وَ الْإِشْرَافِ وَ الْمَسْأَلَةِ وَ الْجُوْدِ وَ الْعَظَمَةِ وَ الْمَدْحِ وَ الْعِزِّ وَ الْفَضْلِ الْعَظِيْمِ وَ الرَّوَاجِ وَ الْمَسَائِلِ الَّتِيْ بِهَا تُعْطِيْ مَنْ تُرِيْدُ وَ بِهَا تُبْدِئُ وَ تُعِيْدُ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِمَسَائِلِكَ الْعَالِيَةِ الْبَيِّنَةِ الْمَحْجُوْبَةِ مِنْ كُلِّ شَيْءٍ دُوْنَكَ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْمَخْصُوْصَةِ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْجَلِيْلَةِ الْكَرِيْمَةِ الْحَسَنَةِ ، يَا جَلِيْلُ ، يَا جَمِيْلُ ، يَا اَللهُ ، يَا عَظِيْمُ ، يَا عَزِيْزُ ، يَا كَرِيْمُ ، يَا فَرْدُ ، يَا وَتْرُ ، يَا أَحَدُ ، يَا صَمَدُ ، يَا اَللهُ ، يَا رَحْمٰنُ ، يَا رَحِيْمُ أَسْأَلُكَ بِمُنْتَهٰى أَسْمَائِكَ الَّتِيْ مَحَلُّهَا فِيْ نَفْسِكَ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِمَا سَمَّيْتَهٗ بِهٖ نَفْسَكَ مِمَّا لَمْ يُسَمِّكَ بِهٖ أَحَدٌ غَيْرُكَ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِمَا لَا يُرٰى مِنْ أَسْمَائِكَ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ مِنْ أَسْمَائِكَ مَا لَا يَعْلَمُهٗ غَيْرُكَ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِمَا نَسَبْتَ إِلَيْهِ نَفْسَكَ مِمَّا تُحِبُّهٗ يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِجُمْلَةِ مَسَائِلِكَ الْكِبْرِيَاءَ وَ بِكُلِّ مَسْأَلَةٍ وَجَدْتُهَا حَتّٰى يَنْتَهِيَ إِلَى الْاِسْمِ الْأَعْظَمِ ، يَا اَللهُ وَ أَسْأَلُكَ بِأَسْمَائِكَ الْحُسْنٰى كُلِّهَا يَا اَللهُ ، وَ أَسْأَلُكَ بِكُلِّ اسْمٍ وَجَدْتُهٗ حَتّٰى يَنْتَهِيَ إِلَى الْاِسْمِ الْأَعْظَمِ الْكَبِيْرِ الْأَكْبَرِ الْعَلِيِّ الْأَعْلٰى وَ هُوَ اسْمُكَ الْكَامِلُ الَّذِيْ فَضَّلْتَهٗ عَلٰى

جَمِيْعِ مَا تُسَمِّي بِهٖ نَفْسَكَ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا
اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا اَللّٰهُ ، يَا رَحْمٰنُ ، يَا رَحِيْمُ أَدْعُوْكَ وَ
أَسْأَلُكَ بِحَقِّ هٰذِهِ الْأَسْمَاءِ وَ تَفْسِيْرِهَا فَإِنَّهٗ لَا يَعْلَمُ تَفْسِيْرَهَا أَحَدٌ
غَيْرُكَ يَا اَللّٰهُ ، وَ أَسْأَلُكَ بِمَا لَا أَعْلَمُ وَ لَوْ عَلِمْتُهٗ سَأَلْتُكَ بِهٖ وَ بِكُلِّ اسْمٍ
اسْتَأْثَرْتَ بِهٖ فِيْ عِلْمِ الْغَيْبِ عِنْدَكَ أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَ
رَسُوْلِكَ وَ أَمِيْنِكَ عَلٰى وَحْيِكَ وَ أَنْ تَغْفِرَ لِيْ جَمِيْعَ ذُنُوْبِيْ وَ تَقْضِيَ لِيْ
جَمِيْعَ حَوَائِجِيْ وَ تُبَلِّغَنِيْ آمَالِيْ وَ تُسَهِّلَ لِيْ مَحَابِّيْ وَ تُيَسِّرَ لِيْ مُرَادِيْ
وَ تُوْصِلَنِيْ إِلٰى بُغْيَتِيْ سَرِيْعًا عَاجِلًا وَ تَرْزُقَنِيْ رِزْقًا وَاسِعًا وَ تُفَرِّجَ عَنِّيْ
هَمِّيْ وَ غَمِّيْ وَ كَرْبِيْ ، يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ.

(ઈકબાલો અલઅઅમાલ-, ૩૧-૩૨)

તરજુમો : (શરૂં કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. યા અલ્લાહ, હું તારી બારગાહમાં સવાલ કરૂ છું, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અને હું તારી પાસે સવાલ કરું છું તારા એ નામોના વાસ્તાથી કે જે પાક-પાકીઝા છે, પસંદ કરેલા અને બુઝુર્ગ છે, અને ખુબજ વધારે છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જે માનભર્યા અને ખુબજ બુલંદ છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જે પુરા અને પરિપૂર્ણ છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જે તારી પાસે ખુબજ મશહુર અને

ગવાહી આપનાર છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ નામના વાસ્તાથી જે નામો તારી સિવાય બીજા કોઈ માટે સઝાવાર નથી. હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામના વાસ્તાથી જેનો કસ્દ ન કરી શકીએ અને જેને મિટાવી ન શકીએ. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ નામોના વાસ્તાથી કે જે તારી ખુશનુદી નું સબબ છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ નામોના વાસ્તાથી કે જેના થકી દરેક વસ્તુ તારી સામે સજદામાં પડી જાય છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ નામોના વાસ્તાથી કે જેની બરાબરી કોઈ ઇલ્મ, કોઈ પાકીઝગી, કોઈ શરફ, અથવા કોઈ દબદબો નથી કરી શકતું. અય અલ્લાહ, હું સવાલ કરૂ છું તારા એ મસાએલોમાંથી કે જેના માટે તે અહદ (સોગંધ) ફરમાવી છે કે એ મસાએલના સવાલ કરનારને તું જરૂર જવાબ આપીશ. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ મસાએલનો કે જેની માટે તું અહલ (લાયક) છો. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એ મસાએલોનો કે જે તારી પાસે માંગે તથા બયાન કરે છે તો તુ તેને ફરમાવે છે કે તું જે ચાહે મારી પાસે માંગ, બસ તો પછી તે તારી ઉપર કબુલ કરવું વાજીબ કર્યું. અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, હું સવાલ સવાલ કરૂ છું તારી પાસે એ તમામ મસાએલનો જેને તે પૈદા કરેલ છે અને તારી સિવાય બીજું કોઈ તેની બરદાશ્તની શક્તિ ધરાવતું નથી. અય અલ્લાહ, હું સવાલ કરૂ છું તારી પાસે એ મસાએલોનો કે જે બુલંદીમાં સૌથી વધારે બુલંદ છે, અને ઉચ્ચતામાં સૌથી વધારે ઉંચા છે, અને બયાન કરવામાં સૌથી શ્રેષ્ઠ છે, અને નુરમાં બધા કરતા વધારે પ્રકાશિત છે, અને મુકિત (નજાત) આપવામાં સૌથી વધારે ઝડપી છે, અને કબુલ કરવામાં સૌથી વધારે નઝદીક છે, અને મકસદ પૂરો કરવામાં સૌથી વધારે ઉપયોગી છે, અને સંપૂર્ણ (કામિલ) માં સૌથી વધારે સંપૂર્ણ છે, અને તારા બધા મસાએલ ખુબજ મહાન છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું એવી વસ્તુનો કે જે તારી સિવાય બીજા કોઈ પાસે માંગવી યોગ્ય નથી, કે જે અઝમત, પાકીઝગી, મહાનતા, બુઝુર્ગી, શરફ, નુર, રહમત, કુદરત, કુરબત, મકસદ, સખાવત, અઝમત, તઅરીફ, ઈઝ્ઝત, મોટી મહેરબાની, અને હાજત રવાઈ છે, અને તે મસાએલ કે જેને તું ચાહે છે અતા કરે છે, કે જેનેથી તું ઈરાદો કરે તો

તે પૈદા થાય છે, અને પછી ફરીવાર જીવતો કરે છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ મસાએલથી કે જે મહાન અને ઉજળા છે જે તારા સિવાય બીજી બધી વસ્તુથી છુપાએલા છે. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા ખાસ નામથી. અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા ખાસ નામોના વાસ્તાથી કે જે મહાન, ઉચ્ચ અને સુંદર છે. અય પ્રભાવશાળી, અય ખુબજ સુંદર, અય અલ્લાહ, અય મહાન, અય સર્વશક્તિમાન, અય કૃપાળું, અય એક, અય એક પણ કાફી, અય એક (એવો એક કે જેની પછી સંખ્યાની ગણત્રી નથી) અય બેનિયાઝ, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય દયાળું. હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જેના સ્થળનું અંત તારા તરફ છે. અય અલ્લાહ, હું સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જેને તે તારી માટે ખાસ મુકર્રર કરેલ છે, અને તારી સિવાય બીજુ કોઈ તેને નથી જાણતું, અય અલ્લાહ, હું સવાલ કરૂ છું તારી પાસે એ નામો વાસ્તાથી જે જોય નથી શકાતા, અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જે નામોને તારી સિવાય બીજું કોઈ નથી જાણતું, અય અલ્લાહ, હું તારી પાસે સવાલ કરૂ છું તારા એ નામોના વાસ્તાથી કે જેને તે પોતાની તરફ સબંધિત કરેલ છે અને જેને તું ચાહે છે. અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય અલ્લાહ, અય ખુબજ મહેરબાન, અય ખુબજ દયાળુ, હું તને પુકારૂ છું અને સવાલ કરૂ છું એ દરેક નામોના હક તથા તફસીરનો વાસ્તો આપીને, કેમકે તારા સિવાય આ નામોની તફસીર કોઈ જાણતું નથી. અય અલ્લાહ, હું સવાલ કરૂ છું, એનો વાસ્તો આપીને કે જેને હું નથી જાણતો, અગર જાણતો હોત તો તેનો વાસ્તો આપીને સવાલ કરત, અને દરેક તે નામોનો વાસ્તો આપું છું જેને તે પોતાના ઈલ્મમાં ખાસ રીતે છુપાવીને રાખેલ છે, કે તું રહમત નાઝિલ કર પોતાના બંદા અને રસુલ અને તારી વહીના અમાનતદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર તથા તેમના અહલેબય્ત (અ.મુ.) ઉપર, અને મારા તમામ ગુનાહોને બખ્શી દે, અને મારી તમામ હાજતોને પૂરી કર, અને મને મારી ઉમ્મીદો સુધી પહોંચાડ, અને મારી મુસીબતોને આસન કર, અને મારી મુરાદોને સરળ બનાવી દે, અને મારી હાજતો સુધી મને જલ્દીમાં જલ્દી પહોંચાડી દે, અને મને પુષ્કળમાં પુષ્કળ રોઝી

અતા કર, અને મારાથી ગમગીનીને, ઉદાસીને, તથા દુઃખને દુર કર, અય રહમ કરનારાઓમાં સૌથી વધારે રહમ કરનાર.

## ૫. એક સો રકઆત નમાઝ

બે-બે રકઆત કરીને ૧૦૦ (સો) રકઆત નમાઝ બજાવી લાવે કે જેની દરેક રકઆતમાં સુરએ હમ્દ પછી ત્રણ વખત સૂરએ તૌહીદ પઢે, અને ૧૦૦ રકઆત નમાઝ બાદ નિચે મુજબ ૧૦૦ અથવા ૭૦ વખત પઢે.

سُبْحَانَ اللهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا إِلٰهَ إِلَّا اللهُ وَ اللهُ أَكْبَرُ وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ

إِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْمِ

તરજુમો : અલ્લાહ પાક છે, અને તમામ વખાણ અલ્લાહ માટે જ છે, અને અલ્લાહ સિવાય બીજો કોઈ મઅબૂદ નથી. અને અલ્લાહ સૌથી મહાન છે. અને કોઈ તાકત નથી અને કોઈ કુદરત નથી સિવાય અલ્લાહ તઆલા થકી કે જે અલ્લાહ ખુબજ સર્વોચ્ચ અને મહાન છે.

પછી ૧૦૦ અથવા ૭૦ વખત ઈસ્તિગફાર કરે

اَسْتَغْفِرُ اللهَ

પછી ૧૦૦ અથવા ૭૦ વખત મોહંમદ (સ.અ.વ.) અને આલે મોહંમદ (અ.મુ.સ) ઉપર સલવાત મોકલાવે

صَلَّي اللهُ عَلي مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ

## ૬. ચાર રકઆત નમાઝ

બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ બજાવી લાવે અને દરેક રકઆતમાં સૂરએ હમ્દ પછી ૫૦ વખત સૂરએ તવહીદ પઢે. આ નમાઝ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) ની નમાઝની જેવી છે. અને આ નમાઝની ખુબજ વધારે ફઝીલત છે. અને આ ચાર રકઆત નમાઝ પછી ખુબજ વધારે અલ્લાહનો ઝિક્ર કરે, રસૂલે ખુદા (સ.અ.વ.) અને તેમની ઔલાદ ઉપર ખુબજ વધારે સલવાત મોકલે અને તેમના દુશ્મનો ઉપર ખુબજ વધારે અને જેટલી વધારે બની શકે તેટલી લઅનત મોકલે.

## ૭. રાત્રીના છેલ્લા ભાગમાં ચાર રકઆત નમાઝ

રાતના છેલ્લા ભાગમાં બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ બજાવી લાવે કે જેની દરેક રકઆતમાં એક વખત સૂરએ હમ્દ પછી ૧૦ વખત આયતલ્કુરસી, ૧૦ વખત સૂરએ તૌહીદ, ૧૦ વખત સૂરએ ફલક, અને ૧૦ વખત સૂરએ નાસ પઢે અને નમાઝ અદા કર્યા પછી ૧૦૦ વખત સૂરએ તવહીદ પઢે.

## ૮. દસ રકાત નમાઝ

મરહુમ સૈયદ ઈબ્ને તાઉસ (અ.ર.) એ ઈકબાલુલ અઅમાલમાં શબે આશુરા ૧૦ રકાત નમાઝ નક્લ કરી છે જેમાં દરેક રકઅતમાં ૧ વખત સૂરે હમ્દ અને ૧૦૦ વખત સૂરે તવહીદ પઢે.

## ૯. દસ રકાત નમાઝ

મરહુમ મોહદ્દીસે નૂરી (અ.ર.) એ મુસ્તદરક અલ-વસાએલમાં શશબે આસૂરા પઢવાની દસ રકાત નમાઝ નક્લ કરી છે જેમાં દરેક રકાતમાં ૧૦૦ વખત સૂરે હમ્દ અને ૧૦૦ વખત સૂરે તવહીદ પઢે.

# રોઝે આશૂરા ના આમાલ

## ૧. ફાકો રાખે

બેહતર છે કે આશુરાના દિવસે શીઆઓ અસ્રના સમય સુધી ખાવા-પીવાથી પરહેઝ કરે અને અસ્રના સમયે કોઈ પણ એવી વસ્તુ ખાય જે ગમગીન લોકો ખાતા હોય તેમજ લઝીઝ અને સ્વાદિષ્ટ ખોરાકથી પરહેઝ કરે અને આશુરાના દિવસે રોઝો ન રાખે પણ ફાકો રાખે એટલે કે અસ્રના સમય સુધી ખાવા-પીવાથી પરહેઝ કરે, અસ્રના સમયે ફાકો ખોલી નાખે ભલે પછી ફક્ત પાણીથી ખોલે.

અલ્લામા મજ્લીસી ઝાદુલ્ મઆદમાં કહે છે કે બેહતર એ છે કે નવમી અને દસમી તારીખે રોઝા ન રાખે કારણ કે બની ઉમય્યાહ (લ.અ.) આ બન્ને દિવસે ઈમામ હુસૈન

(અ.સ.) ની શહાદત થઈ તેની બરકત માટે રોઝો રાખતા હતા. બની ઉમીય્યાહ (લ.અ.) એ ઘણી બધી ખોટી હદીસોને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) થી આ દિવસોમાં રોઝા રાખવાની ફઝીલત માટે બયાન કરેલ છે, જયારે કે અહલબય્ત (અ.મુ.) એ આ બંને દિવસે રોઝા રાખવા માટે, અને ખાસ કરીને આશુરના દિવસે રોઝો રાખવાની સખ્ત મનાઈ કરેલ છે.

## ૨. ગીર્યા, માતમ, સીનાઝની અને મસાએબમાં મશગુલ રહે

આ દિવસ ઈમામ હુસૈન (અ.સ.) અને તેમના સાથીઓનો શહાદતનો દિવસ છે. આ દિવસ મઅસૂમીન (અ.મુ.સ.) માટે અને તેમના શીઆઓ માટે મુસિબતનો અને ગમનો દિવસ છે. બેહતર છે કે શીઆઓ આજેના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ની અઝાદારી કરે અને માતમ કરે તેમજ નૌહા અને મસાએબમાં મશગૂલ રહે અને એવી રીતે માતમ કરે જેવી રીતેના પોતાની કોઈ ઔલાદ અથવા કોઈ નઝદીકના રિશ્તેદારના ગમમાં માતમ કર્યું હોય.

## ૩. મસાએબ પઢે અને એકબીજાને રડાવે

બેહતર છે કે આ દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ના મસાએબ (મકતલ) પઢવામાં આવે અને એકબીજાને રડાવે. રિવાયતમાં છે કે જયારે જનાબે મુસા (અ.સ.) ને વહી થઈ કે તમે જનાબે ખિઝ્ર (અ.સ.) પાસે જઈ અને તેની મુલાકાત કરો અને તેમની પાસેથી ઇલ્મ હાસિલ કરો ત્યારે બન્ને મુલાકાત કરે છે અને સર્વથી પેહલા જે વસ્તુનો ઝિક્ર થાય છે તેમાં આલે મોહમ્મદ (અ.મુ.) ની ઉપર પડેલ મુસીબત અને બલાને બયાન કરવામાં આવે છે અને પછી બન્ને હઝરત ખુબજ રડવા લાગે છે.

બીજી એક રિવાયતમાં ઇબ્ને અબ્બાસ કહે છે હું ઝીકાર નામની જગ્યા ઉપર ઈમામ અલી (અ.સ.) ની ખિદમતમાં પહોંચ્યો ત્યારે ઈમામ (અ.સ.) એ એક કિતાબ ખોલી જે રસુલે ખુદા (સ.અ.વ.) ના ફરમાવ્યા મુજબ ઈમામે અલી (અ.સ.) એ પોતાના હાથે

લખી હતી અને તે કિતાબમાંથી ઈમામ (અ.સ.) એ મને અમુક વાતો કહી. તે કિતાબમાં ઈમામે હુસૈન (અ.સ.) ના મસાએબ (મકતલ) હતા તે મારી સામે બયાન કર્યા કે ઈમામ હુસૈન (અ.સ.) કેવી રીતે શહીદ થશે, કોણ શહીદ કરશે, કોણ ઈમામની મદદ કરશે, અને ઈમામની સાથે કોણ કોણ શહીદ થશે, અને પછી ઈમામ અલી (અ.સ.) ખુબજ સખ્ત રીતે રડવા લાગ્યા અને હું પણ રડવા લાગ્યો.

## ૪. એકબીજાને પૂરસો આપવો.

ઈમામ (અ.સ.) ની મુસિબતનો પુરસો એકબીજાને આપો, પુરસો આપવા માટે નિચે મુજબ કહે :

**أَعْظَمَ اللهُ أُجُورَنَا بِمُصَابِنَا بِالْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ وَ جَعَلَنَا وَ إِيَّاكُمْ مِنَ الطَّالِبِيْنَ بِثَارِهِ مَعَ وَلِيِّهِ الْإِمَامِ الْمَهْدِيِّ مِنْ آلِ مُحَمَّدٍ عَلَيْهِمُ السَّلَامُ**

"ઈમામે હુસૈન (અ.સ.) ની શહાદતના કારણે આપણા વ્યથીત થવા ઉપર અલ્લાહ આપણા અજ્રમાં વધારો કરે, અલ્લાહ અમોને અને તમોને આલે મોહમ્મદ (અ.મુ.સ.) માંથી તેમના વલી હઝરત ઈમામ મહેદી (અ.ત.ફ.શ.) ની સાથે આપ (અ.સ.) ના ખુનનો બદલો લેનારા લોકોમાં આપણો શુમાર કરે."

## ૫. નકામી વાતો અને હસી મજાકથી પરહેઝ

આજના દિવસે રમત-ગમત અને નકામી બાબતો તેમજ હસી-મજાકથીથી દૂર રહે,

## ૬. શોહદાના મકતલની મજલીસ બરપા કરે.

જરૂરી છે કે આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ના મકતલની (આપ અ.સ.ની શહાદતના અને દિગર શોહદાની શહાદતનું બયાનની) મજલીસનું આયોજન કરે અને શહાદતના બનાવને મકતલમાં પઢે. પોતે રડે અને બીજાઓને રડાવે. રિવાયતમાં છે કે જ્યારે હઝરત મૂસા (અ.સ.) હઝરત ખિઝ (અ.સ.)ની મુલાકાત કરવા અને તેમની

પાસે તઅલીમ લેવા જવાનો હુક્મ આપવામાં આવ્યો તો સૌથી પહેલી વાત કે જેના વિષે તેઓની દરમ્યાન વાતચીત થઇ તે એ હતી કે હઝરત ખિઝ્ર (અ.સ.) એ હઝરત મૂસા (અ.સ.)ની સામે એ મસાએબનો ઉલ્લેખ કર્યો કે જે આલે મોહંમદ (અ.મુ.સ.) ની ઉપર પડવાના હતા. પછી તે બુઝુર્ગવારોએ તે મસાએબ ઉપર ખુબજ રડ્યા.

ઈબ્ને અબ્બાસથી રિવાયત નક્લ થઈ છે કે, "હું ઝિકાર નામની જગ્યાએ હઝરત અમીરલ મોઅમેનીનની ખિદમતમાં ગયો તો આપ (અ.સ.) એ એક નાની કિતાબ કાઢી જે આપ (અ.સ.) એ પોતે લખી હતી કે જેને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ લખાવી હતી તેનો થોડો હિસ્સો મારી સામે વાંચ્યો. તેમા ઈમામ હુસૈન (અસ.) ની શહાદતનો ઉલ્લેખ હતો. કેવી રીતે થશે, કોણ આપ (અ.સ.)ને શહીદ કરશે, કોણ આપ (અ.સ.)ની મદદ કરશે અને કોણ આપ (અ.સ.) ની આપની સાથે આપના લશ્કરમાં રહીને લડતા લડતા શહીદ થશે. આ ઝિક્ર વાંચીને હઝરત અમીરલ મોઅમેનીન (અ.સ.) ખૂબ રડ્યા અને મને પણ ખૂબ રડાવ્યો.

## ૭. બરકતનો દિવસ ન ગણે અને દૂન્યવી કામોથી દૂર રહે.

બની ઉમય્યાહ (લ.અ.) આ દિવસને બરકતવાળો ગણીને આશૂરના દિવસે પુરા વર્ષની ખરીદી કરતા હતા, એટલે ઈમામ રઝા (અ.સ.) થી રિવાયત છે કે જેમાં ઈમામ (અ.સ.) ફરમાવે છે અગર કોઈ આજના દિવસે દુનિયાની જરૂરતો અને કાર્યોને છોડી દે તો અલ્લાહ તઆલા તેની દુનિયા અને આખેરતની હાજતો પૂરી કરશે; જે કોઈ પણ આશુરના દિવસને ગમનો દિવસ મનાવશે અને ગિર્યા વ જારી કરશે તો અલ્લાહ તઆલા તેના કયામતના દિવસને ખુશીનો દિવસ બનાવશે અને તેને ખુશહાલ કરશે અને જન્નતમાં તે અમારી ઝિયારત કરી પોતાની આંખોને નુરાની બનાવશે; અને જે કોઈ પણ આશુરાના દિવસને બરકતનો દિવસ સમજશે અને આજના દિવસે પોતાના ઘરની માટે વસ્તુઓ ખરીદીને ભેગી કરશે તો અલ્લાહ તઆલા તેની આ ભેગી કરેલી વસ્તુમાં બરકત આપશે નહી અને કયામતના દિવસે યઝીદ (લ.), ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ (લ.), અને ઉમર ઇબ્ને સઅદ (લ.) ની સાથે મેહ્શુર કરશે. તો દરેકે કોશિશ કરવી જોઈએ કે આશુરના દિવસે દુનિયાને લગતા કોઈ પણ કામકાજને અંજામ ન આપે. આશુરાના દિવસે ઘરમાં ભેગી કરવા માટે કોઈ પણ વસ્તુની ખરીદી ન કરે.

## ૮. લોકોને પાણી પીવરાવે

અગર કોઈ આ દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ની કબ્રે મુબારક પાસે રહે અને લોકોને પાણી પીવરાવે તો ઈમામ હુસૈન (અ.સ.) ના લશ્કરને પાણી પીવરાવ્યા બરાબર છે અને તે ઈમામ હુસૈન (અ.સ.) ની સાથે કરબલાના મૈદાનમાં હોય તેની બરાબર છે.

## ૯. આપ (અ.સ.)ના મસાએબ યાદ આવે ત્યારે

જ્યારે પણ ઈમામ હુસૈન (અ.સ.)ના મસાએબને યાદ આવે ત્યારે આ મુજબનો ઝીક્ર પઢે.

يَا لَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ فَأَفُوْزَ فَوْزًا عَظِيْمًا

અય કાશ કે હું તેઓની સાથે હોત તો હું પણ મહાન સફળતાને પામતે કે જેવી સફળતા પામવી જોઇએ.

## ૧૦. એક હજાર (૧૦૦૦) વખત સૂરએ તૌહીદ પઢે

આજના દિવસે એક હજાર વખત સૂરએ તૌહીદ પઢવાનો ખુબજ વધારે સવાબ છે અને ઈમામ સાદિક (અ.સ.) થી રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા તેની તરફ રહમતની નઝર કરશે, અને જેની તરફ અલ્લાહ રહમતની નઝર કરશે તેની ઉપર ક્યારેય અઝાબ નહિ કરે.

## ૧૧. ૧૦૦૦ વખત લઅનત મોકલવી

એક હજાર વખત (૧૦૦૦) વખત ઈમામ હુસૈન (અ.સ.) ના કાતિલો ઉપર લઅનત કરે :

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

યા અલ્લાહ, ઈમામ હુસૈન (અ.સ.) ના કાતિલો ઉપર લઅનત મોકલ.

## ૧૨. ઇમામ હુસૈન (અ.સ.) ની આશૂરાના દિવસની દોઆ

اَللّٰهُمَّ أَنْتَ مُتَعَالِي الْمَكَانِ عَظِيْمُ الْجَبَرُوْتِ شَدِيْدُ الْمِحَالِ غَنِيٌّ عَنِ الْخَلَائِقِ عَرِيْضُ الْكِبْرِيَاءِ قَادِرٌ عَلَى مَا تَشَاءُ قَرِيْبُ الرَّحْمَةِ صَادِقُ الْوَعْدِ سَابِغُ النِّعْمَةِ حَسَنُ الْبَلَاءِ قَرِيْبٌ إِذَا دُعِيْتَ مُحِيْطٌ بِمَا خَلَقْتَ قَابِلُ التَّوْبَةِ لِمَنْ تَابَ إِلَيْكَ قَادِرٌ عَلَى مَا أَرَدْتَ وَ مُدْرِكٌ مَا طَلَبْتَ وَ شَكُوْرٌ إِذَا شُكِرْتَ وَ ذَكُوْرٌ إِذَا ذُكِرْتَ أَدْعُوْكَ مُحْتَاجًا وَ أَرْغَبُ إِلَيْكَ فَقِيْراً وَ أَفْزَعُ إِلَيْكَ خَائِفاً وَ أَبْكِي إِلَيْكَ مَكْرُوْبًا وَ أَسْتَعِيْنُ بِكَ ضَعِيْفاً وَ أَتَوَكَّلُ عَلَيْكَ كَافِياً اُحْكُمْ بَيْنَنَا وَ بَيْنَ قَوْمِنَا بِالْحَقِّ فَإِنَّهُمْ غَرُّوْنَا وَ خَدَعُوْنَا وَ خَذَلُوْنَا وَ غَدَرُوْا بِنَا وَ قَتَلُوْنَا وَ نَحْنُ عِتْرَةُ نَبِيِّكَ وَ وَلَدُ حَبِيْبِكَ مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ الَّذِي اصْطَفَيْتَهُ بِالرِّسَالَةِ وَ ائْتَمَنْتَهُ عَلَى وَحْيِكَ فَاجْعَلْ لَنَا مِنْ أَمْرِنَا فَرَجاً وَ مَخْرَجاً بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ

## ૧૩. ચાશ્તના સમયે આશૂરા નો અમલ

અબ્દુલ્લાહ બિન સેનાન, ઈમામ સાદીક (અ.સ.) થી રિવાયત નકલ કરે છે કે આશૂરાના દિવસે આ અમલ બેહતરીન અમલ છે કે જે હજ્જ અને ઉમરાહ કરતા પણ અફ્ઝલ (બેહતર) છે; જે કોઈ આ અમલ બજાવી લાવે તો અલ્લાહ તેને દસ ખસ્લતો અતા કરશે કે જેમાંથી આ પણ છે કે તે ખરાબ મૌતથી બચી જશે, તેના મારવા સુધી તેનો દુશ્મન તેના ઉપર ફાવી નહિ શકે, અલ્લાહ તેને અણગમતી બાબતો અને ફકીરીથી દૂર રાખશે; તેને કોઢ, રક્તપિત અને ગાંડપણ જેવી બિમારીઓથી બચાવશે, અને તેની ચાર પેઢીઓ સુધીની નસ્લને પણ આ બિમારીઓથી બચાવશે; શયતાન તથા તેના સાથીઓ તેને નુકશાન નહિ પહોંચાડી શકે.

તે આ અમલ છે કે પાક-પાકીઝા કપડા પહેરે, કબાના બંધન ખોલી નાખે, મુસીબતમાં

ગિરફ્તાર લોકોની જેમ આસ્તીનો (બાંયો) ને કોણીઓ સુધી ચડાવે, આવી હાલત બનાવીને એવી જગ્યા પર જાય કે કોઈ તમને ત્યાં જુએ નહિ અથવા પોતાના એવા મકાનમાં જાય કે જ્યાં કોઈ રેહતું ન હોય, અથવા એવી જગ્યા ઉપર જ્યાં ખલ્વત અથવા એકલો હોય; જયારે ચાશ્તનો સમય થાય અને દિવસ ઉગી જાય ત્યારે ચાર રકઆત નમાઝ બજાવી લાવે :

બે-બે રકઆત કરીને ચાર રકઆત નમાઝ બજાવી લાવે

પહેલી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ કાફેરૂન

બીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ તૌહીદ

ત્રીજી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ અહ્ઝાબ (સૂરા નંબર ૩૩)

ચોથી રકઆતમાં સૂરએ અલ્હમ્દ પછી સૂરએ મુનાફેકૂન (સૂરા નંબર ૬૩)

(અગર સૂરા યાદ ન હોય તો કોઈ પણ બીજા સૂરા પઢી શકે છે)

ત્યારબાદ પોતાનુ મોઢું (રૂખ) ઈમામ હુસૈન (અ.સ.) ના રોઝા મુબારક તરફ કરે અને ઉભા રહીને ઈમામ હુસૈન (અ.સ.)ને અને તેમની ઔલાદ અને તેમના વફાદાર સાથીઓને યાદ કરે. અને તેમની ઉપર સલામ કરે અને સલવાત મોકલે. ત્યાર પછી શોહ્દાએ કરબલા (અ.સ.) ના કાતિલો ઉપર લઅનત મોકલે અને તે કાતિલોના કાર્યોથી બેઝારી અને દૂરી ઈખ્તેયાર કરે, અને આનો અજર એ છે કે અલ્લાહ તેને જન્નતમાં ઉચ્ચ દરજ્જાઓ અતા કરશે અને બુરાઈઓને તેનાથી દૂર રાખશે.

اَللّٰهُمَّ الْعَنْ قَتَلَةَ الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ

તરજુમો : અય અલ્લાહ, ઈમામ હુસૈન (અ.સ.) ના કાતિલો ઉપર લઅનત મોકલ

ત્યારબાદ ગમગીન, દિલગીર અને રંજીદા હાલતમાં સાત વખત ધીમે ધીમે આગળ ચાલે અને પછી ધીમે ધીમે પાછળ આવે અને આ મુજબ પઢતા રહે :

إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُوْنَ رِضًا بِقَضَاءِهٖ وَتَسْلِيْمًا لِأَمْرِهٖ .

તરજુમો : બેશક અલ્લાહ અમારો માલિક છે અને બેશક અમે અલ્લાહ પાસે પાછા જવાના છીએ, અને અમે  અલ્લાહની કઝા ઉપર રાઝી છીએ, અને તેના હુકમોને કબુલ કરીએ છીએ.

ત્યારબાદ જે જગ્યા ઉપરથી નમાઝ પઢી હતી ત્યાં પાછા આવી ઉભા રહે અને સિત્તેર વખત કહે :

اَللّٰهُمَّ عَذِّبِ الْفَجَرَةَ الَّذِيْنَ شَاقُّوْا رُسُوْلَكَ وَ حَارَبُوْا أَوْلِيَاءَكَ وَ عَبَدُوْا غَيْرَكَ وَ اسْتَحَلُّوْا مَحَارِمَكَ وَ الْعَنِ الْقَادَةَ وَ الْأَتْبَاعَ وَ مَنْ كَانَ مِنْهُمْ فَخَبَّ وَ أَوْضَعَ مَعَهُمْ أَوْ رَضِيَ بِفِعْلِهِمْ لَعْنًا كَثِيْرًا

તરજુમો : યા અલ્લાહ ! અઝાબ નાઝિલ કર એ બદકાર લોકો ઉપર જેઓ તારા નબી (સ.અ.વ.) ની વિરુધ્ધ થયા અને તેની સાથે લડાઈ કરી, અને તારા સિવાય બીજાઓની ઈબાદત કરી, અને તે હરામ કરેલી બાબતોને હલાલ સમજી. અને લઅનત કર તેઓના સરદારો ઉપર તથા તેઓની પેયરવી કરનારા ઉપર, અને તેના સાથીઓ ઉપર, અને તેઓના કાર્યોથી રાઝી થનાર ઉપર, તેઓ બધાની ઉપર બેશુમાર લઅનત થાય.

**ત્યાર પછી આ દુઆ પઢે :**

اَللّٰهُمَّ وَ عَجِّلْ فَرَجَ آلِ مُحَمَّدٍ وَ اجْعَلْ صَلَوَاتِكَ عَلَيْهِ وَ عَلَيْهِمْ وَ اسْتَنْقِذْهُمْ مِنْ أَيْدِي الْمُنَافِقِيْنَ الْمُضِلِّينَ وَ الْكَفَرَةِ الْجَاحِدِينَ وَ افْتَحْ لَهُمْ فَتْحاً يَسِيراً وَ أَتِحْ لَهُمْ رَوْحاً وَ فَرَجاً قَرِيباً وَ اجْعَلْ لَهُمْ مِنْ لَدُنْكَ عَلَى عَدُوِّكَ وَ عَدُوِّهِمْ سُلْطَاناً نَصِيراً.

યા અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની આલમાંથી ઈમામે મહદી (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી કર, અને અલ્લાહની રહમત નાઝિલ કર તેમની (હઝરત મોહમ્મદ સ.અ.વ.) ઉપર અને તેમની ઔલાદ ઉપર, અને તેઓને મુનાફીકોથી, કાફીરોથી તથા જાણી જોઈને ઈન્કાર કરનારાઓના પંજાથી છુટકારો આપ. અને તેઓને આસન ફત્હ (જીત) અતા કર. અને તારા દુશ્મનો ઉપર તથા તેમના દુશ્મનો ઉપર તારા તરફથી તેઓની માટે બેહતરીન જીત અતા કર.

ત્યાર પછી મોહમ્મદ વ આલે મોહમ્મદ (અ.મુ.) ના તમામ દુશ્મનોને ધ્યાનમાં રાખીને નીચે મુજબ પઢે :

اَللّٰهُمَّ إِنَّ كَثِيْرًا مِنَ الْأُمَّةِ نَاصَبَتِ الْمُسْتَحْفَظِيْنَ مِنَ الْأَئِمَّةِ وَ كَفَرَتْ بِالْكَلِمَةِ وَ عَكَفَتْ عَلَى الْقَادَةِ الظَّلَمَةِ وَ هَجَرَتِ الْكِتَابَ وَ السُّنَّةَ وَ عَدَلَتْ عَنِ الْحَبْلَيْنِ اللَّذَيْنِ أَمَرْتَ بِطَاعَتِهِمَا وَ التَّمَسُّكِ بِهِمَا فَأَمَاتَتِ الْحَقَّ وَ حَادَتْ عَنِ الْقَصْدِ وَ مَالَأَتِ الْأَحْزَابَ وَ حَرَّفَتِ الْكِتَابَ وَ كَفَرَتْ بِالْحَقِّ لَمَّا جَاءَهَا وَ تَمَسَّكَتْ بِالْبَاطِلِ لَمَّا اعْتَرَضَهَا وَ ضَيَّعَتْ حَقَّكَ وَ أَضَلَّتْ خَلْقَكَ وَ قَتَلَتْ أَوْلَادَ نَبِيِّكَ وَ خِيَرَةَ عِبَادِكَ وَ حَمَلَةَ عِلْمِكَ وَ وَرَثَةَ حِكْمَتِكَ وَ وَحْيِكَ، اَللّٰهُمَّ فَزَلْزِلْ أَقْدَامَ أَعْدَائِكَ وَ أَعْدَاءِ رَسُوْلِكَ وَ أَهْلَ بَيْتِ رَسُوْلِكَ، اَللّٰهُمَّ وَ أَخْرِبْ دِيَارَهُمْ وَ افْلُلْ سِلَاحَهُمْ، وَ خَالِفْ بَيْنَ كَلِمَتِهِمْ وَ فُتَّ فِيْ أَعْضَادِهِمْ وَ أَوْهِنْ كَيْدَهُمْ وَ اضْرِبْهُمْ بِسَيْفِكَ الْقَاطِعِ وَ ارْمِهِمْ بِحَجَرِكَ الدَّامِغِ وَ طُمَّهُمْ بِالْبَلَاءِ طَمًّا وَ غُمَّهُمْ بِالْعَذَابِ غَمًّا وَ عَذِّبْهُمْ عَذَابًا نُكْرًا وَ خُذْهُمْ بِالسِّنِيْنَ وَ الْمَثُلَاتِ الَّتِيْ أَهْلَكْتَ بِهَا أَعْدَاءَكَ إِنَّكَ ذُوْ نِقْمَةٍ مِنَ الْمُجْرِمِيْنَ، اَللّٰهُمَّ إِنَّ سُنَّتَكَ ضَائِعَةٌ وَ أَحْكَامَكَ مُعَطَّلَةٌ وَ عِتْرَةَ نَبِيِّكَ فِي الْأَرْضِ هَائِمَةٌ، اَللّٰهُمَّ فَأَعِنِ الْحَقَّ وَ أَهْلَهُ وَ اقْمَعِ الْبَاطِلَ وَ أَهْلَهُ وَ مُنَّ عَلَيْنَا بِالنَّجَاةِ وَ اهْدِنَا إِلَى الْإِيْمَانِ وَ عَجِّلْ فَرَجَنَا وَ انْظِمْهُ بِفَرَجِ أَوْلِيَائِكَ وَ اجْعَلْهُمْ لَنَا وُدًّا وَ اجْعَلْنَا لَهُمْ وَفْدًا، اَللّٰهُمَّ وَ أَهْلِكْ مَنْ

جَعَلَ يَوْمَ قَتْلِ ابْنِ نَبِيِّكَ وَ خِيَرَتِكَ عِيْدًا وَ اسْتَهَلَّ بِهِ فَرَحًا وَ مَرَحًا وَ خُذْ آخِرَهُمْ كَمَا أَخَذْتَ أَوَّلَهُمْ وَ ضَاعِفِ اَللّٰهُمَّ الْعَذَابَ وَ التَّنْكِيْلَ عَلٰى ظَالِمِيْ أَهْلِ بَيْتِ نَبِيِّكَ، وَ أَهْلِكْ أَشْيَاعَهُمْ وَ قَادَتَهُمْ، وَ أَبِرْ حُمَاتَهُمْ وَ جَمَاعَتَهُمْ. اَللّٰهُمَّ وَ ضَاعِفْ صَلَوَاتِكَ وَ رَحْمَتَكَ وَ بَرَكَاتِكَ عَلٰى عِتْرَةِ نَبِيِّكَ الْعِتْرَةِ الضَّائِعَةِ الْخَائِفَةِ الْمُسْتَذَلَّةِ بَقِيَّةِ الشَّجَرَةِ الطَّيِّبَةِ الزَّاكِيَةِ الْمُبَارَكَةِ، وَ أَعْلِ اللّٰهُمَّ كَلِمَتَهُمْ وَ أَفْلِجْ حُجَّتَهُمْ وَ اكْشِفِ الْبَلَاءَ وَ اللَّأْوَاءَ وَ حَنَادِسَ الْأَبَاطِيْلِ وَ الْعَمٰى عَنْهُمْ، وَ ثَبِّتْ قُلُوْبَ شِيْعَتِهِمْ وَ حِزْبِكَ عَلٰى طَاعَتِهِمْ وَ وَلَايَتِهِمْ وَ نُصْرَتِهِمْ وَ مُوَالَاتِهِمْ وَ أَعِنْهُمْ وَ امْنَحْهُمُ الصَّبْرَ عَلَى الْأَذٰى فِيْكَ وَ اجْعَلْ لَهُمْ أَيَّامًا مَشْهُوْدَةً وَ أَوْقَاتًا مَحْمُوْدَةً مَسْعُوْدَةً تُوْشِكُ فِيْهَا فَرَجَهُمْ وَ تُوْجِبُ فِيْهَا تَمْكِيْنَهُمْ وَ نَصْرَهُمْ كَمَا ضَمِنْتَ لِأَوْلِيَائِكَ فِيْ كِتَابِكَ الْمُنْزَلِ فَإِنَّكَ قُلْتَ وَ قَوْلُكَ الْحَقُّ: وَعَدَ اللّٰهُ الَّذِيْنَ آمَنُوْا مِنْكُمْ وَ عَمِلُوْا الصَّالِحَاتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِيْ الْأَرْضِ كَمَا اسْتَخْلَفَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ وَ لَيُمَكِّنَنَّ لَهُمْ دِيْنَهُمُ الَّذِيْ ارْتَضٰى لَهُمْ وَ لَيُبَدِّلَنَّهُمْ مِنْ بَعْدِ خَوْفِهِمْ أَمْنًا يَعْبُدُوْنَنِيْ لَا يُشْرِكُوْنَ بِيْ شَيْئًا.

اَللّٰهُمَّ فَاكْشِفْ غُمَّتَهُمْ يَا مَنْ لَا يَمْلِكُ كَشْفَ الضُّرِّ إِلَّا هُوَ يَا وَاحِدُ يَا أَحَدُ يَا حَيُّ يَا قَيُّوْمُ وَ أَنَا يَا إِلٰهِيْ عَبْدُكَ الْخَائِفُ مِنْكَ وَ الرَّاجِعُ

إِلَيْكَ السَّائِلُ لَكَ الْمُقْبِلُ عَلَيْكَ اللَّاجِئُ إِلىٰ فِنَائِكَ الْعَالِمُ بِأَنَّهُ لَا مَلْجَأَ مِنْكَ إِلَّا إِلَيْكَ. اَللّٰهُمَّ فَتَقَبَّلْ دُعَائِيْ وَ اسْمَعْ نِدَائِيْ يَا إِلٰهِيْ وَ عَلَانِيَتِيْ وَ نَجْوَايَ وَ اجْعَلْنِيْ مِمَّنْ رَضِيْتَ عَمَلَهُ وَ قَبِلْتَ نُسُكَهُ وَ نَجَّيْتَهُ بِرَحْمَتِكَ إِنَّكَ أَنْتَ الْعَزِيْزُ الْكَرِيْمُ. اَللّٰهُمَّ وَ صَلِّ أَوَّلًا وَ آخِرًا عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ بَارِكْ عَلىٰ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ ارْحَمْ مُحَمَّدًا وَ آلَ مُحَمَّدٍ بِأَكْمَلِ وَ أَفْضَلِ مَا صَلَّيْتَ وَ بَارَكْتَ وَ تَرَحَّمْتَ عَلىٰ أَنْبِيَائِكَ وَ رُسُلِكَ وَ مَلَائِكَتِكَ وَ حَمَلَةِ عَرْشِكَ بِلَا إِلٰهَ إِلَّا أَنْتَ. اَللّٰهُمَّ وَ لَا تُفَرِّقْ بَيْنِيْ وَ بَيْنَ مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ صَلَوَاتُكَ عَلَيْهِ وَ عَلَيْهِمْ. وَ اجْعَلْنِيْ يَا مَوْلَايَ مِنْ شِيْعَةِ مُحَمَّدٍ وَ عَلِيٍّ وَ فَاطِمَةَ وَ الْحَسَنِ وَ الْحُسَيْنِ وَ ذُرِّيَّتِهِمُ الطَّاهِرَةِ الْمُنْتَجَبَةِ. وَ هَبْ لِيَ التَّمَسُّكَ بِحُبِّهِمْ وَ الرِّضَا بِسَبِيْلِهِمْ وَ الْأَخْذَ بِطَرِيْقَتِهِمْ إِنَّكَ جَوَادٌ كَرِيْمٌ.

તરજુમો : યા અલ્લાહ ! આ ઉમ્મતના ઘણા બધા લોકો હિફાઝત કરનાર ઈમામોના દુશ્મન બની ગયા છે, અને કલમએ હકકના મુન્કીર બની ગયા છે, અને ઝાલિમો તથા સિતમગરો તરફ રૂખ કર્યું છે, અને તેઓએ કુરઆન અને સુન્નતને છોડી દીધું છે અને મોઢું ફેરવી લીધું છે અને સીધા રસ્તાથી ફરી ગયા, અને મોટા ટોળાઓની મદદ કરી અને કિતાબમાં ફેરફાર કર્યો; જયારે હકક તેમની પાસે આવ્યુ તો તે હકકનો ઈનકાર કર્યો, અને જયારે બાતિલ તેમની પાસે આવ્યુ તો અપનાવી લીધું, અને તારા હકકને બરબાદ કર્યું અને તારી મખલુકને ગુમરાહ કરી, અને તારા નબીની ઔલાદ, અને તારા પસંદ કરેલા બંદાઓને, અને તારા ઈલ્મને રાખનાર તારી હિકમત તથા વહીના વારીસોને કત્લ કર્યા. યા અલ્લાહ ! તું તારા દુશ્મનો અને તારા નબીના દુશ્મનોને, અને તારા નબીના

અહલેબય્તના દુશ્મનોના અનુયાયીઓને ધ્રુજાવી દે. યા અલ્લાહ ! અને તેમના દુશ્મનોના ઘરોને બરબાદ કરી નાખ, અને તેમના દુશ્મનોના હથિયારોને નાકામ બનાવી દે, અને તેમના દુશ્મનોની વાતોમાં મતભેદ પડાવી દે, અને તેમના દુશ્મનોના હાથોને નબળા કરી દે, અને તેમના દુશ્મનોની કપતોને સુસ્ત કરી દે, અને તેમના દુશ્મનોના માથા ઉપર તારી ચીરી નાખનાર તલવારથી વાર કર, અને તારા તોડી નાખનાર પથ્થરો એમના ઉપર વરસાવ. અને તેમના દુશ્મનોને બલાઓમાં ગિરફ્તાર કર, અને તારા અઝાબથી તેઓને સાફ્ કરી નાખ, અને તેઓને સખ્ત અઝાબ કર, અને તેઓને દુકાળમાં ગિરફ્તાર કર, અને તે અઝાબમાં ગિરફ્તાર કર કે જે તે તારા દુશ્મનોને આપ્યો. બેશક તું ઝાલિમોથી બદલો લેનાર છે.

યા અલ્લાહ ! સુન્નતો બરબાદ થઈ રહી છે, અને તારા એહ્કામો ઉપર પાલન નથી થતું, અને તારા નબીની ઔલાદ પુથ્વી ઉપર હેરાન પરેશાન છે. યા અલ્લાહ ! હક્ક અને હક્કવાળાઓની મદદ કર, અને બાતિલ તથા બાતિલ વાળાઓને બરબાદ કર, અમને છુટકારો આપી અમારી ઉપર એહસાન કર. અને ઈમાનની તરફ્ અમારી હિદાયત કર.

યા અલ્લાહ ! તું એ લોકોને હલાક કર કે જેઓએ તારા નબીના ફ્રઝંદ અને માનવંત હસ્તીઓના કત્લના દિવસને ઈદનું નામ આપી તેની ઉપર (ખુશીના) નારા લગાડ્યા, એ લોકોના છેલ્લાને પણ એવીજ રીતે અઝાબ કર કે જેવી રીતે એમના પહેલાને અઝાબ કરીશ, બલ્કે તેનાથી પણ બમણો અઝાબ કર. યા અલ્લાહ ! તારા નબીના અહલેબય્ત (અ.મુ.) ઉપર ઝુલ્મો સિતમ કરનારાઓ ઉપર સખ્ત અઝાબ મુકર્રર કર, અને તેઓના મદદગારો અને સરદારોને હલાક કર, અને તેઓની હિમાયત કરનારાઓને તથા તેઓના સમૂહને હલાક કર.

યા અલ્લાહ ! તારી રહમત દુરૂદ અને બરકતોને ઘણી વધારે કરી દે તારા નબીની ઔલાદ ઉપર કે જે શહીદ થયા, તથા તેમની ઉપર પણ કે જે આ પાક અને પાકીઝા નસ્લોમાંથી બાકી છે, જે ભયગ્રસ્ત રહી અને દુનિયાએ તેને અપમાનિત રાખ્યા, અને યા અલ્લાહ ! એમની બોલબાલા (પ્રખ્યાત) કર, અને તેમની હુજ્જતને વિજય અપાવ, અને તેમનાથી બલાઓ, સંકટો, અસત્ય, અંધારાને દુર કર; અને તેમના શીઆઓના દિલોને

મઝબુત કર, અને તેના સમુહને તારી તાબેદારી પર અને તેમની દોસ્તી કાએમ રાખવા પર મઝબુત રાખ, અને તેઓની મદદ કર અને તારી રાહમાં મુસીબતો ઉપાડવા પર સબ્રની શકિત આપ; અને તેઓ માટે એવા દિવસો અને નેકીવાળા સારા સમય કરાર આપ કે જેમાં તું તેઓની સફળતાને તેઓથી સમીપ કરી દે, અને જે સમયે તેઓની કુદરત અને તેઓની મદદ અને સહાયતાને વાજિબ કરાર આપ, જેમકે તું પોતાના મિત્રો માટે પોતાની મોકલેલી કિતાબમાં ઝામીન બની ચુક્યો છે, અને બેશક તે આ ફરમાવ્યું છે કે અને તારો આ બોલ સત્ય છે, " અય ઈમાનદારો ! તમારામાંથી જે લોકો ઈમાન લઈ આવ્યા અને સારા સારા કાર્યો કર્યા તેમનાથી અલ્લાહે વાયદો કર્યો છે કે તેઓને ઝમીન ઉપર જરૂર પોતાના નાએબ બનાવશે, જેવી રીતે એ લોકોને નાએબ બનાવ્યા જે તેઓથી પહેલે થઈ ગયા છે, અને જે દીનને તેણે તેઓ માટે પસંદ કર્યો છે, તે (ઇસ્લામ) ના પર તેમને ઝરૂર પુરેપુરી શકિત આપશે અને તેઓના ભયગ્રસ્ત થવા પછી (તેઓની ઉદાસીને) શાંતિમાં ફેરવી નાખશે કે તેઓ શાંતિપૂર્વક મારી જ ઈબાદત કરશે અને બીજાને શરીક નહી બનાવે"

યા અલ્લાહ, તેઓના ગમને દુર કરી દે, અય એ કે જેના સિવાય તેઓના દુ:ખને દુર કરનાર બીજું કોઈ નથી; અય એકમાત્ર, અય એક, અય જીવંત, અય હંમેશા રેહનાર, યા અલ્લાહ ! હું તો તારો એ બંદો છું જે ભય પામેલો છું, તારી અને તારી જ તરફ આવનાર છું, હું તારાથી જ સવાલ કરનારો છું, અને તારી પ્રત્યે રૂખ કરનારો છું, અને તારી બારગાહમાં તારો જ આશ્રય શોધનારો છું. હું ખુબ જાણું છું કે તારાથી પનાહ નથી સિવાય તારી તરફ. યા અલ્લાહ ! હવે તો મારી દુઆને કબુલ કરી લે. અને અય અલ્લાહ ! તું મારી દુઆઓને અને મુનાજાતોને સાંભળી લે. અને અમને એ લોકોમાં શામિલ કર કે જેના કાર્યથી તું રાજી થયો અને જેની ઈબાદતને તે કબુલ કરી લીધી છે અને તેઓને પોતાની રહમતથી નજાત આપી છે; બેશક તું જ સત્તાવન અને ખુબજ મહાન છો.

અય અલ્લાહ ! હંમેશા સલવાત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ ઉપર, અને બરકત મોકલ હઝરત મોહમ્મદ

(સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ ઉપર, અને રહમત મોકલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ ઉપર, સંપૂર્ણ અને શ્રેષ્ઠ એના જેવી કે તે સલવાત મોકલી, બરકત નાઝિલ કરી, અને રહમત મોકલી તારા નબીઓ, રસૂલો, ફરિશ્તાઓ, અને તારા અર્શ ઉપાડનારાઓ ઉપર, "લા ઈલાહા ઈલ્લલ્લાહ"ના વાસ્તાથી, અય અલ્લાહ ! તું મારી અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ વચ્ચે અંતરાય ન નાખ. અને મારા મોલા ! તું મને હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના, હઝરત અલી (અ.સ.) ના અને જનાબે ફાતેમા (સ.અ.) ના અને ઈમામ હસન (અ.સ.) ના અને ઈમામ હુસૈન (અ.સ.) ના અને તેમની પાક પાકીઝા અને માનવંત ઔલાદના શીઆઓમાં અમને શામિલ કરી દે, અને તેમની મહોબ્બતથી વળગી રેહવા અને તેમની સીરત ઉપર રાજી રેહવા અને તેમના તરીકાને ઈખ્તેયાર કરવાની તોફીક આપ. બેશક તું જ બખ્શીશ કરવાવાળો અને કરીમ છો.

ત્યાર પછી સજદામાં જાય પોતાના ગાલને માટી ઉપર રાખે અને કહે :

**يَا مَنْ يَحْكُمُ بِمَا يَشَاءُ وَ يَعْمَلُ مَا يُرِيْدُ، أَنْتَ حَكَمْتَ فِيْ أَهْلِ بَيْتِ مُحَمَّدٍ مَا حَكَمْتَ، فَلَكَ الْحَمْدُ مَحْمُوْدًا مَشْكُوْرًا، وَ عَجِّلْ فَرَجَهُمْ وَ فَرَجَنَا بِهِمْ، فَإِنَّكَ ضَمِنْتَ إِعْزَازَهُمْ بَعْدَ الذِّلَّةِ، وَ تَكْثِيْرَهُمْ بَعْدَ الْقِلَّةِ، وَ إِظْهَارَهُمْ بَعْدَ الْخُمُوْلِ، يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ.**

**أَسْأَلُكَ يَا إِلٰهِيْ وَ سَيِّدِيْ بِجُوْدِكَ وَ كَرَمِكَ أَنْ تُبَلِّغَنِيْ أَمَلِيْ وَ تَشْكُرَ قَلِيْلَ عَمَلِيْ، وَ أَنْ تَزِيْدَ فِيْ أَيَّامِيْ، وَ تُبَلِّغَنِيْ ذٰلِكَ الْمَشْهَدَ، وَ تَجْعَلَنِيْ مِنَ الَّذِيْنَ دُعِيَ فَأَجَابَ إِلٰى طَاعَتِهِمْ وَ مُوَالَاتِهِمْ، وَ أَرِنِيْ ذٰلِكَ قَرِيْبًا سَرِيْعًا، إِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.**

અય એ ઝાત કે જે ચાહે છે તેનો હુકમ આપે છે અને એ જે ચાહે છે કરીને રહે છે. અને અલ્લાહે કેટલી સારી તદબીર કરી હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ના અહલેબય્ત (અ.મુ.) માટે, તો ફક્ત અલ્લાહ માટે જ વખાણ છે અને શુક્ર છે. અને ઈમામ મહદી (અ.ત.ફ.શ.) ના ઝુહુરમાં જલ્દી કર અને અહલેબય્તે રસૂલ (અ.મુ.) થકી અમારી મુશ્કીલોને આસાન કર, બેશક તું ઝામીન થયો છે કે તેમના અપમાન પછી તેઓને માનવંત અને ઈઝ્ઝાતદાર બનાવીશ, અને ઓછાપણા પછી તેમની સંખ્યામાં વધારો કરી આપીશ અને તેમની ગુમનામી પછી ઝાહેર કરીશ, અય રહમ કરનારાઓમાં સૌથી વધારે રહમ કરનાર. અય મારા અલ્લાહ ! અને અય મારા સરદાર ! તારી બખ્શીશ અને તારી ઉદારતાના વાસ્તાથી હું તારાથી સવાલ કરૂ છું કે મારી આશાઓ પરી કર, અને મારા બહુજ થોડા અમલને કબૂલ કર, અને મારી ઝીન્દગીના દિવસોને વધારી દે, અને આ શહાદતની જગ્યા ઉપર મને પહોંચાડ. અને મને એવા લોકોમાં શામિલ કરી દે કે જેને તેઓની ઈતાઅત કરવા માટે અને મોહબ્બત માટે પુકારવામાં આવે છે તો તેઓ જવાબ આપીને કબૂલ કરે છે અને ઘણીજ જલ્દીથી તું મને આ વસ્તુઓ દેખાડી દે, બેશક તું દરેક વસ્તુઓ પર સંપૂર્ણ કુદરત ધરાવે છે.

પછી પોતાના માથાને આસમાન તરફ ઉંચું કરે અને કહે :

أَعُوْذُ بِكَ أَنْ أَكُوْنَ مِنَ الَّذِيْنَ لَا يَرْجُوْنَ أَيَّامَكَ فَأَعِذْنِيْ يَا إِلٰهِي
بِرَحْمَتِكَ مِنْ ذٰلِكَ

હું પનાહ માંગું છું, આ વાતથી કે, હું એવા લોકોમાંથી હોઉં કે જે આ દિવસોની આશા નથી રાખતો, તો પનાહ આપ મને આ વાતથી અય મારા અલ્લાહ, તારી રહમતના વાસ્તાથી.

## ૧૪. સવારના સમયે પઢવાની દુઆ (દોઆએ અશરાત)

સવારના સમયે ફાકાની હાલતમાં આ દુઆ પઢે :

તમને બન્નેને (હંમેશા) મળતા રહે, અને મારા સલામ તમારા બન્નેથી છુપેલા (અટકેલા) ન હોય, અગર અલ્લાહ ચાહે, અને હું સવાલ કરું છું તમારા બન્નેના હક્કના વાસ્તાથી કે અલ્લાહ તેમજ ચાહે અને તેમજ કરે, કે બેશક તે જ ખુબજ વખણાએલો અને સૌથી વધારે મહાન છે; અય મારા બન્ને સરદારો, હું તમારા બન્નેની રજા લઉં છું, અને સાથે જ અલ્લાહ પાસે તૌબા પણ કરું છું, અને શુક્ર પણ કરું છું અને કબૂલિયતની પણ આશા રાખું છું, હું માયૂસ નથી થયો અને નાઉમ્મીદ પણ નથી થયો, હું પાછો આવવાળો, ફરીથી આવીને તમારા બન્નેની ઝિયારત કરીશ, અને તમારા બન્ને માટે નો લગાવ અને તમારા બન્નેની ઝિયારત નો લગાવ ક્યારેય પણ ઓછો નહિ થાય, બલકે હું પાછો આવીશ અને ફરી આવીશ અગર ખુદા ચાહે, અને અલ્લાહ સિવાય બીજા કોઈ (ની તરફ) થી કુદરત અને તાકત નથી, અય મારા સરદારો, મને તમારા બન્ને પ્રત્યે અને તમારા બન્નેની ઝિયારતથી લગાવ છે ભલે પછી આ દુનિયા વાળાઓ એ તમારાથી મોઢું ફેરવી લીધું અને તમારા બન્નેની ઝિયારત કરવા ન આવ્યા, જે વસ્તુની મેં તમારી ઝિયારતની સાથે ઉમ્મીદ અને આરઝુ રાખી હતી તેમાં અલ્લાહ મને નાઉમ્મીદ ન કરે, બેશક તે ખુબજ નજિક અને ખુબજ વધારે જવાબ દેવા વાળો છે.

## ૧૮. ઝિયારતે નાહિયા (પહેલી ઝિયારત)

ઈમામે ઝમાના (અ.સ.) તરફથી વારિદ થયેલ ઝિયારત કે જે ઝિયારતે નાહિયાના નામથી મશહૂર છે તેમાંની આ ઝિયારત છે ; અલ-મઝાર નામની કિતાબમાં મોહમ્મદ ઈબ્ને જઅફર ઈબ્ને મશહદી (અ.ર.) લખે છે કે આ ઝિયારત ઈમામ (અ.સ.) થી વારિદ થયેલ છે કે ઉભા રહીને નીચે મુજબ પઢે :

**بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلٰى آدَمَ صَفْوَةِ اللّٰهِ مِنْ خَلِيْقَتِهٖ، اَلسَّلَامُ عَلٰى شَيْثٍ وَلِيِّ اللّٰهِ وَ خِيَرَتِهٖ، اَلسَّلَامُ عَلٰى إِدْرِيْسَ الْقَائِمِ لِلّٰهِ بِحُجَّتِهٖ، اَلسَّلَامُ عَلٰى نُوْحٍ الْمُجَابِ فِيْ دَعْوَتِهٖ، اَلسَّلَامُ عَلٰى هُوْدٍ الْمَمْدُوْدِ مِنَ اللّٰهِ بِمَعُوْنَتِهٖ، اَلسَّلَامُ عَلٰى صَالِحٍ الَّذِيْ تَوَّجَهُ اللّٰهُ**

بِكَرَامَتِهِ. اَلسَّلَامُ عَلٰى إِبْرَاهِيمَ الَّذِي حَبَاهُ اللهُ بِخَلَّتِهِ. اَلسَّلَامُ عَلٰى إِسْمَاعِيلَ الَّذِي فَدَاهُ اللهُ بِذِبْحٍ عَظِيمٍ مِنْ جَنَّتِهِ. اَلسَّلَامُ عَلٰى إِسْحَاقَ الَّذِي جَعَلَ اللهُ النُّبُوَّةَ فِي ذُرِّيَّتِهِ. اَلسَّلَامُ عَلٰى يَعْقُوبَ الَّذِي رَدَّ اللهُ عَلَيْهِ بَصَرَهُ بِرَحْمَتِهِ.

اَلسَّلَامُ عَلٰى يُوسُفَ الَّذِي نَجَّاهُ اللهُ مِنَ الْجُبِّ بِعَظَمَتِهِ. اَلسَّلَامُ عَلٰى مُوسَى الَّذِي فَلَقَ اللهُ الْبَحْرَ لَهُ بِقُدْرَتِهِ. اَلسَّلَامُ عَلٰى هَارُونَ الَّذِي خَصَّهُ اللهُ بِنُبُوَّتِهِ. اَلسَّلَامُ عَلٰى شُعَيْبٍ الَّذِي نَصَرَهُ اللهُ عَلٰى أُمَّتِهِ. اَلسَّلَامُ عَلٰى دَاوُدَ الَّذِي تَابَ اللهُ عَلَيْهِ مِنْ خَطِيئَتِهِ. اَلسَّلَامُ عَلٰى سُلَيْمَانَ الَّذِي ذَلَّتْ لَهُ الْجِنُّ بِعِزَّتِهِ. اَلسَّلَامُ عَلٰى أَيُّوبَ الَّذِي شَفَاهُ اللهُ مِنْ عِلَّتِهِ. اَلسَّلَامُ عَلٰى يُونُسَ الَّذِي أَنْجَزَ اللهُ لَهُ مَضْمُونَ عِدَتِهِ. اَلسَّلَامُ عَلٰى عُزَيْرٍ الَّذِي أَحْيَاهُ اللهُ بَعْدَ مَيْتَتِهِ. اَلسَّلَامُ عَلٰى زَكَرِيَّا الصَّابِرِ فِي مِحْنَتِهِ. اَلسَّلَامُ عَلٰى يَحْيَى الَّذِي أَزْلَفَهُ اللهُ بِشَهَادَتِهِ.

اَلسَّلَامُ عَلٰى عِيسٰى رُوحِ اللهِ وَ كَلِمَتِهِ. اَلسَّلَامُ عَلٰى مُحَمَّدٍ حَبِيبِ اللهِ وَ صَفْوَتِهِ. اَلسَّلَامُ عَلٰى أَمِيرِ الْمُؤْمِنِينَ عَلِيِّ بْنِ أَبِي طَالِبٍ. الْمَخْصُوصِ بِأُخُوَّتِهِ. اَلسَّلَامُ عَلٰى فَاطِمَةَ الزَّهْرَاءِ ابْنَتِهِ. اَلسَّلَامُ عَلٰى أَبِي مُحَمَّدٍ الْحَسَنِ وَصِيِّ أَبِيهِ وَ خَلِيفَتِهِ. اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ الَّذِي سَمَحَتْ نَفْسُهُ بِمُهْجَتِهِ. اَلسَّلَامُ عَلٰى مَنْ أَطَاعَ اللهَ فِي سِرِّهِ وَ عَلَانِيَتِهِ.

اَلسَّلَامُ عَلٰى مَنْ جُعِلَ الشِّفَاءُ فِيْ تُرْبَتِهٖ. اَلسَّلَامُ عَلٰى مَنِ الْإِجَابَةُ تَحْتَ قُبَّتِهٖ. اَلسَّلَامُ عَلٰى مَنِ الْأَئِمَّةُ مِنْ ذُرِّيَّتِهٖ.

اَلسَّلَامُ عَلَى ابْنِ خَاتَمِ الْأَنْبِيَاءِ. اَلسَّلَامُ عَلَى ابْنِ سَيِّدِ الْأَوْصِيَاءِ. اَلسَّلَامُ عَلَى ابْنِ فَاطِمَةَ الزَّهْرَاءِ. اَلسَّلَامُ عَلَى ابْنِ خَدِيْجَةَ الْكُبْرٰى. اَلسَّلَامُ عَلَى ابْنِ سِدْرَةِ الْمُنْتَهٰى. اَلسَّلَامُ عَلَى ابْنِ جَنَّةِ الْمَأْوٰى. اَلسَّلَامُ عَلَى ابْنِ زَمْزَمَ وَ الصَّفَا. اَلسَّلَامُ عَلَى الْمُرَمَّلِ بِالدِّمَاءِ. اَلسَّلَامُ عَلٰى مَهْتُوْكِ الْخِبَاءِ. اَلسَّلَامُ عَلٰى خَامِسِ أَصْحَابِ أَهْلِ الْكِسَاءِ. اَلسَّلَامُ عَلٰى غَرِيْبِ الْغُرَبَاءِ. اَلسَّلَامُ عَلٰى شَهِيْدِ الشُّهَدَاءِ. اَلسَّلَامُ عَلٰى قَتِيْلِ الْأَدْعِيَاءِ . اَلسَّلَامُ عَلٰى سَاكِنِ كَرْبَلَاءَ.

اَلسَّلَامُ عَلٰى مَنْ بَكَتْهُ مَلَائِكَةُ السَّمَاءِ. اَلسَّلَامُ عَلٰى مَنْ ذُرِّيَّتُهُ الْأَزْكِيَاءُ. اَلسَّلَامُ عَلٰى يَعْسُوْبِ الدِّيْنِ. اَلسَّلَامُ عَلٰى مَنَازِلِ الْبَرَاهِيْنِ. اَلسَّلَامُ عَلَى الْأَئِمَّةِ السَّادَاتِ. اَلسَّلَامُ عَلَى الْجُيُوْبِ الْمُضَرَّجَاتِ اَلسَّلَامُ عَلَى الشِّفَاهِ الذَّابِلَاتِ. اَلسَّلَامُ عَلَى النُّفُوْسِ الْمُصْطَلَمَاتِ. اَلسَّلَامُ عَلَى الْأَرْوَاحِ الْمُخْتَلَسَاتِ. اَلسَّلَامُ عَلَى الْأَجْسَادِ الْعَارِيَاتِ. اَلسَّلَامُ عَلَى الْجُسُوْمِ الشَّاحِبَاتِ. اَلسَّلَامُ عَلَى الدِّمَاءِ السَّائِلَاتِ. اَلسَّلَامُ عَلَى الْأَعْضَاءِ الْمُقَطَّعَاتِ. اَلسَّلَامُ عَلَى

الرُّءُوْسِ الْمُشَالاتِ، اَلسَّلَامُ عَلَى النِّسْوَةِ الْبَارِزَاتِ.

اَلسَّلَامُ عَلٰى حُجَّةِ رَبِّ الْعَالَمِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلٰى آبَائِكَ الطَّاهِرِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلٰى أَبْنَائِكَ الْمُسْتَشْهَدِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلٰى ذُرِّيَّتِكَ النَّاصِرِيْنَ. اَلسَّلَامُ عَلَيْكَ وَ عَلَى الْمَلَائِكَةِ الْمُضَاجِعِيْنَ، اَلسَّلَامُ عَلَى الْقَتِيْلِ الْمَظْلُوْمِ، اَلسَّلَامُ عَلٰى أَخِيْهِ الْمَسْمُوْمِ، اَلسَّلَامُ عَلٰى عَلِيِّ الْكَبِيْرِ، اَلسَّلَامُ عَلَى الرَّضِيْعِ الصَّغِيْرِ.

اَلسَّلَامُ عَلَى الْأَبْدَانِ السَّلِيْبَةِ، اَلسَّلَامُ عَلَى الْعِتْرَةِ الْقَرِيْبَةِ، اَلسَّلَامُ عَلَى الْمُجَدَّلِيْنَ فِي الْفَلَوَاتِ، اَلسَّلَامُ عَلَى النَّازِحِيْنَ عَنِ الْأَوْطَانِ، اَلسَّلَامُ عَلَى الْمَدْفُوْنِيْنَ بِلَا أَكْفَانٍ، اَلسَّلَامُ عَلَى الرُّءُوْسِ الْمُفَرَّقَةِ عَنِ الْأَبْدَانِ. اَلسَّلَامُ عَلَى الْمُحْتَسِبِ الصَّابِرِ، اَلسَّلَامُ عَلَى الْمَظْلُوْمِ بِلَا نَاصِرٍ، اَلسَّلَامُ عَلٰى سَاكِنِ التُّرْبَةِ الزَّاكِيَةِ]، اَلسَّلَامُ عَلٰى صَاحِبِ الْقُبَّةِ السَّامِيَةِ، اَلسَّلَامُ عَلٰى مَنْ طَهَّرَهُ الْجَلِيْلُ، اَلسَّلَامُ عَلٰى مَنِ افْتَخَرَ بِهٖ جَبْرَئِيْلُ، اَلسَّلَامُ عَلٰى مَنْ نَاغَاهُ فِي الْمَهْدِ مِيْكَائِيْلُ.

اَلسَّلَامُ عَلٰى مَنْ نُكِثَتْ ذِمَّتُهُ، اَلسَّلَامُ عَلٰى مَنْ هُتِكَتْ حُرْمَتُهُ، اَلسَّلَامُ عَلٰى مَنْ أُرِيْقَ بِالظُّلْمِ دَمُهُ، اَلسَّلَامُ عَلَى الْمُغَسَّلِ بِدَمِ الْجِرَاحِ، اَلسَّلَامُ عَلَى الْمُجَرَّعِ بِكَأْسَاتِ الرِّمَاحِ، اَلسَّلَامُ عَلَى الْمُضَامِ

اَلْمُسْتَبَاحِ. اَلسَّلَامُ عَلَى الْمَهْجُوْرِ فِيْ الْوَرٰى، اَلسَّلَامُ عَلٰى مَنْ تَوَلّٰى دَفْنَهٗ أَهْلُ الْقُرٰى، اَلسَّلَامُ عَلَى الْمَقْطُوْعِ الْوَتِيْنِ، اَلسَّلَامُ عَلَى الْمُحَامِيْ بِلَا مُعِيْنٍ.

اَلسَّلَامُ عَلَى الشَّيْبِ الْخَضِيْبِ، اَلسَّلَامُ عَلَى الْخَدِّ التَّرِيْبِ، اَلسَّلَامُ عَلَى الْبَدَنِ السَّلِيْبِ، اَلسَّلَامُ عَلَى الثَّغْرِ الْمَقْرُوْعِ بِالْقَضِيْبِ، اَلسَّلَامُ عَلَى الْوَدَجِ الْمَقْطُوْعِ، اَلسَّلَامُ عَلَى الرَّأْسِ الْمَرْفُوْعِ، اَلسَّلَامُ عَلَى الْأَجْسَامِ الْعَارِيَةِ فِيْ الْفَلَوَاتِ، تَنْهَشُهَا الذِّئَابُ الْعَادِيَاتُ، وَ تَخْتَلِفُ إِلَيْهَا السِّبَاعُ الضَّارِيَاتُ. اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ، وَ عَلَى الْمَلَائِكَةِ الْمَرْفُوْفِيْنَ حَوْلَ قُبَّتِكَ، اَلْحَافِّيْنَ بِتُرْبَتِكَ، اَلطَّائِفِيْنَ بِعَرْصَتِكَ، اَلْوَارِدِيْنَ لِزِيَارَتِكَ، اَلسَّلَامُ عَلَيْكَ فَإِنِّيْ قَصَدْتُ إِلَيْكَ وَ رَجَوْتُ الْفَوْزَ لَدَيْكَ.

اَلسَّلَامُ عَلَيْكَ، سَلَامَ الْعَارِفِ بِحُرْمَتِكَ، اَلْمُخْلِصِ فِيْ وَلَايَتِكَ، اَلْمُتَقَرِّبِ إِلَى اللهِ بِمَحَبَّتِكَ، اَلْبَرِيْءِ مِنْ أَعْدَائِكَ، سَلَامَ مَنْ قَلْبُهٗ بِمُصَابِكَ مَقْرُوْحٌ، وَ دَمْعُهٗ عِنْدَ ذِكْرِكَ مَسْفُوْحٌ، سَلَامَ الْمَفْجُوْعِ الْمَحْزُوْنِ، اَلْوَالِهِ الْمُسْتَكِيْنِ. سَلَامَ مَنْ لَوْ كَانَ مَعَكَ بِالطُّفُوْفِ لَوَقَاكَ بِنَفْسِهٖ حَدَّ السُّيُوْفِ، وَ بَذَلَ حُشَاشَتَهٗ دُوْنَكَ لِلْحُتُوْفِ، وَ جَاهَدَ بَيْنَ يَدَيْكَ، وَ نَصَرَكَ عَلٰى مَنْ بَغٰى عَلَيْكَ، وَ فَدَاكَ بِرُوْحِهٖ وَ

جَسَدِهِ، وَ مَالِهِ وَ وُلْدِهِ، وَ رُوْحُهُ لِرُوْحِكَ فِدَاءٌ، وَ أَهْلُهُ لِأَهْلِكَ وِقَاءٌ.
فَلَئِنْ أَخَّرَتْنِيْ الدُّهُوْرُ، وَ عَاقَنِيْ عَنْ نَصْرِكَ الْمَقْدُوْرُ، وَ لَمْ أَكُنْ لِمَنْ حَارَبَكَ مُحَارِبًا، وَ لِمَنْ نَصَبَ لَكَ الْعَدَاوَةَ مُنَاصِبًا، فَلَأَنْدُبَنَّكَ صَبَاحًا وَ مَسَاءً، وَ لَأَبْكِيَنَّ عَلَيْكَ بَدَلَ الدُّمُوْعِ دَمًا، حَسْرَةً عَلَيْكَ وَ تَأَسُّفًا عَلٰى مَا دَهَاكَ وَ تَلَهُّفًا، حَتّٰى أَمُوْتَ بِلَوْعَةِ الْمُصَابِ وَ غُصَّةِ الِاكْتِيَابِ أَشْهَدُ أَنَّكَ قَدْ أَقَمْتَ الصَّلَاةَ، وَ آتَيْتَ الزَّكَاةَ، وَ أَمَرْتَ بِالْمَعْرُوْفِ، وَ نَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَ الْعُدْوَانِ، وَ أَطَعْتَ اللّٰهَ وَ مَا عَصَيْتَهُ، وَ تَمَسَّكْتَ بِهِ وَ بِحَبْلِهِ فَأَرْضَيْتَهُ، وَ خَشَيْتَهُ وَ رَاقَبْتَهُ وَ اسْتَجَبْتَهُ، وَ سَنَنْتَ السُّنَنَ، وَ أَطْفَأْتَ الْفِتَنَ، وَ دَعَوْتَ إِلَى الرَّشَادِ، وَ أَوْضَحْتَ سُبُلَ السَّدَادِ، وَ جَاهَدْتَ فِيْ اللهِ حَقَّ الْجِهَادِ.
وَ كُنْتَ لِلّٰهِ طَائِعًا، وَ لِجَدِّكَ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ تَابِعًا، وَ لِقَوْلِ أَبِيْكَ سَامِعًا، وَ إِلٰى وَصِيَّةِ أَخِيْكَ مُسَارِعًا، وَ لِعِمَادِ الدِّيْنِ رَافِعًا، وَ لِلطُّغْيَانِ قَامِعًا، وَ لِلطُّغَاةِ مُقَارِعًا، وَ لِلْأُمَّةِ نَاصِحًا. وَ فِيْ غَمَرَاتِ الْمَوْتِ سَابِحًا، وَ لِلْفُسَّاقِ مُكَافِحًا، وَ بِحُجَجِ اللهِ قَائِمًا، وَ لِلْإِسْلَامِ وَ الْمُسْلِمِيْنَ رَاحِمًا، وَ لِلْحَقِّ نَاصِرًا، وَ عِنْدَ الْبَلَاءِ صَابِرًا، وَ لِلدِّيْنِ كَالِئًا، وَ عَنْ حَوْزَتِهِ مُرَامِيًا، وَ عَنْ شَرِيْعَتِهِ مُحَامِيًا.
تَحُوْطُ الْهُدٰى وَ تَنْصُرُهُ، وَ تَبْسُطُ الْعَدْلَ وَ تَنْشُرُهُ، وَ تَنْصُرُ الدِّيْنَ وَ

تُظْهِرُهُ، وَ تَـكُفُّ الْعَابِثَ وَ تَزْجُرُهُ، وَ تَأْخُذُ لِلدَّنِيِّ مِنَ الشَّرِيْفِ، وَ تُسَاوِيْ فِيْ الْحُكْمِ بَيْنَ الْقَوِيِّ وَ الضَّعِيْفِ. كُنْتَ رَبِيْعَ الْأَيْتَامِ، وَ عِصْمَةَ الْأَنَامِ، وَ عِزَّ الْإِسْلَامِ، وَ مَعْدِنَ الْأَحْكَامِ، وَ حَلِيْفَ الْإِنْعَامِ، سَالِكًا طَرَائِقَ جَدِّكَ وَ أَبِيْكَ، مُشْبِهًا فِيْ الْوَصِيَّةِ لِأَخِيْكَ، وَفِيَّ الذِّمَمِ، رَضِيَّ الشِّيَمِ، ظَاهِرَ الْكَرَمِ، مُتَهَجِّدًا فِيْ الظُّلَمِ، قَوِيْمَ الطَّرَائِقِ، كَرِيْمَ الْخَلَائِقِ، عَظِيْمَ السَّوَابِقِ، شَرِيْفَ النَّسَبِ، مُنِيْفَ الْحَسَبِ، رَفِيْعَ الرُّتَبِ، كَثِيْرَ الْمَنَاقِبِ، مَحْمُوْدَ الضَّرَائِبِ، جَزِيْلَ الْمَوَاهِبِ، حَلِيْمٌ رَشِيْدٌ مُنِيْبٌ، جَوَادٌ عَلِيْمٌ شَدِيْدٌ، إِمَامٌ شَهِيْدٌ، أَوَّاهٌ مُنِيْبٌ، حَبِيْبٌ مَهِيْبٌ.

كُنْتَ لِلرَّسُوْلِ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ وَلَدًا، وَ لِلْقُرْآنِ مُنْقِذًا، وَ لِلْأُمَّةِ عَضُدًا، وَ فِيْ الطَّاعَةِ مُجْتَهِدًا، حَافِظًا لِلْعَهْدِ وَ الْمِيْثَاقِ، نَاكِبًا عَنْ سُبُلِ الْفُسَّاقِ، بَاذِلًا لِلْمَجْهُوْدِ، طَوِيْلَ الرُّكُوْعِ وَ السُّجُوْدِ. زَاهِدًا فِيْ الدُّنْيَا زُهْدَ الرَّاحِلِ عَنْهَا، نَاظِرًا إِلَيْهَا بِعَيْنِ الْمُسْتَوْحِشِيْنَ مِنْهَا، آمَالُكَ عَنْهَا مَكْفُوْفَةٌ، وَ هِمَّتُكَ عَنْ زِيْنَتِهَا مَصْرُوْفَةٌ، وَ أَلْحَاظُكَ عَنْ بَهْجَتِهَا مَطْرُوْفَةٌ، وَ رَغْبَتُكَ فِيْ الْآخِرَةِ مَعْرُوْفَةٌ.

حَتّٰى إِذَا الْجَوْرُ مَدَّ بَاعَهُ، وَ أَسْفَرَ الظُّلْمُ قِنَاعَهُ، وَ دَعَا الْغَيُّ أَتْبَاعَهُ، وَ أَنْتَ فِيْ حَرَمِ جَدِّكَ قَاطِنٌ، وَ لِلظَّالِمِيْنَ مُبَايِنٌ، جَلِيْسُ الْبَيْتِ وَ

الْمِحْرَابِ، مُعْتَزِلٌ عَنِ اللَّذَّاتِ وَ الشَّهَوَاتِ، تُنْكِرُ الْمُنْكَرَ بِقَلْبِكَ وَ لِسَانِكَ، عَلٰى قَدْرِ طَاقَتِكَ وَ إِمْكَانِكَ. ثُمَّ اقْتَضَاكَ الْعِلْمُ لِلْإِنْكَارِ، وَ لَزِمَكَ أَنْ تُجَاهِدَ الْفُجَّارَ، فَسِرْتَ فِيْ أَوْلَادِكَ وَ أَهَالِيْكَ، وَ شِيْعَتِكَ وَ مَوَالِيْكَ، وَ صَدَعْتَ بِالْحَقِّ وَ الْبَيِّنَةِ، وَ دَعَوْتَ إِلَى اللهِ بِالْحِكْمَةِ وَ الْمَوْعِظَةِ الْحَسَنَةِ، وَ أَمَرْتَ بِإِقَامَةِ الْحُدُوْدِ، وَ الطَّاعَةِ لِلْمَعْبُوْدِ، وَ نَهَيْتَ عَنِ الْخَبَائِثِ وَ الطُّغْيَانِ، وَ وَاجَهُوْكَ بِالظُّلْمِ وَ الْعُدْوَانِ.

فَجَاهَدْتَهُمْ بَعْدَ الْإِيْعَاظِ لَهُمْ، وَ تَأْكِيْدِ الْحُجَّةِ عَلَيْهِمْ، فَنَكَثُوْا ذِمَامَكَ وَ بَيْعَتَكَ، وَ أَسْخَطُوْا رَبَّكَ وَ جَدَّكَ، وَ بَدَءُوْكَ بِالْحَرْبِ، فَثَبَتَّ لِلطَّعْنِ وَ الضَّرْبِ، وَ طَحَنْتَ جُنُوْدَ الْفُجَّارِ، وَ اقْتَحَمْتَ قَسْطَلَ الْغُبَارِ، مُجَالِدًا بِذِيْ الْفَقَارِ، كَأَنَّكَ عَلِيٌّ الْمُخْتَارُ. فَلَمَّا رَأَوْكَ ثَابِتَ الْجَأْشِ، غَيْرَ خَائِفٍ وَ لَا خَاشٍ، نَصَبُوْا لَكَ غَوَائِلَ مَكْرِهِمْ، وَ قَاتَلُوْكَ بِكَيْدِهِمْ وَ شَرِّهِمْ، وَ أَمَرَ اللَّعِيْنُ جُنُوْدَهٗ، فَمَنَعُوْكَ الْمَاءَ وَ وُرُوْدَهٗ، وَ نَاجَزُوْكَ الْقِتَالَ، وَ عَاجَلُوْكَ النِّزَالَ، وَ رَشَقُوْكَ بِالسِّهَامِ وَ النِّبَالِ، وَ بَسَطُوْا إِلَيْكَ أَكُفَّ الِاصْطِلَامِ.

وَ لَمْ يَرْعَوْا لَكَ ذِمَامًا، وَ لَا رَاقَبُوْا فِيْكَ أَثَامًا، فِيْ قَتْلِهِمْ أَوْلِيَاءَكَ، وَ نَهْبِهِمْ رِحَالَكَ، أَنْتَ مُقَدَّمٌ فِيْ الْهَبَوَاتِ، وَ مُحْتَمِلٌ لِلْأَذِيَّاتِ، وَ قَدْ عَجِبَتْ مِنْ صَبْرِكَ مَلَائِكَةُ السَّمَاوَاتِ. وَ أَحْدَقُوْا بِكَ مِنْ كُلِّ

الْجِهَاتِ، وَ أَثْخَنُوْكَ بِالْجِرَاحِ، وَ حَالُوْا بَيْنَكَ وَ بَيْنَ الرَّوَاحِ، وَ لَمْ يَبْقَ لَكَ نَاصِرٌ، وَ أَنْتَ مُحْتَسِبٌ صَابِرٌ، تَذُبُّ عَنْ نِسْوَتِكَ وَ أَوْلَادِكَ. حَتّٰى نَكَسُوْكَ عَنْ جَوَادِكَ، فَهَوَيْتَ إِلَى الْأَرْضِ جَرِيْحًا، تَطَؤُكَ الْخُيُوْلُ بِحَوَافِرِهَا، وَ تَعْلُوْكَ الطُّغَاةُ بِبَوَاتِرِهَا، قَدْ رَشَحَ لِلْمَوْتِ جَبِيْنُكَ، وَ اخْتَلَفَتْ بِالانْقِبَاضِ وَ الِانْبِسَاطِ شِمَالُكَ وَ يَمِيْنُكَ، تُدِيْرُ طَرْفًا خَفِيًّا إِلٰى رَحْلِكَ وَ بَيْتِكَ، وَ قَدْ شُغِلْتَ بِنَفْسِكَ عَنْ وُلْدِكَ وَ أَهْلِكَ، وَ أَسْرَعَ فَرَسُكَ شَارِدًا، وَ إِلٰى خِيَامِكَ قَاصِدًا، مُحَمْحِمًا بَاكِيًا.

فَلَمَّا رَأَيْنَ النِّسَاءُ جَوَادَكَ مَخْزِيًّا، وَ نَظَرْنَ سَرْجَكَ عَلَيْهِ مَلْوِيًّا، بَرَزْنَ مِنَ الْخُدُوْرِ، نَاشِرَاتِ الشُّعُوْرِ عَلَى الْخُدُوْدِ، لَاطِمَاتِ الْوُجُوْهِ، سَافِرَاتٍ، وَ بِالْعَوِيْلِ دَاعِيَاتٍ، وَ بَعْدَ الْعِزِّ مُذَلَّلَاتٍ، وَ إِلٰى مَصْرَعِكَ مُبَادِرَاتٍ. وَ الشِّمْرُ جَالِسٌ عَلٰى صَدْرِكَ، مُوْلِغٌ سَيْفَهُ عَلٰى نَحْرِكَ، قَابِضٌ عَلٰى شَيْبَتِكَ بِيَدِهِ، ذَابِحٌ لَكَ بِمُهَنَّدِهِ، قَدْ سَكَنَتْ حَوَاسُّكَ، وَ خَفِيَتْ أَنْفَاسُكَ، وَ رُفِعَ عَلَى الْقَنَا رَأْسُكَ، وَ سُبِيَ أَهْلُكَ كَالْعَبِيْدِ، وَ صُفِّدُوْا فِي الْحَدِيْدِ، فَوْقَ أَقْتَابِ الْمَطِيَّاتِ، تَلْفَحُ وُجُوْهَهُمْ حَرُّ الْهَاجِرَاتِ، يُسَاقُوْنَ فِي الْبَرَارِيْ وَ الْفَلَوَاتِ، أَيْدِيْهِمْ مَغْلُوْلَةٌ إِلَى الْأَعْنَاقِ، يُطَافُ بِهِمْ فِي الْأَسْوَاقِ.

فَالْوَيْلُ لِلْعُصَاةِ الْفُسَّاقِ، لَقَدْ قَتَلُوْا بِقَتْلِكَ الْإِسْلَامَ، وَ عَطَّلُوْا الصَّلَاةَ وَ الصِّيَامَ، وَ نَقَضُوْا السُّنَنَ وَ الْأَحْكَامَ، وَ هَدَمُوْا قَوَاعِدَ الْإِيْمَانِ، وَ حَرَّفُوْا آيَاتِ الْقُرْآنِ، وَ هَمْلَجُوْا فِيْ الْبَغْيِ وَ الْعُدْوَانِ. لَقَدْ أَصْبَحَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ مَوْتُوْرًا، وَ عَادَ كِتَابُ اللهِ عَزَّ وَ جَلَّ مَهْجُوْرًا، وَ غُوْدِرَ الْحَقُّ إِذْ قُهِرْتَ مَقْهُوْرًا، وَ فُقِدَ بِفَقْدِكَ التَّكْبِيْرُ وَ التَّهْلِيْلُ، وَ التَّحْرِيْمُ وَ التَّحْلِيْلُ، وَ التَّنْزِيْلُ وَ التَّأْوِيْلُ، وَ ظَهَرَ بَعْدَكَ التَّغْيِيْرُ وَ التَّبْدِيْلُ، وَ الْإِلْحَادُ وَ التَّعْطِيْلُ، وَ الْأَهْوَاءُ وَ الْأَضَالِيْلُ، وَ الْفِتَنُ وَ الْأَبَاطِيْلُ.

فَقَامَ نَاعِيْكَ عِنْدَ قَبْرِ جَدِّكَ الرَّسُوْلِ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ، فَنَعَاكَ إِلَيْهِ بِالدَّمْعِ الْهَطُوْلِ، قَائِلًا: يَا رَسُوْلَ اللهِ قُتِلَ سِبْطُكَ وَ فَتَاكَ، وَ اسْتُبِيْحَ أَهْلُكَ وَ حِمَاكَ، وَ سُبِيَتْ بَعْدَكَ ذَرَارِيْكَ، وَ وَقَعَ الْمَحْذُوْرُ بِعِتْرَتِكَ وَ ذَوِيْكَ. فَانْزَعَجَ الرَّسُوْلُ وَ بَكَى قَلْبُهُ الْمَهُوْلُ، وَ عَزَّاهُ بِكَ الْمَلَائِكَةُ وَ الْأَنْبِيَاءُ، وَ فُجِعَتْ بِكَ أُمُّكَ الزَّهْرَاءُ، وَ اخْتَلَفَتْ جُنُوْدُ الْمَلَائِكَةِ الْمُقَرَّبِيْنَ، تُعَزِّيْ أَبَاكَ أَمِيْرَ الْمُؤْمِنِيْنَ، وَ أُقِيْمَتْ لَكَ الْمَآتِمُ فِيْ أَعْلَى عِلِّيِّيْنَ، وَ لَطَمَتْ عَلَيْكَ الْحُوْرُ الْعِيْنُ، وَ بَكَتِ السَّمَاءُ وَ سُكَّانُهَا، وَ الْجِنَانُ وَ خُزَّانُهَا، وَ الْهِضَابُ وَ أَقْطَارُهَا، وَ الْأَرْضُ وَ أَقْطَارُهَا، وَ الْبِحَارُ وَ حِيْتَانُهَا، وَ مَكَّةُ وَ بُنْيَانُهَا، وَ الْجِنَانُ وَ

وِلْدَانُهَا، وَالْبَيْتُ وَالْمَقَامُ، وَالْمَشْعَرُ الْحَرَامُ، وَالْحِلُّ وَالْإِحْرَامُ.
اَللّٰهُمَّ فَبِحُرْمَةِ هَذَا الْمَكَانِ الْمُنِيْفِ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ احْشُرْنِيْ فِيْ زُمْرَتِهِمْ، وَ أَدْخِلْنِيْ الْجَنَّةَ بِشَفَاعَتِهِمْ. اَللّٰهُمَّ فَإِنِّيْ أَتَوَسَّلُ إِلَيْكَ يَا أَسْرَعَ الْحَاسِبِيْنَ، وَ يَا أَكْرَمَ الْأَكْرَمِيْنَ، وَ يَا أَحْكَمَ الْحَاكِمِيْنَ، بِمُحَمَّدٍ خَاتَمِ النَّبِيِّيْنَ، رَسُوْلِكَ إِلَى الْعَالَمِيْنَ أَجْمَعِيْنَ، وَ بِأَخِيْهِ وَ ابْنِ عَمِّهِ الْأَنْزَعِ الْبَطِيْنِ، الْعَالِمِ الْمَكِيْنِ، عَلِيٍّ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ، وَ بِفَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ.
وَ بِالْحَسَنِ الزَّكِيِّ عِصْمَةِ الْمُتَّقِيْنَ، وَ بِأَبِيْ عَبْدِ اللهِ الْحُسَيْنِ أَكْرَمِ الْمُسْتَشْهَدِيْنَ، وَ بِأَوْلَادِهِ الْمَقْتُوْلِيْنَ، وَ بِعِتْرَتِهِ الْمَظْلُوْمِيْنَ، وَ بِعَلِيِّ بْنِ الْحُسَيْنِ زَيْنِ الْعَابِدِيْنَ، وَ بِمُحَمَّدِ بْنِ عَلِيٍّ قِبْلَةِ الْأَوَّابِيْنَ، وَ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ أَصْدَقِ الصَّادِقِيْنَ، وَ مُوْسَى بْنِ جَعْفَرٍ مُظْهِرِ الْبَرَاهِيْنِ، وَ عَلِيِّ بْنِ مُوْسٰى نَاصِرِ الدِّيْنِ، وَ مُحَمَّدِ بْنِ عَلِيٍّ قُدْوَةِ الْمُهْتَدِيْنَ، وَ عَلِيِّ بْنِ مُحَمَّدٍ أَزْهَدِ الزَّاهِدِيْنَ، وَ الْحَسَنِ بْنِ عَلِيٍّ وَارِثِ الْمُسْتَخْلَفِيْنَ، وَ الْحُجَّةِ عَلَى الْخَلْقِ أَجْمَعِيْنَ، أَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، الصَّادِقِيْنَ الْأَبَرِّيْنَ، آلِ طٰهٰ وَ يٰس، وَ أَنْ تَجْعَلَنِيْ فِيْ الْقِيَامَةِ مِنَ الْآمِنِيْنَ الْمُطْمَئِنِّيْنَ، الْفَائِزِيْنَ الْفَرِحِيْنَ الْمُسْتَبْشِرِيْنَ.

اَللّٰهُمَّ اكْتُبْنِيْ فِيْ الْمُسَلِّمِيْنَ، وَ أَلْحِقْنِيْ بِالصَّالِحِيْنَ*، وَ اجْعَلْ لِيْ لِسانَ صِدْقٍ فِيْ الْآخِرِيْنَ، وَ انْصُرْنِيْ عَلَى الْبَاغِيْنَ، وَ اكْفِنِيْ كَيْدَ الْحَاسِدِيْنَ، وَ اصْرِفْ عَنِّيْ مَكْرَ الْمَاكِرِيْنَ، وَ اقْبِضْ عَنِّيْ أَيْدِيَ الظَّالِمِيْنَ، وَ اجْمَعْ بَيْنِيْ وَ بَيْنَ السَّادَةِ الْمَيَامِيْنِ فِيْ أَعْلٰى عِلِّيِّيْنَ، مَعَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ مِنَ النَّبِيِّيْنَ، وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَاءِ وَ الصَّالِحِيْنَ، بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ.

اَللّٰهُمَّ إِنِّيْ أُقْسِمُ عَلَيْكَ بِنَبِيِّكَ الْمَعْصُوْمِ، وَ بِحُكْمِكَ الْمَحْتُوْمِ، وَ نَهْيِكَ الْمَكْتُوْمِ، وَ بِهَذَا الْقَبْرِ الْمَلْمُوْمِ، الْمُوَسَّدِ فِيْ كَنَفِهِ الْإِمَامِ الْمَعْصُوْمِ، الْمَقْتُوْلِ الْمَظْلُوْمِ، أَنْ تَكْشِفَ مَا بِيْ مِنَ الْغُمُوْمِ، وَ تَصْرِفَ عَنِّيْ شَرَّ الْقَدَرِ الْمَحْتُوْمِ، وَ تُجِيْرَنِيْ مِنَ النَّارِ ذَاتِ السَّمُوْمِ.

اَللّٰهُمَّ جَلِّلْنِيْ بِنِعْمَتِكَ، وَ رَضِّنِيْ بِقَسْمِكَ، وَ تَغَمَّدْنِيْ بِجُوْدِكَ وَ كَرَمِكَ، وَ بَاعِدْنِيْ مِنْ مَكْرِكَ وَ نَقِمَتِكَ. اَللّٰهُمَّ اعْصِمْنِيْ مِنَ الزَّلَلِ، وَ سَدِّدْنِيْ فِيْ الْقَوْلِ وَ الْعَمَلِ، وَ افْسَحْ لِيْ فِيْ مُدَّةِ الْأَجَلِ، وَ أَعْفِنِيْ مِنَ الْأَوْجَاعِ وَ الْعِلَلِ، وَ بَلِّغْنِيْ بِمَوَالِيَّ وَ بِفَضْلِكَ أَفْضَلَ الْأَمَلِ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ اقْبَلْ تَوْبَتِيْ، وَ ارْحَمْ عَبْرَتِيْ، وَ أَقِلْنِيْ عَثْرَتِيْ، وَ نَفِّسْ كُرْبَتِيْ، وَ اغْفِرْ لِيْ خَطِيْئَتِيْ، وَ أَصْلِحْ لِيْ فِيْ ذُرِّيَّتِيْ. اَللّٰهُمَّ لَا تَدَعْ لِيْ فِيْ هَذَا الْمَشْهَدِ الْمُعَظَّمِ، وَ الْمَحَلِّ الْمُكَرَّمِ،

ذَنْبًا إِلَّا غَفَرْتَهُ، وَ لَا عَيْبًا إِلَّا سَتَرْتَهُ، وَ لَا غَمًّا إِلَّا كَشَفْتَهُ، وَ لَا رِزْقًا إِلَّا بَسَطْتَهُ، وَ لَا جَاهًا إِلَّا عَمَرْتَهُ، وَ لَا فَسَادًا إِلَّا أَصْلَحْتَهُ، وَ لَا أَمَلًا إِلَّا بَلَّغْتَهُ، وَ لَا دُعَاءً إِلَّا أَجَبْتَهُ، وَ لَا مُضَيِّقًا إِلَّا فَرَّجْتَهُ، وَ لَا شَمْلًا إِلَّا جَمَعْتَهُ، وَ لَا أَمْرًا إِلَّا أَتْمَمْتَهُ، وَ لَا مَالًا إِلَّا كَثَّرْتَهُ، وَ لَا خُلُقًا إِلَّا حَسَّنْتَهُ، وَ لَا إِنْفَاقًا إِلَّا أَخْلَفْتَهُ، وَ لَا حَالًا إِلَّا عَمَّرْتَهُ، وَ لَا حَسُودًا إِلَّا قَمَعْتَهُ، وَ لَا عَدُوًّا إِلَّا أَرْدَيْتَهُ، وَ لَا شَرًّا إِلَّا كَفَيْتَهُ، وَ لَا مَرَضًا إِلَّا شَفَيْتَهُ، وَ لَا بَعِيدًا إِلَّا أَدْنَيْتُهُ، وَ لَا شَعَثًا إِلَّا لَمَمْتَهُ، وَ لَا سُؤَالًا إِلَّا أَعْطَيْتَهُ.

اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ خَيْرَ الْعَاجِلَةِ وَ ثَوَابَ الْآجِلَةِ. اَللّٰهُمَّ أَغْنِنِيْ بِحَلَالِكَ عَنِ الْحَرَامِ، وَ بِفَضْلِكَ عَنْ جَمِيْعِ الْأَنَامِ. اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ عِلْمًا نَافِعًا، وَ قَلْبًا خَاشِعًا، وَ يَقِيْنًا شَافِيًا، وَ عَمَلًا زَاكِيًا، وَ صَبْرًا جَمِيْلًا، وَأَجْرًا جَزِيْلًا. اَللّٰهُمَّ ارْزُقْنِيْ شُكْرَ نِعْمَتِكَ عَلَيَّ، وَ زِدْ فِيْ إِحْسَانِكَ وَ كَرَمِكَ إِلَيَّ، وَ اجْعَلْ قَوْلِيْ فِي النَّاسِ مَسْمُوْعًا، وَ عَمَلِيْ عِنْدَكَ مَرْفُوْعًا، وَأَثَرِيْ فِي الْخَيْرَاتِ مَتْبُوْعًا، وَ عَدُوِّيْ مَقْمُوْعًا.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ الْأَخْيَارِ، فِيْ آنَاءِ اللَّيْلِ وَ أَطْرَافِ النَّهَارِ، وَ اكْفِنِيْ شَرَّ الْأَشْرَارِ، وَ طَهِّرْنِيْ مِنَ الذُّنُوْبِ وَ الْأَوْزَارِ، وَ أَجِرْنِيْ مِنَ النَّارِ، وَ أَدْخِلْنِيْ دَارَ الْقَرَارِ، وَ اغْفِرْ لِيْ وَ لِجَمِيْعِ إِخْوَانِيْ

فِيْكَ، وَأَخَوَاتِيَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ، بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ.

ત્યારબાદ બે રકઆત નમાઝ પઢે કે જેની પહેલી રકાઅતમાં સૂરએ હમ્દ પછી સૂરએ અમ્બિયા (સૂરા નંબર ૨૧) પઢે અને બીજી રકઆતમાં સૂરએ હમ્દ પછી સૂરએ હશ્ર (સૂરા નંબર ૫૯) પઢે અને ત્યારબાદ કુનૂતમાં નિચે મુજબ પઢે :

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ، لَا إِلٰهَ إِلَّا اللّٰهُ الْعَلِيُّ الْعَظِيْمُ، لَا إِلٰهَ إِلَّا اللّٰهُ رَبُّ السَّمَاوَاتِ السَّبْعِ وَ الْأَرَضِيْنَ السَّبْعِ، وَ مَا فِيْهِنَّ وَ مَا بَيْنَهُنَّ، خِلَافًا لِأَعْدَائِهٖ، وَ تَكْذِيْبًا لِمَنْ عَدَلَ بِهٖ، وَ إِقْرَارًا لِرُبُوْبِيَّتِهٖ، وَ خُشُوْعًا لِعِزَّتِهٖ، اَلْأَوَّلُ بِغَيْرِ أَوَّلٍ، وَ الْآخِرُ بِغَيْرِ آخِرٍ، الظَّاهِرُ عَلٰى كُلِّ شَيْءٍ بِقُدْرَتِهٖ، اَلْبَاطِنُ دُوْنَ كُلِّ شَيْءٍ بِعِلْمِهٖ وَ لُطْفِهٖ. لَا تَقِفُ الْعُقُوْلُ عَلٰى كُنْهِ عَظَمَتِهٖ، وَ لَا تُدْرِكُ الْأَوْهَامُ حَقِيْقَةَ مَاهِيَّتِهٖ، وَ لَا تَتَصَوَّرُ الْأَنْفُسُ مَعَانِيَ كَيْفِيَّتِهٖ، مُطَّلِعًا عَلَى الضَّمَائِرِ، عَارِفًا بِالسَّرَائِرِ، يَعْلَمُ خَائِنَةَ الْأَعْيُنِ وَ مَا تُخْفِي الصُّدُوْرُ.

اَللّٰهُمَّ إِنِّيْ أُشْهِدُكَ عَلٰى تَصْدِيْقِيْ رَسُوْلَكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ آلِهٖ، وَ إِيْمَانِيْ بِهٖ، وَ عِلْمِيْ بِمَنْزِلَتِهٖ، وَ إِنِّيْ أَشْهَدُ أَنَّهُ النَّبِيُّ الَّذِيْ نَطَقَتِ الْحِكْمَةُ بِفَضْلِهٖ، وَ بَشَّرَتِ الْأَنْبِيَاءُ بِهٖ، وَ دَعَتْ إِلَى الْإِقْرَارِ بِمَا جَاءَ بِهٖ، وَ حَثَّتْ عَلٰى تَصْدِيْقِهٖ بِقَوْلِهٖ تَعَالٰى: الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرَاةِ وَ الْإِنْجِيْلِ يَأْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَ يَنْهَاهُمْ عَنِ الْمُنْكَرِ وَ يُحِلُّ لَهُمُ الطَّيِّبَاتِ وَ يُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ وَ يَضَعُ عَنْهُمْ

إِصْرَهُمْ وَ الْأَغْلَالَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ رَسُوْلِكَ إِلَى الثَّقَلَيْنِ، وَ سَيِّدِ الْأَنْبِيَاءِ الْمُصْطَفَيْنَ، وَ عَلٰى أَخِيْهِ وَ ابْنِ عَمِّهِ، اَللَّذَيْنِ لَمْ يُشْرِكَا بِكَ طَرْفَةَ عَيْنٍ أَبَدًا، وَ عَلٰى فَاطِمَةَ الزَّهْرَاءِ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ، وَ عَلٰى سَيِّدَيْ شَبَابِ أَهْلِ الْجَنَّةِ الْحَسَنِ وَ الْحُسَيْنِ، صَلَاةً خَالِدَةَ الدَّوَامِ، عَدَدَ قَطْرِ الرِّهَامِ، وَ زِنَةَ الْجِبَالِ وَ الْآكَامِ، مَا أَوْرَقَ السَّلَامُ، وَ اخْتَلَفَ الضِّيَاءُ وَ الظَّلَامُ، وَ عَلٰى آلِهِ الطَّاهِرِيْنَ، الْأَئِمَّةِ الْمُهْتَدِيْنَ، الذَّائِدِيْنَ عَنِ الدِّيْنِ، عَلِيٍّ وَ مُحَمَّدٍ، وَ جَعْفَرٍ وَ مُوْسٰى، وَ عَلِيٍّ وَ مُحَمَّدٍ، وَ عَلِيٍّ وَ الْحَسَنِ وَ الْحُجَّةِ، الْقُوَّامِ بِالْقِسْطِ، وَ سُلَالَةِ السِّبْطِ.

اَللّٰهُمَّ إِنِّيْ أَسْأَلُكَ بِحَقِّ هٰذَا الْإِمَامِ فَرَجًا قَرِيْبًا، وَ صَبْرًا جَمِيْلًا، وَ نَصْرًا عَزِيْزًا، وَ غِنًى عَنِ الْخَلْقِ، وَ ثَبَاتًا فِي الْهُدٰى، وَ التَّوْفِيْقَ لِمَا تُحِبُّ وَ تَرْضٰى، وَ رِزْقًا وَاسِعًا حَلَالًا طَيِّبًا، مَرِيْئًا دَارًّا، سَائِغًا فَاضِلًا مُفْضِلًا، صَبًّا صَبًّا، مِنْ غَيْرِ كَدٍّ وَ لَا نَكَدٍ، وَ لَا مِنَّةٍ مِنْ أَحَدٍ، وَ عَافِيَةً مِنْ كُلِّ بَلَاءٍ وَ سُقْمٍ وَ مَرَضٍ، وَ الشُّكْرَ عَلَى الْعَافِيَةِ وَ النَّعْمَاءِ، وَ إِذَا جَاءَ الْمَوْتُ، فَاقْبِضْنَا عَلٰى أَحْسَنِ مَا يَكُوْنُ لَكَ طَاعَةً، عَلٰى مَا أَمَرْتَنَا مُحَافِظِيْنَ، حَتّٰى تُؤَدِّيَنَا إِلٰى جَنَّاتِ النَّعِيْمِ، بِرَحْمَتِكَ يَا أَرْحَمَ الرَّاحِمِيْنَ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ أَوْحِشْنِيْ مِنَ الدُّنْيَا، وَ آنِسْنِيْ بِالْآخِرَةِ، فَإِنَّهُ لَا يُوْحِشُ مِنَ الدُّنْيَا إِلَّا خَوْفُكَ، وَ لَا يُؤْنِسُ بِالْآخِرَةِ إِلَّا رَجَاؤُكَ. اَللّٰهُمَّ لَكَ الْحُجَّةُ لَا عَلَيْكَ، وَ إِلَيْكَ الْمُشْتَكٰى لَا مِنْكَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِهِ وَ أَعِنِّيْ عَلٰى نَفْسِيَ الظَّالِمَةِ الْعَاصِيَةِ، وَ شَهْوَتِيَ الْغَالِبَةِ، وَ اخْتِمْ لِيْ بِالْعَفْوِ وَ الْعَافِيَةِ.

اَللّٰهُمَّ إِنَّ اسْتِغْفَارِيْ إِيَّاكَ، وَ أَنَا مُصِرٌّ عَلٰى مَا نَهَيْتَ قِلَّةُ حَيَاءٍ، وَ تَرْكِيَ الِاسْتِغْفَارَ مَعَ عِلْمِيْ بِسَعَةِ حِلْمِكَ، تَضْيِيْعٌ لِحَقِّ الرَّجَاءِ، اَللّٰهُمَّ إِنَّ ذُنُوْبِيْ تُؤْيِسُنِيْ أَنْ أَرْجُوَكَ، وَ إِنَّ عِلْمِيْ بِسَعَةِ رَحْمَتِكَ يَمْنَعُنِيْ أَنْ أَخْشَاكَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ صَدِّقْ رَجَائِيْ لَكَ، وَ كَذِّبْ خَوْفِيْ مِنْكَ، وَ كُنْ لِيْ عِنْدَ أَحْسَنِ ظَنِّيْ بِكَ، يَا أَكْرَمَ الْأَكْرَمِيْنَ. اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ أَيِّدْنِيْ بِالْعِصْمَةِ، وَ أَنْطِقْ لِسَانِيْ بِالْحِكْمَةِ، وَ اجْعَلْنِيْ مِمَّنْ يَنْدَمُ عَلٰى مَا ضَيَّعَهُ فِيْ أَمْسِهِ، وَ لَا يُغْبَنُ حَظُّهُ فِيْ يَوْمِهِ، وَ لَا يَهُمُّ لِرِزْقِ غَدِهِ.

اَللّٰهُمَّ إِنَّ الْغَنِيَّ مَنِ اسْتَغْنٰى بِكَ وَ افْتَقَرَ إِلَيْكَ، وَ الْفَقِيْرَ مَنِ اسْتَغْنٰى بِخَلْقِكَ عَنْكَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، وَ أَغْنِنِيْ عَنْ خَلْقِكَ بِكَ، وَ اجْعَلْنِيْ مِمَّنْ لَا يَبْسُطُ كَفًّا إِلَّا إِلَيْكَ. اَللّٰهُمَّ إِنَّ الشَّقِيَّ مَنْ قَنَطَ، وَ أَمَامَهُ التَّوْبَةُ وَ وَرَاءَهُ الرَّحْمَةُ، وَ إِنْ كُنْتُ ضَعِيْفَ الْعَمَلِ فَإِنِّيْ

فِيْ رَحْمَتِكَ قَوِيُّ الْأَمَلِ، فَهَبْ لِيْ ضَعْفَ عَمَلِيْ لِقُوَّةِ أَمَلِيْ. اَللّٰهُمَّ إِنْ كُنْتَ تَعْلَمُ أَنَّ فِيْ عِبَادِكَ مَنْ هُوَ أَقْسٰى قَلْبًا مِنِّيْ، وَ أَعْظَمُ مِنِّيْ ذَنْبًا، فَإِنِّيْ أَعْلَمُ أَنَّهُ لَا مَوْلٰى أَعْظَمُ مِنْكَ طَوْلًا، وَ أَوْسَعُ رَحْمَةً وَ عَفْوًا، فَيَا مَنْ هُوَ أَوْحَدُ فِيْ رَحْمَتِهِ، اغْفِرْ لِمَنْ لَيْسَ بِأَوْحَدَ فِيْ خَطِيْئَتِهِ.

اَللّٰهُمَّ إِنَّكَ أَمَرْتَنَا فَعَصَيْنَا، وَ نَهَيْتَ فَمَا انْتَهَيْنَا، وَ ذَكَّرْتَ فَتَنَاسَيْنَا، وَ بَصَّرْتَ فَتَعَامَيْنَا، وَ حَذَّرْتَ فَتَعَدَّيْنَا، وَ مَا كَانَ ذٰلِكَ جَزَاءَ إِحْسَانِكَ إِلَيْنَا، وَ أَنْتَ أَعْلَمُ بِمَا أَعْلَنَّا وَ أَخْفَيْنَا، وَ أَخْبَرُ بِمَا نَأْتِيْ وَ مَا أَتَيْنَا، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، وَ لَا تُؤَاخِذْنَا بِمَا أَخْطَأْنَا وَ نَسِيْنَا، وَ هَبْ لَنَا حُقُوْقَكَ لَدَيْنَا، وَ أَتِمَّ إِحْسَانَكَ إِلَيْنَا، وَ أَسْبِلْ رَحْمَتَكَ عَلَيْنَا. اَللّٰهُمَّ إِنَّا نَتَوَسَّلُ إِلَيْكَ بِهٰذَا الصِّدِّيْقِ الْإِمَامِ، وَ نَسْأَلُكَ بِالْحَقِّ الَّذِيْ جَعَلْتَهُ لَهُ، وَ لِجَدِّهِ رَسُوْلِكَ، وَ لِأَبَوَيْهِ عَلِيٍّ وَ فَاطِمَةَ، أَهْلِ بَيْتِ الرَّحْمَةِ، إِدْرَارَ الرِّزْقِ الَّذِيْ بِهِ قِوَامُ حَيَاتِنَا، وَ صَلَاحُ أَحْوَالِ عِيَالِنَا، فَأَنْتَ الْكَرِيْمُ الَّذِيْ تُعْطِيْ مِنْ سَعَةٍ، وَ تَمْنَعُ مِنْ قُدْرَةٍ، وَ نَحْنُ نَسْأَلُكَ مِنَ الرِّزْقِ مَا يَكُوْنُ صَلَاحاً لِلدُّنْيَا وَ بَلَاغاً لِلْآخِرَةِ.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ، وَ اغْفِرْ لَنَا وَ لِوَالِدَيْنَا، وَ لِجَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ، وَ الْمُسْلِمِيْنَ وَ الْمُسْلِمَاتِ، الْأَحْيَاءِ مِنْهُمْ وَ

الْأَمْوَاتِ، وَ آتِنَا فِيْ الدُّنْيَا حَسَنَةً وَ فِيْ الْآخِرَةِ حَسَنَةً وَ قِنَا عَذَابَ النَّارِ.

ત્યારબાદ નમાઝ પુરી કરીને તસ્બીહ પઢે અને પછી પોતાના ગાલોને ઝમીન ઉપર રાખે અને ચાલિસ વખત કહે

سُبْحَانَ اللهِ وَ الْحَمْدُ لِلّٰهِ وَ لَا إِلٰهَ إِلَّا اللهُ وَ اللهُ أَكْبَرُ.

ત્યારબાદ અલ્લાહ પાસે સલામતી, નજાત, ગુનાહોની માફી માંગે તેમજ નેક કાર્યો માટે તૌફીક અને તે કાર્યોની કબુલીય્યત માટે દુઆ કરે કે જેના થકી અલ્લાહની કુરબત હાંસિલ થાય. ત્યારબાદ ઈમામ (અ.સ.) ના સર મુબારક પાસે બે રકાઅત નમાઝ પઢે કે જેની રીત ઉપરની બે રકાઆતની જેમ છે. ત્યારબાદ કબ્ર મુબારક ઉપર પોતાને પછાડે, અને તેને ચૂમે અને કહે :

زَادَ اللهُ فِيْ شَرَفِكُمْ، وَ السَّلَامُ عَلَيْكُمْ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهُ.

પછી પોતાની માટે અને પોતાના માં-બાપ માટે અને જેની માટે ચાહે તેની માટે દુઆ કરે...

ઝિયારતે નાહિયાનો તરજુમો :

એ ખુદાના નામથી કે જે રહમાન અને રહીમ છે

અખિલ ખુદાઈમાંથી ચુંટાયેલા ખુદાના નેક બંદા આદમ (અ.સ.)ને સલામ. ખુદાના ઉત્તમોત્તમબંદા શીશ (અ.સ.)ને સલામ. ખુદાની દલીલ કાયમ કરનાર ઈદરીસ (અ.સ.)ને સલામ. જેમની દોઆ સ્વીકાર્ય હતી એ નુહ (અ.સ.)ને સલામ. ખુદાના સહકારથી જેમની સહાય કરવામાં આવી તે હુદ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમના સર પર મહાનતાનો તાજ મૂક્યો તે સાલેહ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમને પોતાની મિત્રતાનું માન આપ્યું, તે ઈબ્રાહીમ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમના બદલે મહાન કુરબાની જન્નતથી નાઝિલ કરી તે ઈસ્માઈલ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમના પાક વંશમાં પયગમ્બરી આપી, તે ઈસ્હાક (અ.સ.)ને સલામ.

ખુદાએ પોતાની દયાથી જેમની આંખોને નુર આપ્યું તે અય્યુબ (અ.સ.)ને સલામ. ખુદાએ જે બાળકને ઉંડા કુવામાંથી ઉગાર્યા તે યુસુફ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમના માટે દરિયામાં માર્ગ કરી દીધો, એ મુસા (અ.સ.)ને સલામ. ખુદાએ જેમને પોતાની પયગમ્બરી વડે અસામાન્ય બનાવી દીધા, તે હારૂન (અ.સ.)ને સલામ. ઉમ્મત સાથેના કજિયામાં જેમનો પક્ષ લીધો તે શોઅયબ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમની તૌબા કબુલ કરીને ક્ષમા આપી તે દાઉદ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમને ઈઝઝત આપી જીન્નાતોને જેના તાબે કર્યા તે સુલયમાન (અ.સ.)ને સલામ.

ખુદાએ જેમને કષ્ટદાયક વ્યાધિમાંથી મુકત કરી તંદુરસ્ત કરી દીધા, એ અય્યુબ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમના વચનો પુરા કર્યા તે યુનુસ (અ.સ.)ને સલામ. ખુદાએ જેમને મૃત્યુ બાદ ફરી સજીવન કર્યા તે ઓઝૈર (અ.સ.)ને સલામ. જે કષ્ટો સહી ગયા, તે ઝકરીયા (અ.સ.)ને સલામ. ખુદાએ શહાદતથી જેમનો મરતબો બુલંદ કર્યો, એ યાહયા (અ.સ.)ને સલામ, ખુદાની રૂહ એનાં વચન અને એની ઝબાન ઈસા (અ.સ.)ને સલામ. ખુદાના વરાએલા અને પસંદગી પામેલા બંદા મોહમ્મદ (સ.અ.વ.)ને સલામ અને જેઓ તેમની સાથે ભાઈચારાના સગપણથી સંકલિત છે તે અબુ તાલિબના પુત્ર અલી (અ.સ.)ને સલામ, અને એની દુખ્યારી પુત્રી ખુદાઈ નુર ફાતિમા (અ.સ.)ને સલામ, પોતાના પિતાના જાનશીન અબુ મોહમ્મદ હસન (અ.સ.)ને સલામ, જે પોતાના દિલનં ુ ખુન વહાવવામાં ઉદાર બની ગયા, તે મઝલુમ હુસયન (અ.સ.)ને સલામ.

જેણે છૂપી અને જાહેરી હરેક રીતે ખુદાની આજ્ઞાઓનું પાલન કર્યું તે મઝલુમને સલામ. ખુદાએ જેમની ખાકમાં શફા ભરી તે માઅસુમને સલામ. જેમના રોઝાના ગુંબજ તળે દોઆ કબુલ થાય છે તે મઝલુમને સલામ. જેમના પવિત્ર વંશમાં ઈમામો થયા, તે માઅસુમને સલામ. જેમની પર પયગમ્બરી ખત્મ થઈ, તેમના પ્યારા ફરઝંદને સલામ. ખદીજતુલ કુબરાના દિલના મેવાને સલામ, સિદ્રતુલ મુન્તહાના પુત્રને સલામ, જન્નતુલ માવાના પુત્રને સલામ, ઝમઝમ અને સફાના પુત્રને સલામ. ખુનથી નહાયેલા મઝલુમને સલામ, ઉજડેલા અને લુંટાએલા ખયમાવાળા માઅસુમને સલામ, ચાદરે તત્હીરવાળાઓમાંના પાંચમાને સલામ. વિદેશીઓના વિદેશીને સલામ. શહીદોના શહીદને સલામ. ગંદી નસલવાળાઓના હાથો વડે જે માર્યો ગયો તે પીડિતને સલામ.

કરબલાની નિર્જન ધરતીને વસાવનારને સલામ. જેના પર આસમાનના ફરિશ્તા રડયા તે દુઃખીને સલામ, પવિત્ર અને નિર્મળ નસલવાળાને સલામ, ખુદાના ધર્મના વડાને સલામ. ખુદાની દલીલો ઉતરવાના સ્થાનોને સલામ. ઈમામોના સરદારને સલામ, ખૂનથી રંગીન થએલા ગિરેબાનોને સલામ. મુર્ઝાએલા અને સુકાએલા હોઠોને સલામ, નિષ્કારણ મિટાવાએલી ઝિંદગીઓ ને સલામ. ઘુંટાએલા, રૂંધાયેલા, ખેંચાયેલા પ્રાણોને સલામ. ઉઘાડી પીંડલીઓને સલામ ત્યાગી દેવાએલા બદનોને સલામ. વહી જતા ખુનને સલામ. ટુકડે ટુકડે થયેલાં અવયવોને સલામ, ભાલાઓ પર બુલંદ કરવામાં આવેલા મસ્તકોને સલામ. બેરિદા દર બદર ફેરવવામાં આવ્યાં તે પવિત્ર બીબીઓને સલામ, આપને અને આપના વડીલોને સલામ, આપને અને આપના શહીદ ફરઝંદોને સલામ, આપને અને આપના સહાયક નાના-નાના બાળકોને સલામ, આપને અને આપની કબ્રના મુઝાવીર ફરિશ્તાઓને સલામ, બેકસી અને બેબસીથી જે માર્યો ગયો તે નિસહાયને સલામ. જેને અત્યાચારનું હળાહળ વિષ પિવડાવાયું તેના મા જણ્યા ભાઈને સલામ. હઝરત અલી અકબર અ. ને સલામ, કમસીન દુધ પીતા અલીઅસગરને સલામ. જે બરેહના કરી દેવાયાં તે જીસ્મોને (લાશોને (સલામ, નઝદીકના સંબંધીઓને સલામ, ઉજ્જડ સેહરામાં કાપીને ફેંકી દેવાયાં એ બદનોને સલામ, વતનમાંથી જે કાઢી મુકાયા તે પરદેસીઓને સલામ, કફન વગર તજી દેવાએલી લાશોને સલામ, બદનથી જે જુદા કરી દેવાયાં તે સરોને સલામ, ખુદાની ખુશી માટે મુસીબતો સહી જનારાઓને સલામ. બે યારો મદદગાર મઝલુમને સલામ. પવિત્ર માટીમાં રહેનારાઓને સલામ, આકાશ-ચુંબિત ગુંબજવાળાને સલામ, ખુદ ખુદાએ જેને ગુનાહોથી પાક સાફ કરી નિર્મળ કરી દીધા એ મઅસુમને સલામ. જેમની સેવા કરી જીબ્રઈલ ગૌરવવંત થયા તે મઝલુમને સલામ. જેને મિકાઈલે હીંચોળીને સુવરાવ્યા તે લાડકવાયાને સલામ. જેની આજ્ઞાધીનતાનું વચન ફોક કરાયું તે પેશવાને સલામ. જેની હુરમત ખાકમાં મેળવી દેવામાં આવી તે માર્ગદર્શકને સલામ. જેનું નિર્દોષ-અકારણ ખુન વહાવાયું તે એકલા અને એકાકીને સલામ, ઝખ્મોના લોહીથી જેને નવડાવાયો તે હુજ્જતે ખુદાને સલામ, બરછી અને ભાલાના ગરમગરમ ઘુંટ જેને પીવડાવાયા તે પ્યાસાને સલામ, જેનું ખૂન હલાલ કરી દેવાયું તે મઝલુમને સલામ, દુનિયાભરમાં જે એકલો" નેહર "કરી દેવાયો તે

મનુષ્યને સલામ. કાફલાવાળા) બની અસદના (લોકોએ જેને દફનાવવાની જવાબદારી લીધી તે બેકસને સલામ. જેના દિલની રગ કાપી નાખી તે બેબસને સલામ, ધર્મની રક્ષા કાજે મદદનીશ વગર જંગ કરનારને સલામ. નિઃસહાય સહાયકને સલામ, લોહીથી સુર્ખ થએલી રીશે મુબારકને સલામ, ધુળભર્યા રૂખસારોને સલામ, કપડાં સમેત ચારણી થઈ ગયેલી લાશને સલામ, છડીથી બેઅદબી કરવામાં આવેલ દંદાને મુબારકને સલામ. ભાલા પર ઉંચકાએલા સરને સલામ, લોહી તરસ્યા વરૂઓ અને વિક્રાળ પશુઓ જેની આસપાસ એકઠાં થતાં હતાં તે વિરાન જંગલની એ લાશોને સલામ.

એ મારા સરપરસ્ત ! આપને અને તે ફરિશ્તાઓને કે જેઓ આપના ગુંબજનો તવાફ કરતા રહે છે અને વર્તુળાકારે આપની તુરબતની આસપાસ જેઓ ફર્યા કરે છે, આપના હરમની તરફ આપની ઝિયારત માટે જેઓ ઉતરે જ જાય છે તે સહુને સલામ, મેં તો આપનાથી લવ લગાવી છે અને આપની પાસે પહોંચીને આપની દયા અને કૃપા પામવાની આશા કરી છે આપને મારા સલામ, જેને આપની પ્રતિષ્ઠાનું સંપુર્ણ ભાન હોય, જેને આપ તરફ ખરેખરી ચાહના હોય, જે આપની મોહબ્બતના સબબે ખુદાથી નઝદીક થવા ઈચ્છતો હોય, આપના દુશ્મનો તરફ કિનો રાખતો હોય, તેની સલામ જેવી મારી આપને સલામ.

જેના હૃદયમાં આપની મુસીબતોના કારણે ઝખ્મો થયા હોય, તે ઝખ્મો એવા આળા થઈ ગયા હોય કે આપનું નામ સાંભળતા આંખમાંથી આંસુના વહેણ વહી નીકળે અને પીડા પામેલા તથા ખાકસારની જેમ મારા આપને સલામ, જો કોઈક એ રણમેદાનમાં આવતે અને કરબલાના યુધ્ધનું દ્રષ્ય નિહાળી લેત, તો આપને તલવારની ધારથી બચાવી આપને બદલે પોતાની જાન આપના કદમ ચુમીને મોતની પરવા કર્યા વગર પોતાનું જીવન મોતને અર્પણ કરી દેત અને આપની નજર સમક્ષ જેહાદ કરત અને શહાદતની તક હાથથી જવા ન દેત અને આપથી બગાવત કરનારાઓ સામે આપને સહાય અને સાથ દેવામાં પાછી પાની ન કરત, પરંતુ એ દુઃખદ પ્રસંગે પોતાના પ્રાણ, પોતાનું બદન, પોતાનો માલ અને પોતાની ઓલાદ બધુંય આપ ઉપર કુરબાન કરત અને પોતાનાં બાળકોને આપના ઉપર સદકે ઉતારત એની સલામ જેવી આપને મારી સલામ, અને વળી કાળચક્રે મને પાછળ ધકેલી મુકયો, મારા દુર્ભાગ્ય અને ફુટેલા નસીબે મને આપનો

સંપર્ક પામવાની તક ન આપી અને હું આપથી લડનારાઓ સાથે ન લડી શકયો અને આપના દુશ્મનોથી વેર રાખી હું વીફરી ન શકયો, આથી હવે સવાર અને સાંજ આપ પર રડવામાં, માતમમાં અને વિલાપ કરવામાં વ્યતિત કરીશ અને કયારેય આપના દુઃખમાં ચેન નહી લઉં અને આંસુઓના બદલે ખૂનના આંસુ વહાવીશ, એ મુસીબતો પર જે આપે ઝીલી, એ વિપત્તિઓ પર જે આપને મળી, એટલે સુધી કે દુઃખને માત્ર દુઃખજ છે. તડપતા દિલથી શાંતિ નહીં પામું અને દિલને મસળીનેજ નહી જંપુ અને જેવી રીતે ગમથી શ્વાસ ગુંગળાએલો છે, એમાં જ તડપીને ન મરી જાઉં.

ગવાહી આપું છું કે આપે નમાઝ બરપા કરી, ઝકાત આપી અને સુકાર્યોની આજ્ઞા કરી દુષ્કર્મોની મના કરી, ખુદાની આજ્ઞાધીનતા કયારેય ન મુકી, કયારેય એનો અનાદર ન કર્યો અને મોહબ્બતની રસ્સી આપે એટલી મઝબુતીથી પકડયા કે તેને ખુશ કરી દીધો, તેનો ખોફ અને હયા અંતિમ હદ સુધી જાળવ્યા. પવિત્ર રીતોનો આરંભ કર્યો, ફસાદ કર્યોને સારી પેઠે વિનાશ્યાં, સત્યપંથ તરફ આમંત્ર્યા મઝબુતીના માર્ગોને સુધાર્યા. જેહાદને દાદ આપી અને અદભુત વીરતા દાખવી, ખુદાની ઈતાઅત કરી, પયગમ્બરને અનુસરવાથી હિમ્મત ન હાર્યા, પોતાના વાલિદે બુઝુર્ગની વાત સાંભળી, પોતાના માંજણ્યા ભાઈની વસિયત ઉપર અમલ કરવામાંય ગઝબની સ્ફુર્તિ દાખવી, દીનનો પુષ્કળ ભાર વહન કર્યો, સરકશીનાં મૂળ સુધ્ધાં ઉખેડીયાં, ઘમંડીઓના માથાં કચડી નાખ્યાં, ઉમ્મતનું નસીહતથી કામ લીધું. મોતના ઉંડા દરિયામાં તર્યા, કાળના ધસમસતા પુરને પાર કરી ગયા, બદકારોનો સખ્ત સામનો કરી ખુદાની દલીલો મઝબુત કરતા રહ્યા, ઈસ્લામ પર કરૂણા દાખવતા હતા, રાત દિવસ સત્યની સહાય કરી, મુસીબતો જાન પર ઝીલી, દીનને બચાવ્યો, તેના પ્રત્યેક દુશ્મનને સિમા પરથી હાંકી કાઢયો, હિદાયતને સાથ આપ્યો, પુરેપુરી એની સહાય કરી, બરાબર એનું રક્ષણ કરતા રહ્યા, હંમેશા ન્યાય પ્રસારતા રહ્યા, દીનની મદદ કરતા રહ્યા, ઈમાનનું રક્ષણ ચિંતવ્યા કર્યુ, સ્વછંદીઓને ટોકતા રહ્યા, શકિતશાળીને અશકતોના હકકનું દમન કરતાં રોકતા રહ્યા, અશકતોના હકક શકિતશાળી કનેથી અપાવતા રહ્યા, હુકમોમાં અશકત અને સશકત બેઉને સમાનતાથી બતાવતા રહ્યા, ન્યાયમાં વાઘ અને બકરીને એક ઘાટે પાણી પીવડાવતા રહ્યા. યતીમો માટે આપ નિશંક વસંત રૃતુ સમાન હતા. ઈસ્લામની ઈઝઝત અને ખુદાની ખલ્કતનું રક્ષણ સ્થાન

હતા. ખુદાની આજ્ઞાઓની ખાણ હતા. ઉદારતા અને ઉપકારની ભાવનાથી છલકતા હતા. કેવો મઝાનો સમય હતો ? જાણે ઉદારતાની અવધી આવી રહી હતી. પોતાના પિતા અને નાનાના પંથે ચાલ્યા. વસિયતમાં પોતાના માંજણ્યાથી સમાન રહ્યા. હરેકનો હક્ક અદા ફરમાવતા રહ્યા. પોતાની જવાબદારીનાં કાર્યો તરફ સંપુર્ણ વફાદારીપુર્વક જાગૃત હતા. આપની ખસલતો ઉત્તમ હતી. ગુણો અત્યંત ઉમદા હતા. આપની મહાનતા જાહેર હતી. આપનાં રાત્રિ જાગરણો જાણીતા હતાં. રાતભર જાગતા રહેતા હતા, રાત્રિઓમાં સતત નમાઝો પઢતા હતા, આપના તરીકા મઝબુત હતા, ચાલચલન આદર્શ હતા, આપનો પરિચય મહાન હતો, આપના ઉપકારો અનંત હતા. હસબ નસબ આપનાં પ્રભાવશાળી હતાં, મરતબો આપનો ઉન્નત હતો, સદ્‌ગુણો અગણિત હતા, પ્રસંશાઓ અસંખ્ય હતી, ગુલામો અને પ્રજા પર જે કર નક્કી કરતા હતા તે જાહેરમાં આપતા હતા, ટુંકમાં અતિ ન્યાયી હતા, પ્રજાવત્સલ હતા, નેકીઓ આદર્શ હતી, ઉદારતા ભરપુર હતી, આપ મહાન પવિત્ર અને ગંભીર હતા, ખુદાથી લવ લગાવવામાં અજોડ હતા, જાણિતા અને બુદ્ધિશાળી ઉદાર દિલના હતા, જુઠ્ઠાઓને સજા કરવામાં સખત હતા, શાસન ચલાવવામાં અજોડ હતા. પેશવા અને શહીદ હતા, ખુદાના ખૌફથી નિસાસા મુકયા કરતા હતા. અહનિર્શ એની તરફ જ જતા હતા, હરેકના પ્રાણ પ્યારા હતા, પ્રત્યેક સમજદાર આપનો ચાહક હતો, આપનો રોબ અને દબદબો સંપૂર્ણ હતો, આપથી આંખ મેળવનાર પાણી પાણી થઈ જતો, રસુલે ખુદા (સ.અ.વ.)ના પુત્ર હતા, તેઓના દિલબન્દ હતા, નિર્ભય રક્ષણ સ્થાન હતા, કુરઆને મજીદની સનદ હતા, દીનની આબરૃ હતા, ઉમ્મતની શકિત હતા, ખુદાની બંદગીમાં આપ સતત પ્રયત્નશીલ અને એની આજ્ઞાધીનતામાં ઉત્સાહી હતા, જે કાંઈ વચન આપતા હતા તેને પુરાં કરવામાં ઉદાસીન નહોતા, દુરાચારીના દુષ્ટ માર્ગો તરફ આપને ભારે નફરત હતી, આપની નેક નિતી સ્પષ્ટ હતી, નમાઝમાં ભારે કષ્ટ ઉઠાવતા અને રૂકુઅ તથા સિજદાઓ તુલાની) લાંબા (કરતા હતા, આપને દુનિયાની મોહમાયાથી નફરત હતી અને હંમેશા તેની તરફ બોધગ્રાહી આશ્ચર્યચકિત અને વ્યાકુળતાભરી નજરે જોતા હતા, આપની આશાઓ અને અભિલાષાઓને એની તરફ જતી રોકી દેવામાં આવી હતી, લોલુપ નઝરો એના શણગાર તરફ જતી ટોકી દેવામાં આવી હતી, કતરાતી દ્રષ્ટિઓને પણ એના

રૂપ તરફથી ફેરવી દેવાઈ હતી એટલે સુધી કે પાખંડીઓ પોતાનો હાથ લંબાવ્યો. અત્યાચારે પોતાના મુખ પરનું આવરણ હટાવ્યું, ઘમંડે પોતાની પીઠ થાબડનારાઓને બોલાવ્યા. જયારે કે, આપ આપના નાનાના રોઝએ અકદસમાં હતા, વિરોધીઓથી અલગ ઘર અથવા મહેરાબે ઈબાદતમાં મૌન ધારણ કરી આશાઓ અને ઈચ્છાઓનો ત્યાગ કરી એકાંતવાસી હતા, આપ દુષ્કર્મને ખરાબ જાણતા હતા પરંતુ બુરાઈઓએ આપને લાચાર કરી મુકયા અને આપ ઉપર લાઝિમ કરી દીધું કે આપ જેહાદ કરે, આપ બદકારોથી વિફર્યા, ગુનાહગારોથી લડી પડયા, એજ વિચારમાં ઉભા થયા અને ઘરની બહાર નીકળ્યા પોતાના ઘરવાળાઓનો કાફલો બનાવીને, પોતાના પુત્રોની ટુકડી બનાવીને, પોતાના મિત્રો અને ગુલામોની ટોળી રચી અને પોતાની જાન પર ખેલી જવાનું, સત્યપંથને નિષ્કંટક કરવાનું સ્વિકાર્યું અને ખુદાના માર્ગનાં સ્પષ્ટ દર્શન કરાવ્યાં, નસીહતો કરી લોકોને આકર્ષ્યા, અને દીને મોબીનની મર્યાદાઓનું પાલન કરવાનો અનુરોધ કર્યો, ખુદાની ઈબાદતના લોકોને પાબંદ કર્યા, કાળાં કૃત્યોથી તેઓને રોકયા, પાખંડીઓ સાથે ભળી જતા તેઓને ટોકયા, પણ તેઓએ સત્યથી મુખ ફેરવી લીધું. અકકડ અને ઘમંડી થઈ આપનો સામનો કર્યો, પહેલે તો તેઓને બહુ જ સમજાવ્યા, ટોકયા, રોકયા અને છેવટે તેઓ પર હુજ્જત તમામ કરી, પછી આપે તેઓના રોબને ન ગણકાર્યો અને ખુદા ખાતર તેઓથી યુધ્ધ સ્વીકાર્યં‍ુ, પછી તેઓએ આપની સાથેની બયઅત અને વચનો ફોક કર્યા અને આપના ખુ‍દા તથા આપના નાના રસુલે ખુદા (સ.અ.વ.)ને નાખુશ કર્યા અને પેહલે તેઓએ આપ ઉપર આક્રમણ આરંભ્યુ. પછી આપ પણ બરછીઓની ચોટ અને તલવારોના પ્રહારો ઝીલવા નિશ્ચલતા ધારણ કરી અડગ બની ગયા અને પાપીઓના લશ્કરમાં તથા બદકારોના સૈન્ય વચ્ચે આપે કદમ જમાવી દીધા અને ધુળના ગોટેગોટા વચ્ચે ધસી ગયા, અને મારી મારીને તેઓના પુરા સૈન્યને તળે ઉપર કરી દીધું, તણખા વેરતી ઝુલ્ફીકાર ઘુમાવી પોતાના વાલીદે બુઝુર્ગ હઝરત અમીર (અ.સ.)ના હુમલાનું રોદ્રરૂપ દેખાડયું, આપ અચુકતાથી વાર કરતા હતા કે હઝરત અમીર (અ.સ.)ની યુધ્ધની પુર્ણતાના દર્શન કરાવતા હતા, પછી જ્યારે તેઓએ આપને નિશ્ચલ અને અડગ જોયા અને ભય અને વ્યાકુળતાનું કાંઈ ચિન્હ પણ ન જોયું ત્યારે તેઓએ લુચ્ચાઈ અને ફરેબની જાળ પાથરી. ફરેબ અને મકકારીથી આપને

શહીદ કર્યા.
ઉમર ઈબ્ને સઆદ મલઉને પોતાના સૈન્યને આજ્ઞા આપી અને તેઓએ આપને નહરે ફુરાતના કાંઠે જતા રોકી લીધા અને આપ માટે પાણીનો પુરવઠો બંધ કર્યો, અને આપ સાથે મહા યુધ્ધ ખેલી લેવાનો નિર્ણય કર્યો, યુધ્ધની સવારીઓની હેરફેરમાં ઉતાવળ કરી, તીરો અને ભાલાની અણીઓમાં આપને પરોવી દીધા, જાલીમોએ પોતાના હાથો અને હથેળીઓ આપની તરફ લાંબા કર્યા, ન તો આપના હક કે વચનોની પરવા કરી, ન આપના સાથીઓને કાપીને દુઃખ દેતા અચકાયા કે ન આપના ખયમાઓને લુંટી લેવામાં ગુનાહની પરવા કરી, આપ ધૂળના ગુબાર વચ્ચે સતત ધસે જતા હતા, ઈઝાઓ સહે જતા હતા. અને આપની આ સહનશીલતાથી સહુ કુતુહલ વશ હતા, આકાશના ફરિશ્તાઓ પણ આપનો સબ્ર જોઈ મુગ્ધ થતા હતા એટલે સુધી કે અત્યાચારીઓએ આપને ચારે તરફથી ઘેરી લીધા અને ઝખ્મોથી ચારણી કરી નાખ્યા, વાદળાંઓની જેમ છવાઈ ગયા, આપ અને આપની આરામગાહની ચોતરફ વિંટાઈ વળ્યા ત્યારે કોઈ આપનો સહાયક ન હતો.
પ્રત્યેક સ્થિતિમાં આપ સબ્ર અને ખુશ્નુદીએ ખુદાથી વર્તતા હતા, અને આપના બાલબચ્ચાંઓનું રક્ષણ કરતા હતા. આ આસમાની સુલ્તાનીને તેઓની સમીપથી હટાવતા હતા, એટલે સુધી કે તેઓએ સાવ નિરૂપાય કરી મુકયા, આપના વફાદાર ઘોડા પરથી ઉથલાવી મુકયા પછી તો ઘાયલ થઈને અર્શે ઝીન પરથી ફર્શે ઝમીન પર આવ્યા કે તરતજ દુશ્મનોએ ઘોડાઓના ટાપુઓથી આપને ખુંદવા લાગ્યા અને આપના જીસ્મે મુબારક પરથી કુદતા કુદતા પસાર થતા હતા અને તે દુશ્મનો મોટી મોટી તલવારો ચમકાવતા હતા, આપના લલાટે મૃત્યુનો પર સેવો બાઝયો, આપના ડાબા અને જમણા હાથોએ તરફડાટનું કરૂણ દ્રશ્ય આંકયું. જો કે ઘરબાર કે બાલ બચ્ચાઓની ચીંતાના કયાં સંજોગ હતા !જ્યાં પોતાના પ્રાણ પરજ આવી પડ હતી, છતાંય ગયરતના કારણે કતરાતી આંખો ખયમાઓ તરફ મંડાયેલી હતી, જ્યારે આપ ઘોડા ઉપર ન રહ્યા ત્યારે આપનો અશ્વ હણહણાટ અને રૂદન કરતો બેસહારા બીબીઓના નજરે પડ્યો અને તેનંુ ઝીન ખાલી ખમ ઢળેલું પીંખાઈ ગયેલંુ જોયુ તો આકુળ વ્યાકુળ થઈ જઈ ચહેરા પર માથાના બાલ વિખેરી ખયમામાંથી બાહર નીકળી પડી, ગાલો પર તમાચા મારતી

હતી ખુલેઆમ બેપરદા થઈ ગઈ હતી. સન્માન પછી અપમાન મળ્યું હતું. આપને શોધવા છતાંય આપને પામી શકતી ન હતી, બેકાબુ થઈને આપની કત્લગાહ ભણી દોડે જતી હતી, અને શિમ્ર મલઉન આપની છાતી ઉપર બેઠો હતો, એણે આપના ગળામાં લાંબી તલવાર પરોવી આપની દાઢીને પોતાની મુઠ્ઠીમાં ખેંચી રાખી હતી. પોતાના ખંજરને આપના ગળા ઉપર ફેરવીને સાફ કર્યું હતું, આપ બેહોશ થઈ ગયા હતા. આપનો શ્વાસ બંધ હતો, માથું ધડથી અળગું કર્યુ હતું પછી તેને એક મોટી બરછીમાં ખુતાડી ઉપાડયું હતું, ગુલામોની જેમ આપના બાલબચ્ચાંઓને બંદીવાન બનાવ્યાં, બેડીઓમાં બંધાયા, કજાવા વગરના ઉંટોની ઉઘાડી પીઠ પર એમને બેસાડયાં, પરિણામે બીજા  પહોર) બપોર(ની ગરમ ગરમ લુથી તેઓના ચહેરા કરમાયા, મયદાને-મયદાને, જંગલે જંગલે એમને ફેરવ્યા એમના હાથોને એમની ગરદનોમાં બાંધી દીધા હતા અને એ જ સ્થિતિમાં એમને બજારે બજારે ફેરવ્યા.

બસ ધિક્કાર હો એ પાપીઓ પર જેઓએ આપની હત્યા કરીને ઈસ્લામનું રક્ત વહાવ્યું નમાઝ રોઝાનો ત્યાગ કર્યો, પયગમ્બરના તરીકા ને તોડયા, ખુદાના આદેશથી વિમુખ થયા ઈમામની બુન્યાદને હલબલાવી, કુરઆનની આયતોમાં હેરફેરના રંગ પુર્યા, નાફરમાનીમાં વ્યસ્ત રહ્યાં, ઘમંડમાં માતેલા સાંઢની જેમ ઉછળ્યા, આપની શહાદતને પરિણામે ખુદાનો સંદેશ વાહક એકલો પડી ગયો ખુદાના કલામ ત્યજી દેવાયા, સત્ય છોડી દેવાયું, જ્યારે આપને પરાજિત) શહીદ (કરાયા.

ઝાલીમોએ આપને હાથથી શું ખોયા ! હરામ, હલાલ, ખુદાની બુઝુર્ગી અને તૌહીદની ચર્ચાને ત્થા આયતોની સ્પષ્ટતાઓ અને રહસ્યોને બરબાદ કર્યા.

આપની જીંદગીના દિવસો શું વિરામ પામ્યા ! આપની બાદ મહાક્રાંતિ અને ગઝબની ઉથલ પાથલ થઈ, કુફ્ર અને નાસ્તિકતા જાણે ખુદાઈ આદેશોની શકિત બની ! મનોવિકાર અને પાશવતાઓનું જોર વધી ગયું.

પછી સુનાની સંભળાવનારે આપના નાના પયગમ્બર સ. ની કબ્ર પાસે ઉભા રહી આપની સુનાની) શહાદતની ખબર (સંભળાવી પોતાની આંખોથી આંસુની વર્ષા વરસાવી. એમ કહી ને કે ઃ 'હે પયગમ્બર ! તારો નવાસો અને તારો પ્રાણ પ્યારો માર્યો ગયો નિષ્કારણ એનું મસ્તક ઉતારી લેવાયું, તારા બાલબચ્ચાં અને કુટુંબના ગૌરવને ન

જાણ્યું, ન એનું કાંઈ સન્માન કર્યું, તારા બાળકો સતાવાયા, બંદીવાન બનાવાયા, તારા ઘર અને તારા કુટુંબીજનો પર વિનાશ વરસાવ્યો.' પછી તો એ વ્યથિત થયા, એમનંુ હૃદય તરફડયંુ પછી તો ફરિશ્તાઓના સમૂહ અને પયગમ્બરોના ટોળે ટોળાં આવવા લાગ્યાં અને એમને શાંત કરવા લાગ્યા. પછી આપની માતુશ્રીને અલગ આશ્વાસન આપ્યું, અને આપના પવિત્ર પિતાશ્રીની સેવામાં પણ પુરસો આપવા એટલી ભીડ જામી પડી કે એક જતો તો બીજો આવતો હતો, અને બેહિશ્તમાં આપની સફે માતમ બીછાવાઈ, ત્યાંની હુરોએ આપના દુઃખમાં ગાલો પર તમાચા માર્યા ભારે સદમા ઉપાડયા, આ ગમમાં આકાશને અને તેના વાસિઓને, બેહીશ્તોને અને તેનાં રક્ષકોને, પર્વતોને અને તેની ગુફાઓને, દરિયાઓને અને તેની માછલીઓને, મક્કા અને તેની પવિત્ર જગ્યાઓને, જન્નતોને અને તેના ગભરૂઓને, ખુદાના ઘરને અને મકામે ઈબ્રાહીમને, હરમની દિવાલોને અને ઝમઝમને, તથા મીમ્બરે મોઅઝઝમને આ આઘાતે મહા રૂદન કરાવ્યું. અને ઉગતા તારલાઓને, પડપતી વિજળીઓને, કડાકા બોલાવતી ગર્જનાઓને, નિશ્વાસ મુકતી હવાઓને અને ઉંચા ઉંચા આકાશોને ગઝબનાક તડપાવ્યા. અંતે ખુદાના ધિક્કાર અને ફિટકાર હોજો એના પર જેણે આપનું ખૂન વહાવ્યું. આપને લુંટ્યા, લાશોને બરેહના કરી બધા વસ્ત્રો ઉતારી લીધા, શસ્ત્રો લઈ લીધા, બયઅત કરી હાથમાં હાથ આપ્યો પણ મુસીબતમાં સાથ ન આપ્યો, આપથી નિષ્કારણ યુધ્ધ આદર્યું, આપને વતનમાંથી કાઢ્યા, અકારણ સતાવ્યા, આપ ઉપર આક્રમણ કરવા સૈન્યો એકઠાં કર્યાં, આપને દુઃખ દેવા ઘમંડીઓને ઉત્તેજિત કર્યા. ખુદાની પાસે જ છુટકારો માંગું છું અને દુર ભાગુ છું એ આદેશ આપનારા અને એને અનુસરનારા બન્નેથી, નિરાશ કરનારા અને દમન ગુઝારનારા બેઉથી.

ઈલાહી ! તું તારી અસીમ ઉદારતાથી અને આ ગૌરવવંત સ્થાનનાં તુફેલથી અભિવૃધ્ધિ ભર્યા દોરૂદ ઉતાર પયગમ્બર (સ.અ.વ.)અને એમની પવિત્ર આલ પર, શુધ્ધ શ્રધ્ધા પર સ્નેહ પર, અને મોહબ્બત પર, એહલેબયત (અ.સ.)નો દામન મકકમપણે પકડી લેવા પર મને નિશ્ચલ બનાવ. એમની મોહબ્બતના કારણે તારી અસીમ ઉદારતા મારા સુધી પહોંચાડ, મને એનાથી લાભ પમાડ, મને એમનાજ ટોળામાં ભેળવ, મને એમનાંજ પ્રયત્ન, આગ્રહ અને ભલામણથી બેહીશ્તમાં પ્રવેશ કરાવી આનંદિત કર, કારણ કે તુજ

આરઝુઓનો સાંભળનાર છો, મુરાદો પરિપૂર્ણ કરનાર છો તારી ઉદારતા અસીમ છે, તારી કૃપાઓ બધાય કૃપાળુઓ કરતા અપરંપાર છે.

ઈલાહી ! અય એવા ખુદા ! જે બધાય ગણતરી કરનારાઓથી શ્રેષ્ઠ છે, સહુ મહાન થી મહાન છે સર્વે આજ્ઞાકરનો આજ્ઞાકર છે, તારી પ્રતિષ્ઠિત બારગાહ અને ગૌરવશાળી દરગાહમાં એ મહમ્મદ (સ.અ.વ.)નો વસીલો લઈ ને ઉપસ્થિત થયો છુ કે જેના પર પગયમ્બરીની પરંપરા વિરામ પામી, અખિલ ખુદાઈ માટે જેમની રિસાલત વ્યાપક હતી, અને એમના એ કાકાઈ બંધુનો, જે તમામ જાનશીનોથી નિરાલા હતા, તેઓનું વિશાળ હૃદયજ્ઞાન-વિજ્ઞાનથી ભરપુર હતું. સુપંથના પથિક હતા, પયગમ્બર (સ.અ.વ.)ના અંતરાય વિનાના જાનશીન હતા, એ અલી (અ.સ.)ઈમાનદારોના અધિષ્ઠાતા મરકઝ હતા અને એ ફાતેમા (અ.સ.)નો જે અખિલ સૃષ્ટીની નારીઓમાં સર્વ શ્રેષ્ઠ છે, બેહિશ્તની હુરોની સરદાર છે. અને તેમના પુત્ર હસન (અ.સ.)નો, જેઓ નિશંક નિર્દોષ અને નિર્મળ મનના અને પરહેઝગારોના આશ્રયસ્થાન છે, અને એમના અસગર (અ.સ.)ના પિતા હ. હુસૈન (અ.સ.)નો જેઓ શહીદોના સરદાર અને તેઓ સર્વેથી શ્રેષ્ઠ હતા અને તેઓની તમામ ઔલાદનો, કે જે તારા માર્ગે નિષ્કારણ વધેરી દેવાય અને એ બધાયથી સંકલીત અને સ્નેહીજનોને, જેઓ ઉપર કારમા અત્યાચારો ગુઝારાયા. અને તે હ. હુસૈન (અ.સ.)ના પુત્ર અલી (અ.સ.)નો જેઓ શુધ્ધ ભકિતભાવ ધરાવતા હતા. આબિદોના શણગાર સમાન હતા અને એ મોહંમદે બાકિર (અ.સ.)જેઓને ખુદાએ આવનાર ઈમામોના કેન્દ્ર બનાવ્યા. અને જઅફરે સાદિક (અ.સ.)નો, જેઓ મહાન સત્યવાદી હતા. અને એ મુસીએ કાઝિમ (અ.સ.)જેઓનું હૃદય સ્પષ્ટ દલીલોનો ખજાનો હતો અને એ અલીએ રેઝા (અ.સ.)નો જેઓ રોશન દીનના સહાયક હતા અને એ મોહંમદે તકી (અ.સ.)જેઓ બોધગ્રાહીઓના આગેવાન હતા અને એ અલીયુન નકી (અ.સ.)નો જેમનો સંયમ સહુથી વિશેષ હતો. અને હસને અસ્કરી (અ.સ.)નો જેમણે સર્વે જાનશીનોની જાનશીની સ્વીકારી હતી અને સહુનો વારસો એમના ભાગે આવ્યો હતો. અને એ અંતિમ સમયના મહદી (અ.સ.)નો, જેઓ સમસ્ત ખુદાઈ પર ખુદાની હુજ્જત છે. ખુદાની તરફ સહુના પથદર્શક છે કે રહમત ઉતાર તું મોહમ્મદ (સ.અ.વ.) પર અને એ પાકીઝા આલ પર કે જેઓ સાવ સાચા અને

સરાપા સારા હતા. ઈમાનદારોના કેન્દ્ર હતા, 'તા હા' અને 'યાસીન' ના વંશજો હતા. અને આ પણ કે મને કયામતમાં એ લોકો સાથે ભેળવ કે જેઓ રક્ષિત હોય, જેઓના હ્રદય અચલિત હોય, ભય અને ફ્ડકાની જેનામાં કાંઈ નિશાની પણ ન હોય, તે દિવસની ભયાનકતાઓથી જેઓને કશોય સંબંધ ન હોય. જેઓ સફળતા અને સંપૂર્ણ સમૃધ્ધિ પામેલા હોય.

ઈલાહી ! મારો શુમાર મુસલમાનો સાથે કર, ભલાઓમાં મને ભેળવ, મને સાચી જીભ આપ, સાચી વાચા દે, બાગીઓના મુકાબલા સમયે મારો પક્ષ લે, ઈર્ષાળુઓના શરથી મને રક્ષણ આપ, લુચ્ચાઓની લુચ્ચાઈથી મારી રક્ષા કર. અને તેના દમનકારી હાથોને મારાથી દૂર રાખ. અભિનંદિય સરદારોની દુનિયામાં મને સ્થાન આપ, બેહિશ્તમાં તેઓની સેવામાં મને પહોંચાડ, જેનું તેં પુષ્કળ સન્માન કર્યું છે, જેના પર તારી નેઅમતો સમાપ્ત કરી છે, પયગમ્બરોમાંથી અને સત્યવાદિઓમાંથી, શહીદોમાંથી, સારાઓમાંથી તારી દયા અને કૃપાથી યા અરહમર્રાહેમીન!

ઈલાહી ! હું કસમ આપુ છું તને, તારા માઅસુમ નબી (સ.અ.વ.)ની, તારા નિર્ણીત આદેશોની તારા મર્મજ્ઞ અને તારા સંદેશવાહકની, તેની કબરે પાકની કે જે મર્યાદીત, નિર્ણીત અને જાણીતા છે. જેમના કુળમાં લંૂટાયેલા માઅસુમ ઈમામ છે. જે શહીદ અને પીડિત છે. તુ મારા રંજ અને ગમ ને મિટાવી દે, મારા નિર્ણીત દુરભાગ્યને હટાવી દે, એ અગ્નિથી જેમાંથી જ્વાાળાઓ નિકળતી હશે મને બચાવી દે, ઈલાહી ! તારી નેઅમતો થકી મારા થકી રૂત્બા વધાર, પોતાના ખજાનાથી મને કૃતાર્થ કરી દે, તારી બુઝુર્ગી અને દાન શીલતાનું આવરણ મારા પર ઢાંક.

ઈલાહી ! અસ્થિરતાથી મને બચાવ, મારી બોલચાલ અને કાર્યક્રમને નિષ્કપટી બનાવ. મારા આયુષ્યનો વિસ્તાર લંબાવ, પ્રત્યેક કષ્ટદાયક રોગથી મને મુકત રાખ, મારા સરદારોની બરકતથી અને તારી ઉદારતાથી મારી મહત્વકાંક્ષા પુરી કર. ઈલાહી ! મોહંમદ (સ.અ.વ.)અને એમની આલ પર કૃપાઓ ઉતાર. મારૂં પ્રાયશ્ચિત સ્વીકાર, મારી આ આંસુ વર્ષા પર દયા કર. હાથ પકડી મને પાપી થવાથી બચાવ, અશાંતિ મારાથી દુર કર, મારી ભાવનાઓ ઉન્નત કરી અને આનંદિત કર, મારી ઔલાદને નેક બનાવ, એનું ચારિત્ર શુધ્ધ કર.

ઈલાહી ! આ ગૌરવવંત સ્થાનમાં અને આ યશસ્વી શહાદતના સ્થળે મારૂં એકેય પાપ ક્ષમા કર્યા વિના ન છોડ, એકેય કલંક ઢાંકયા વિના ન રહેવા દે, ન કોઈ વેદના શમાવ્યા વિના, ન કોઈ રોઝી પહોંચાડયા વિના, ન કોઈ અધિકાર વધાર્યા વિના, કોઇ ગુંચ ઉકેલ્યા વિના, ન કોઈ આશા અભરેભરાયા વિના, ન કોઈ વિનંતીના માન્ય કર્યા વિના, કોઈ સંકુચિતા વિશાળ કર્યા વિના, ન કોઈ કાર્ય સમાપ્તિ વિના, ન કોઈ નામ નામના વિના ન કોઈ ગુણ સદગુણ બનાવ્યા વિના, ન કોઈ ખર્ચ બચાવ્યા વિના, ન કોઈ સ્થિતી સુધાર્યા વિના, ન કોઈ વેરી દુનિયા પરથી ઉઠાવ્યા વિના, ન કોઈ શત્રુ હલાકતમાં સપડાયા વિના, ન કોઈ દુષણ પોતાની ઝિમ્મેદારીથી આઘી ઠેલ્યા વિના, ન કોઈ દોર ઠેહરાવ્યા વિના, ન કોઈ રોગીને નિરોગી બનાવ્યા વિના, ન કોઈ વ્યાકુળ શાંતિ પામ્યા વિના, ન કોઈ માંગણી પુરી કર્યા વિના.

ઈલાહી ! હું માંગુ છું તારી પાસે દુનિયાની ભલાઈ અને આખેરતનું પુન્ય ઈલાહી ! પોતાની હલાલ રોઝીના કારણે હરામથી મને બચાવ અને તારી દયા અને કૃપાથી મનુષ્યોના ઉપકારોથી મને અળગો રાખ. ઈલાહી ! મને લાભદાયક જ્ઞાન આપ, મારા દિલને કંપિત અને સહન કરનાર બનાવી દે, શ્રધ્ધાને સંપૂર્ણ કર અપુર્ણ ન રાખ સુવર્તનને સારૂં અવલંબન આપ અને એનું અસીમ વળતરદે.

ઈલાહી ! તારી શુક્રગુઝારીની પ્રેરણા પ્રેર, તારી ઉદારતા અને ઉપકારનો ઉપકારી કર. એવી વાત બતાવ કે જે લોકોમાં સાંભળવા જેવી બને, એવું ચારિત્ર્ય આપ કે જે સારી ઉન્નતી પામે, સદગુણીઓમાં મારૂં અનુસરણ થાય, મારા દુશ્મનને હલાકતની શિક્ષા મળે.

ઈલાહી ! રાત અને દિવસની પ્રત્યેક પળે અને પ્રત્યેક ક્ષણે મોહંમદ (સ.અ.વ.) અને આલે મોહંમદ (સ.અ.વ.) પર કૃપા ઉતાર. મને દુર્ગુણીઓના દુર્ગુણોથી બચાવ, પાપનો મેલ સાફ કરી દઈ નિર્મળ બનાવ, આગથી મુકત કર, નિશ્ચલ સ્થાન) જન્નત(માં વસાવ, મારા અને મારા ધર્મબંધુઓ અને ભગિનિઓ) બહેનો(ના સગાં સ્નેહીઓના દોષ માફ કર, પોતાની કૃપાથી અય અરહમર્રાહિમીન!

## ૧૯. ઝિયારતે નાહિયા (બીજી ઝિયારત)

આ ઝિયારત પણ ઈમામે ઝમાના (અ.સ.) થી રિવાયત થયેલ છે. આશુરના દિવસે આ ઝિયારતે શોહદા પઢવી મુસ્તહબ છે જેમકે કિતાબે "ઈકબાલ" માં સય્યદ ઈબ્ને તાઉસ (અ.ર.) એ તેનું વર્ણન કરતા કહ્યું છે કે જયારે કોઈ ઝિયારતે શોહદાનો ઈરાદો કરે તો તે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝરીહની પાંયતી તરફ જનાબે અલી અકબર (અ.સ.) ની કબ્ર મુબારકની સામે કિબ્લા તરફ મોઢું કરી ઉભો રહે. અને એ હઝરતની તરફ ઈશારો કરી નીચે મુજબ ઝિયારત પઢે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا أَوَّلَ قَتِيْلٍ مِنْ نَسْلِ خَيْرِ سَلِيْلٍ مِنْ سُلَالَةِ إِبْرَاهِيْمَ الْخَلِيْلِ صَلَّى اللّٰهُ عَلَيْكَ وَ عَلٰى أَبِيْكَ إِذْ قَالَ فِيْكَ قَتَلَ اللّٰهُ قَوْمًا قَتَلُوْكَ . يَا بُنَيَّ مَا أَجْرَأَهُمْ عَلَى الرَّحْمٰنِ وَ عَلَى انْتِهَاكِ حُرْمَةِ الرَّسُوْلِ عَلَى الدُّنْيَا بَعْدَكَ الْعَفَاءِ كَأَنِّيْ بِكَ بَيْنَ يَدَيْهِ مَاثِلًا وَ لِلْكَافِرِيْنَ قَائِلًا

أَنَا عَلِيُّ بْنُ الْحُسَيْنِ بْنِ عَلِيٍ نَحْنُ وَ بَيْتِ اللّٰهِ أَوْلٰى بِالنَّبِيِ أَطْعَنُكُمْ بِالرُّمْحِ حَتّٰى يَنْثَنِيْ أَضْرِبُكُمْ بِالسَّيْفِ أَحْمِيْ عَنْ أَبِيْ ضَرْبَ غُلَامٍ هَاشِمِيٍّ عَرَبِيٍ وَ اللّٰهِ لَا يَحْكُمُ فِيْنَا ابْنُ الدَّعِي

حَتّٰى قَضَيْتَ نَحْبَكَ وَ لَقِيْتَ رَبَّكَ أَشْهَدُ أَنَّكَ أَوْلٰى بِاللّٰهِ وَ بِرَسُوْلِهٖ وَ أَنَّكَ ابْنُ رَسُوْلِهٖ وَ حُجَّتُهٗ وَ دِيْنُهٗ وَ ابْنُ حُجَّتِهٖ وَ أَمِيْنُهٗ . حَكَمَ اللّٰهُ لَكَ عَلٰى قَاتِلِكَ مُرَّةَ بْنِ مُنْقِذِ بْنِ النُّعْمَانِ الْعَبْدِيِّ لَعَنَهُ اللّٰهُ وَ أَخْزَاهُ وَ مَنْ شَرِكَهٗ فِيْ قَتْلِكَ وَ كَانُوْا عَلَيْكَ ظَهِيْرًا أَصْلَاهُمُ اللّٰهُ جَهَنَّمَ وَ سَاءَتْ

مَصِيْرًا وَ جَعَلَنَا اللهُ مِنْ مُلَاقِيْكَ وَ مُرَافِقِيْكَ وَ مُرَافِقِي جَدِّكَ وَ أَبِيْكَ وَ عَمِّكَ وَ أَخِيْكَ وَ أُمِّكَ الْمَظْلُوْمَةِ وَ أَبْرَأُ إِلَى اللهِ مِنْ أَعْدَائِكَ أُوْلِي الْجُحُوْدِ وَ أَبْرَأُ إِلَى اللهِ مِنْ قَاتِلِيْكَ وَ أَسْأَلُ اللهَ مُرَافَقَتَكَ فِيْ دَارِ الْخُلُوْدِ وَ السَّلَامُ عَلَيْكَ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهُ

اَلسَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ بْنِ الْحُسَيْنِ الطِّفْلِ الرَّضِيْعِ الْمَرْمِيِّ الصَّرِيْعِ الْمُتَشَحِّطِ دَمًا الْمُصَعَّدِ دَمُهُ فِي السَّمَاءِ الْمَذْبُوْحِ بِالسَّهْمِ فِيْ حَجْرِ أَبِيْهِ . لَعَنَ اللهُ رَامِيَهُ حَرْمَلَةَ بْنَ كَاهِلٍ الْأَسَدِيَّ وَ ذَوِيهِ

اَلسَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ مُبْلَى الْبَلَاءِ وَ الْمُنَادِيْ بِالْوَلَاءِ فِيْ عَرْصَةِ كَرْبَلَاءَ الْمَضْرُوْبِ مُقْبِلًا وَ مُدْبِرًا لَعَنَ اللهُ قَاتِلَهُ هَانِيَ بْنَ ثُبَيْتٍ الْحَضْرَمِيَّ . اَلسَّلَامُ عَلَى الْعَبَّاسِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ . اَلْمُوَاسِيْ أَخَاهُ بِنَفْسِهِ . اَلْآخِذِ لِغَدِهِ مِنْ أَمْسِهِ . اَلْفَادِيْ لَهُ . اَلْوَاقِي اَلسَّاعِيْ إِلَيْهِ بِمَائِهِ . اَلْمَقْطُوْعَةِ يَدَاهُ . لَعَنَ اللهُ قَاتِلَهُ يَزِيْدَ بْنَ الرُّقَادِ الْحَيْتِيْ وَ حَكِيْمَ بْنَ الطُّفَيْلِ الطَّائِيَّ . اَلسَّلَامُ عَلىٰ جَعْفَرِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ . اَلصَّابِرِ بِنَفْسِهِ مُحْتَسِبًا . وَ النَّائِيْ عَنِ الْأَوْطَانِ مُغْتَرِبًا . اَلْمُسْتَسْلِمِ لِلْقِتَالِ . الْمُسْتَقْدِمِ لِلنِّزَالِ . اَلْمَكْثُوْرِ بِالرِّجَالِ . لَعَنَ اللهُ قَاتِلَهُ هَانِيَ بْنَ ثُبَيْتٍ الْحَضْرَمِيَّ . اَلسَّلَامُ عَلىٰ عُثْمَانَ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ سَمِيِّ عُثْمَانَ بْنِ مَظْعُوْنٍ . لَعَنَ اللهُ رَامِيَهُ

بِالسَّهْمِ خَوْلِيِّ بْنِ يَزِيْدَ الْأَصْبَحِيِّ الْأَيَادِيِّ الدَّارِمِيِّ ، اَلسَّلَامُ عَلىٰ مُحَمَّدِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ قَتِيْلِ الْأَيَادِيِّ الدَّارِمِيِّ لَعَنَهُ اللهُ وَ ضَاعَفَ عَلَيْهِ الْعَذَابَ الْأَلِيْمَ وَ صَلَّى اللهُ عَلَيْكَ يَا مُحَمَّدُ وَ عَلىٰ أَهْلِ بَيْتِكَ الصَّابِرِيْنَ

اَلسَّلَامُ عَلىٰ أَبِيْ بَكْرِ بْنِ الْحَسَنِ الزَّكِيِّ الْوَلِيِّ الْمَرْمِيِّ بِالسَّهْمِ الرَّدِيِّ ، لَعَنَ اللهُ قَاتِلَهُ عَبْدَ اللهِ بْنَ عُقْبَةَ الْغَنَوِيَّ ، اَلسَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ بْنِ الْحَسَنِ بْنِ عَلِيٍّ الزَّكِيِّ ، لَعَنَ اللهُ قَاتِلَهُ وَ رَامِيَهُ حَرْمَلَةَ بْنَ كَاهِلٍ الْأَسَدِيَّ ، اَلسَّلَامُ عَلَى الْقَاسِمِ بْنِ الْحَسَنِ بْنِ عَلِيٍّ الْمَضْرُوْبِ عَلىٰ هَامَتِهِ الْمَسْلُوْبِ لَامَتُهُ حِيْنَ نَادَى الْحُسَيْنَ عَمَّهُ فَجَلَا عَلَيْهِ عَمُّهُ كَالصَّقْرِ وَ هُوَ يَفْحَصُ بِرِجْلَيْهِ التُّرَابَ وَ الْحُسَيْنُ يَقُوْلُ "بُعْدًا لِقَوْمٍ قَتَلُوْكَ وَ مَنْ خَصْمُهُمْ يَوْمَ الْقِيَامَةِ جَدُّكَ وَ أَبُوْكَ" ثُمَّ قَالَ "عَزَّ وَ اللهِ عَلىٰ عَمِّكَ أَنْ تَدْعُوَهُ فَلَا يُجِيْبَكَ أَوْ أَنْ يُجِيْبَكَ وَ أَنْتَ قَتِيْلٌ جَدِيْلٌ فَلَا يَنْفَعَكَ "، هٰذَا وَ اللهِ يَوْمٌ كَثُرَ وَاتِرُهُ وَ قَلَّ نَاصِرُهُ جَعَلَنِيَ اللهُ مَعَكُمَا يَوْمَ جَمَعَكُمَا وَ بَوَّأَنِيْ مُبَوَّأَكُمَا وَ لَعَنَ اللهُ قَاتِلَكَ عُمَرَ بْنَ سَعْدِ بْنِ عُرْوَةَ بْنِ نُفَيْلٍ الْأَزْدِيَّ وَ أَصْلَاهُ جَحِيْمًا وَ أَعَدَّ لَهُ عَذَابًا أَلِيْمًا

اَلسَّلَامُ عَلىٰ عَوْنِ بْنِ عَبْدِ اللهِ بْنِ جَعْفَرٍ الطَّيَّارِ فِي الْجِنَانِ حَلِيْفِ

الْإِيمَانِ وَ مُنَازِلِ الْأَقْرَانِ، اَلنَّاصِحِ لِلرَّحْمٰنِ ، اَلتَّالِيْ لِلْمَثَانِيْ وَ الْقُرْآنِ ، لَعَنَ اللهُ قَاتِلَهُ عَبْدَ اللهِ بْنَ قُطْبَةَ النَّبْهَانِيَّ ، اَلسَّلَامُ عَلىٰ مُحَمَّدِ بْنِ عَبْدِ اللهِ بْنِ جَعْفَرٍ ، اَلشَّاهِدِ مَكَانَ أَبِيْهِ وَ التَّالِيْ لِأَخِيْهِ وَ وَاقِيْهِ بِبَدَنِهِ ، لَعَنَ اللهُ قَاتِلَهُ عَامِرَ بْنَ نَهْشَلٍ التَّمِيْمِيَّ ،

اَلسَّلَامُ عَلىٰ جَعْفَرِ بْنِ عَقِيْلٍ لَعَنَ اللهُ قَاتِلَهُ وَ رَامِيَهُ بِشْرَ بْنَ خُوْطٍ الْهَمْدَانِيَّ ، اَلسَّلَامُ عَلىٰ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَقِيْلٍ لَعَنَ اللهُ قَاتِلَهُ وَ رَامِيَهُ عُمَرَ بْنَ خَالِدِ بْنِ أَسَدٍ الْجُهَنِيَّ ، اَلسَّلَامُ عَلَى الْقَتِيْلِ بْنِ الْقَتِيْلِ عَبْدِ اللهِ بْنِ مُسْلِمِ بْنِ عَقِيْلٍ وَ لَعَنَ اللهُ قَاتِلَهُ عَامِرَ بْنَ صَعْصَعَةَ وَ قِيْلَ أَسَدُ بْنُ مَالِكٍ ، اَلسَّلَامُ عَلىٰ عُبَيْدِ اللهِ بْنِ مُسْلِمِ بْنِ عَقِيْلٍ وَ لَعَنَ اللهُ قَاتِلَهُ وَ رَامِيَهُ عَمْرَ بْنَ صَبِيْحٍ الصَّيْدَاوِيَّ ، اَلسَّلَامُ عَلىٰ مُحَمَّدِ بْنِ أَبِيْ سَعِيْدِ بْنِ عَقِيْلٍ وَ لَعَنَ اللهُ قَاتِلَهُ لَقِيْطَ بْنَ نَاشِرٍ الْجُهَنِيَّ ،

اَلسَّلَامُ عَلىٰ سُلَيْمَانَ مَوْلَى الْحُسَيْنِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَ لَعَنَ اللهُ قَاتِلَهُ سُلَيْمَانَ بْنَ عَوْفٍ الْحَضْرَمِيَّ ، اَلسَّلَامُ عَلىٰ قَارِبٍ مَوْلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ ، اَلسَّلَامُ عَلىٰ مُنْجِحٍ مَوْلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ ، اَلسَّلَامُ عَلىٰ مُسْلِمِ بْنِ عَوْسَجَةَ الْأَسَدِيِّ الْقَائِلِ لِلْحُسَيْنِ وَ قَدْ أَذِنَ لَهُ فِي الِانْصِرَافِ أَ نَحْنُ نُخَلِّي عَنْكَ وَ بِمَ نَعْتَذِرُ عِنْدَ اللهِ مِنْ أَدَاءِ

حَقِّكَ لَا وَ اللهِ حَتّٰى أَكْسِرَ فِيْ صُدُوْرِهِمْ رُمْحِيْ هٰذَا وَ أَضْرِبَهُمْ بِسَيْفِيْ مَا ثَبَتَ قَائِمُهُ فِيْ يَدِيْ وَ لَا أُفَارِقُكَ وَ لَوْ لَمْ يَكُنْ مَعِيْ سِلَاحٌ أُقَاتِلُهُمْ بِهِ لَقَذَفْتُهُمْ بِالْحِجَارَةِ وَ لَمْ أُفَارِقْكَ حَتّٰى أَمُوْتَ مَعَكَ وَ كُنْتَ أَوَّلَ مَنْ شَرٰى نَفْسَهُ وَ أَوَّلَ شَهِيْدٍ مِنْ شُهَدَاءِ اللهِ وَ قَضٰى نَحْبَهُ فَفُزْتَ بِرَبِّ الْكَعْبَةِ شَكَرَ اللهُ اسْتِقْدَامَكَ وَ مُوَاسَاتَكَ إِمَامَكَ إِذْ مَشٰى إِلَيْكَ وَ أَنْتَ صَرِيْعٌ فَقَالَ يَرْحَمُكَ اللهُ ، يَا مُسْلِمَ بْنَ عَوْسَجَةَ وَ قَرَأَ فَمِنْهُمْ مَنْ قَضٰى نَحْبَهُ وَ مِنْهُمْ مَنْ يَنْتَظِرُ وَ ما بَدَّلُوا تَبْدِيلًا لَعَنَ اللهُ الْمُشْتَرِكِيْنَ فِيْ قَتْلِكَ عَبْدَ اللهِ الضَّبَابِيِّ وَ عَبْدَ اللهِ بْنَ خُشْكَارَةَ الْبَجَلِيَّ وَ مُسْلِمَ بْنَ عَبْدِ الضَّبَابِيِّ ،

اَلسَّلَامُ عَلٰى سَعْدِ بْنِ عَبْدِ اللهِ الْحَنَفِيِّ الْقَائِلِ لِلْحُسَيْنِ ع وَ قَدْ أَذِنَ لَهُ فِي الِانْصِرَافِ لَا وَ اللهِ لَا نُخَلِّيْكَ حَتّٰى يَعْلَمَ اللهُ أَنَّا قَدْ حَفِظْنَا غَيْبَةَ رَسُوْلِ اللهِ فِيْكَ وَ اللهِ لَوْ أَعْلَمُ أَنِّيْ أُقْتَلُ ثُمَّ أُحْيَا ثُمَّ أُحْرَقُ ثُمَّ أُذْرٰى وَ يُفْعَلُ بِيْ ذٰلِكَ سَبْعِيْنَ مَرَّةً مَا فَارَقْتُكَ حَتّٰى أَلْقٰى حِمَامِيْ دُوْنَكَ وَ كَيْفَ لَا أَفْعَلُ ذٰلِكَ وَ إِنَّمَا هِيَ مَوْتَةٌ أَوْ قَتْلَةٌ وَاحِدَةٌ ثُمَّ هِيَ بَعْدَهَا الْكَرَامَةُ الَّتِيْ لَا انْقِضَاءَ لَهَا أَبَدًا فَقَدْ لَقِيْتَ حِمَامَكَ وَ وَاسَيْتَ إِمَامَكَ وَ لَقِيْتَ مِنَ اللهِ الْكَرَامَةَ فِيْ دَارِ الْمُقَامَةِ حَشَرَنَا اللهُ مَعَكُمْ فِي الْمُسْتَشْهَدِيْنَ وَ رَزَقَنَا مُرَافَقَتَكُمْ فِيْ أَعْلٰى عِلِّيِّيْنَ السَّلَامُ

عَلىٰ بِشْرِ بْنِ عُمَرَ الْحَضْرَمِيّ شَكَرَ اللهُ لَكَ قَوْلَكَ لِلْحُسَيْنِ ع وَ قَدْ أَذِنَ لَكَ فِي الِانْصِرَافِ أَكَلَتْنِيَ إِذَنِ السِّبَاعُ حَيًّا إِنْ فَارَقْتُكَ وَ أَسْأَلُ عَنْكَ الرُّكْبَانَ وَ أَخْذُلُكَ مَعَ قِلَّةِ الْأَعْوَانِ لَا يَكُونُ هٰذَا أَبَدًا ،

اَلسَّلَامُ عَلىٰ يَزِيدَ بْنِ حُصَيْنٍ الْهَمْدَانِيِّ الْمَشْرِقِيِّ الْقَارِي الْمُجَدَّلِ بِالْمَشْرَفِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عُمَرَ بْنِ كَعْبٍ الْأَنْصَارِيِّ ، اَلسَّلَامُ عَلىٰ نَعِيمِ بْنِ الْعَجْلَانِ الْأَنْصَارِيِّ ،

اَلسَّلَامُ عَلىٰ زُهَيْرِ بْنِ الْقَيْنِ الْبَجَلِيِّ الْقَائِلِ لِلْحُسَيْنِ وَ قَدْ أَذِنَ لَهُ فِي الِانْصِرَافِ لَا وَ اللهِ لَا يَكُونُ ذٰلِكَ أَبَدًا أَتْرُكُ ابْنَ رَسُولِ اللهِ أَسِيرًا فِي يَدِ الْأَعْدَاءِ وَ أَنْجُو لَا أَرَانِي اللهُ ذٰلِكَ الْيَوْمَ ، اَلسَّلَامُ عَلىٰ عُمَرَ بْنِ قُرْطَةَ الْأَنْصَارِيِّ ، اَلسَّلَامُ عَلىٰ حَبِيبِ بْنِ مُظَاهِرٍ الْأَسَدِيِّ ، اَلسَّلَامُ عَلَى الْحُرِّ بْنِ يَزِيدَ الرِّيَاحِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ بْنِ عُمَيْرٍ الْكَلْبِيِّ ، اَلسَّلَامُ عَلىٰ نَافِعِ بْنِ هِلَالِ بْنِ نَافِعٍ الْبَجَلِيِّ الْمُرَادِيِّ ، اَلسَّلَامُ عَلىٰ أَنَسِ بْنِ كَاهِلٍ الْأَسَدِيِّ ، اَلسَّلَامُ عَلىٰ قَيْسِ بْنِ مُسْهِرٍ الصَّيْدَاوِيِّ السَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ وَ عَبْدِ الرَّحْمٰنِ ابْنَيْ عُرْوَةَ بْنِ حَرَّاقٍ الْغِفَارِيَّيْنِ ، اَلسَّلَامُ عَلىٰ جُوْنِ بْنِ حَرِيٍّ مَوْلىٰ أَبِي ذَرٍّ الْغِفَارِيِّ ، اَلسَّلَامُ عَلىٰ شَبِيبِ بْنِ عَبْدِ اللهِ النَّهْشَلِيِّ ، اَلسَّلَامُ عَلَى الْحَجَّاجِ بْنِ زَيْدٍ السَّعْدِيِّ السَّلَامُ عَلىٰ قَاسِطٍ وَ كَرْشٍ ابْنَيْ زُهَيْرٍ التَّغْلِبِيَّيْنِ ،

اَلسَّلَامُ عَلىٰ كِنَانَةَ بْنِ عَتِيْقٍ ، اَلسَّلَامُ عَلىٰ ضَرْغَامَةَ بْنِ مَالِكٍ ، اَلسَّلَامُ عَلىٰ حُوَيِّ بْنِ مَالِكٍ الضُّبَعِيِّ السَّلَامُ عَلىٰ عُمَرَ بْنِ ضُبَيْعَةَ الضُّبَعِيِّ ، اَلسَّلَامُ عَلىٰ زَيْدِ بْنِ ثُبَيْتٍ الْقَيْسِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عَبْدِ اللهِ وَ عُبَيْدِ اللهِ ابْنَيْ زَيْدِ بْنِ ثُبَيْتٍ الْقَيْسِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عَامِرِ بْنِ مُسْلِمٍ ، اَلسَّلَامُ عَلىٰ قَعْنَبِ بْنِ عَمْرٍو التَّمْرِيِّ ، اَلسَّلَامُ عَلىٰ سَالِمٍ مَوْلىٰ عَامِرِ بْنِ مُسْلِمٍ ، اَلسَّلَامُ عَلىٰ سَيْفِ بْنِ مَالِكٍ ، اَلسَّلَامُ عَلىٰ زُهَيْرِ بْنِ بِشْرٍ الْخَثْعَمِيِّ ، اَلسَّلَامُ عَلىٰ زَيْدِ بْنِ مَعْقِلٍ الجُعْفِيِّ ، اَلسَّلَامُ عَلَى الْحَجَّاجِ بْنَ مَسْرُوْقٍ الْجُعْفِيِّ ، اَلسَّلَامُ عَلىٰ مَسْعُوْدِ بْنِ الْحَجَّاجِ وَ ابْنِهِ ، اَلسَّلَامُ عَلىٰ مُجَمِّعِ بْنِ عَبْدِ اللهِ الْعَائِذِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عَمَّارِ بْنِ حَسَّانَ بْنِ شُرَيْحٍ الطَّائِيِّ ، اَلسَّلَامُ عَلىٰ حَيَّانِ بْنِ الْحٰرِثِ السَّلْمَانِيِّ الْأَزْدِيِّ ، اَلسَّلَامُ عَلىٰ جُنْدَبِ بْنِ حُجْرٍ الْخَوْلَانِيِّ ، اَلسَّلَامُ عَلىٰ عُمَرَ بْنِ خَالِدٍ الصَّيْدَاوِيِّ ، اَلسَّلَامُ عَلىٰ سَعِيْدٍ مَوْلَاهُ ، اَلسَّلَامُ عَلىٰ يَزِيْدَ بْنِ زِيَادِ بْنِ الْمُظَاهِرِ الْكِنْدِيِّ ، اَلسَّلَامُ عَلىٰ زَاهِدٍ مَوْلىٰ عَمْرِو بْنِ الْحَمِقِ الْخُزَاعِيِّ ، اَ لسَّلَامُ عَلىٰ جَبَلَةَ بْنِ عَلِيٍّ الشَّيْبَانِيِّ ، اَ لسَّلَامُ عَلىٰ سَالِمٍ مَوْلىٰ بَنِي الْمَدِيْنَةِ الْكَلْبِيِّ ، اَلسَّلَامُ عَلىٰ أَسْلَمَ بْنِ كُثَيْرٍ الْأَزْدِيِّ الْأَعْرَجِ ، اَلسَّلَامُ عَلىٰ زُهَيْرِ بْنِ سُلَيْمٍ الْأَزْدِيِّ وَ ، اَلسَّلَامُ عَلىٰ قَاسِمِ بْنِ حَبِيْبٍ الْأَزْدِيِّ ،

اَلسَّلَامُ عَلٰى عُمَرَ بْنِ جُنْدَبٍ الْحَضْرَمِيِّ ، اَلسَّلَامُ عَلٰى أَبِيْ ثُمَامَةَ عُمَرَ بْنِ عَبْدِ اللهِ الصَّائِدِيِّ ، اَلسَّلَامُ عَلٰى حَنْظَلَةَ بْنِ أَسْعَدَ الشَّيْبَانِيِّ ، اَلسَّلَامُ عَلٰى عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَبْدِ اللهِ بْنِ الْكَدِرِ الْأَرْحَبِيِّ ، اَلسَّلَامُ عَلٰى عَمَّارِ بْنِ أَبِيْ سَلَامَةَ الْهَمْدَانِيِّ ، اَلسَّلَامُ عَلٰى عَابِسِ بْنِ شَبِيْبٍ الشَّاكِرِيِّ ، اَلسَّلَامُ عَلٰى شَوْذَبٍ مَوْلٰى شَاكِرٍ ، اَلسَّلَامُ عَلٰى شَبِيْبِ بْنِ الْحَارِثِ بْنِ سَرِيْعٍ ، اَلسَّلَامُ عَلٰى مَالِكِ بْنِ عَبْدِ اللهِ بْنِ سَرِيْعٍ

اَلسَّلَامُ عَلَى الْجَرِيْحِ الْمَأْسورِ سَوَّارِ بْنِ أَبِيْ حِمْيَرٍ الْفَهْمِيِّ الْهَمْدَانِيِّ السَّلَامُ عَلٰى الْمُرَتَّبِ مَعَهٗ عَمْرِو بْنِ عَبْدِ اللهِ الْجُنْدُعِيِّ ، اَلسَّلَامُ عَلَيْكُمْ يَا خَيْرَ أَنْصَارٍ، اَلسَّلَامُ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ بَوَّأَكُمُ اللهُ مُبَوَّأَ الْأَبْرَارِ أَشْهَدُ لَقَدْ كَشَفَ اللهُ لَكُمُ الْغِطَاءَ وَ مَهَّدَ لَكُمُ الْوِطَاءَ وَ أَجْزَلَ لَكُمُ الْعَطَاءَ وَ كُنْتُمْ عَنِ الْحَقِّ غَيْرَ بِطَاءٍ وَ أَنْتُمْ لَنَا فُرَطَاءُ وَ نَحْنُ لَكُمْ خُلَطَاءُ فِيْ دَارِ الْبَقَاءِ وَ ، اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُه

તરજુમો : (શરું કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. અય કત્લ થયેલાઓમાં પહેલા અલી અકબર (અ.સ.) કે જે જનાબે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ની ઓલાદોમાંથી બેહતરીન ફરઝંદ અને તેમના વંશમાંથી છે, સલામ થાય તમારી ઉપર, અને અલ્લાહ તમારી ઉપર અને તમારા વાલીદ ઉપર રહમત નાઝિલ કરે.

તમારા વાલીદ (ઈમામે હુસૈન (અ.સ.)) એ તમારી વિષે ફરમાવ્યું કે "અલ્લાહ એ કોમને કત્લ કરે કે જેણે તને કત્લ કર્યો; અય મારા દીકરા ! મહાન અલ્લાહ સામે કઈ વસ્તુએ તેઓને હિમ્મત આપી ? કઈ વસ્તુએ તેઓને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની હુરમત બરબાદ કરવા પર તય્યાર કર્યા ? તારી પછી આ દુનિયા હૈફ છે. જાણે હું તેઓની સામે તને નમુનો તરીકે પૈશ કરનાર છુ અને કાફિરોથી તું કેહનાર છો કે હું અલી બિન હુસૈન બિન અલી (અ.સ.)છું. અલ્લાહના ઘરની કસમ અમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના ઘણા નઝદીકના સગા છીએ, તમને એવો નૈઝો મારીશ કે બેવડા વળી જશો. હું મારા વાલીદની હિમાયતમાં તમારાથી લડીશ. અને તલવારનો એવો ઝોરદાર વાર કરીશ કે જેવી રીતે એક અલવી અને હાશમી છોકરાનો વાર મશહુર છે. અલ્લાહની કસમ, અમો અહલેબય્ત (અ.સ.) ઉપર હરામથી પૈદા થયેલા લોકો સત્તા ચલાવી શકતા નથી"

એટલે સુધી કે તમે અય ફરઝંદે હુસૈન (અ.સ.) પોતાની મંઝિલે પહોંચ્યા અને પોતાના પરવરદિગારને મળ્યા; હું સાક્ષી આપું છુ, કે તમે અલ્લાહ અને રસુલથી ઘણા નઝદીક છો. બેશક તમે રસુલના ફરઝંદ અલ્લાહની હુજ્જત અને અમીને ખુદાના દીકરા છો, અને તમારા કાતિલ મુર્રત બિન મુન્કિઝ બિન નોઅમાન અબદી નો ફેસ્લો અલ્લાહ કરે, અલ્લાહ તેના ઉપર લઅનત કરે, અને તેને ઝાલીલ તથા રૂસ્વા કરે કે જેણે તમને કત્લ કરવામાં તેનો સાથ આપ્યો, અને જેઓ તેના મદદગાર હતા, અલ્લાહ તેઓ બધાને જહન્નમમાં નાખે કે જે ઘણું ખરાબ સ્થળ છે, અને અલ્લાહ તબારક વ તઆલા અમને તમારી મુલાકાત કરનાર, તમારો સાથ આપનાર તેમજ તમારા નાના, તમારા પિતા તથા તમારા કાકા તથા તમારા ભાઈ તથા તમારી મઝલુમા માતાનો સાથ આપનાર મુકર્રર કરે, અને હું બારગાહે ઈલાહીમાં તમારા કાતિલોથી બેઝારી ચાહું છુ, અને તમારા દુશ્મનો અને તમારા મર્તબાને ઈનકાર કરનારથી બારગાહે ઈલાહીમાં બેઝારી ચાહું છુ, સલામ થાય તેમજ અલ્લાહની રહમત તથા તેની બરકતો નાઝિલ થાય તમારી ઉપર.

સલામ થાય ઈમામ હુસૈન (અ.સ.) ના દૂધપીતા બાળક અબ્દુલ્લાહ પર કે જે તીરે જફાથી કત્લ થયું અને પોતાના ખૂનમાં રગદોયાળુ, જેનું ખૂને નાહક આસમાન તરફ ગયું, જે પોતાના બાપની ગોદમાં તીરથી ઝબહ થયું, અને અલ્લાહ તેના ઉપર લઅનત કરે જેણે બાળક ઉપર તીર ચલાવ્યું, હુર્મુલા બિન કાહિલ અસદી તથા તેના સાથીઓ

ઉપર.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ના દીકરા અબ્દુલ્લાહ (અ.સ.) ઉપર કે જેઓ મુસીબતોમાં ઘેરાયેલા હતા, અને મૈદાને કરબલામાં મોહબ્બતનો દમ ભરતા હતા, જેમને દુશ્મનોએ આગળથી તથા પાછળથી ઘેરી તલવારો મારી, અને અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ હાની બિન સુબૈત હઝરમી ઉપર.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ના દીકરા હઝરત અબુલ ફઝલીલ અબ્બાસ (અ.સ.) ઉપર, જેમણે પોતાના ભાઈની મદદ પોતાના પ્રાણથી કરી, પોતાના ભૂતકાળથી ભવિષ્યના પરિણામ લેનાર, અને ઈમામ હુસૈન (અ.સ.)માટે પાણીની કોશિશ કરનાર, જેના બન્ને હાથ કાપી નાખવામાં આવ્યા, અલ્લાહ લઅનત કરે એમના કાતિલ યઝીદ બિન રકાદ હયતી તથા હકીમ બિન તુફૈલ તાઈ ઉપર.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ના દીકરા જઅફર (અ.સ.) ઉપર, ખુબજ સબ્ર કરનાર, પોતાના નફસથી હિસાબ લેનાર, પોતાના વતનથી દુર થનાર, કરબલાને પોતાની મંઝિલ બનાવવામાં આગળ આગળ રેહનાર, દુશ્મનોના ઘેરાવમાં ઘેરાય જનાર, અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ હાની બિન સુબૈત હઝરમી ઉપર.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ના દીકરા ઉસ્માન (અ.સ.) ઉપર જેને ઉસ્માન બિન મઝઉનના નામથી ઓળખવામાં આવે છે, અલ્લાહ લઅનત કરે ખુલી બિન યઝીદે અસબહીએ અયાદીએ અબામી દારેમી ઉપર કે જેણે તેમના ઉપર તીર વરસાવ્યા.

સલામ થાય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ના દીકરા મોહમ્મદ (અ.સ.) ઉપર, કે જેઓ અયાદી દરેમીના હાથે કત્લ થયા, અલ્લાહ તેના ઉપર લઅનત કરે, અને તેના ઉપરના સખ્ત અઝાબમાં વધારો કરે. તમારી ઉપર અય મોહમ્મદ તથા સબ્ર કરનાર તમારા ઘરવાળાઓ ઉપર અલ્લાહની રહમત નાઝિલ થાય.

સલામ થાય ઈમામ હસન (અ.સ.) ના ફરઝંદ અબુ બકર (અ.સ.) જેઓ ઝકી અને વલી છે, જેમના ઉપર ઘાતકી તીર વરસાવવામાં આવ્યા, અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ તથા તેમના પર તીર ચલાવનાર અબ્દુલ્લાહ બિન ઉકબા ગનવી ઉપર,

સલામ થાય ઈમામ હસન (અ.સ.) ના ફરઝંદ અબ્દુલ્લાહ ઉપર, જેઓ ઝકી હતા,

અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ તથા તેમના ઉપર તીર ચલાવનાર હુર્મલા બિન કાહિલ અસદી ઉપર.

સલામ થાય ઈમામ હસન (અ.સ.) ના ફરઝંદ જનાબે કાસિમ (અ.સ.) ઉપર જેમના મુબારક માથા ઉપર વાર કરવામાં આવ્યો જેમનું બખ્તર ઉતારી લેવામા આવ્યુ, જયારે કે તેમણે પોતાના કાકા ઈમામ હુસૈન (અ.સ.)ને પુકાર્યા પછી તેમના કાકા બાઝ (શિકારી પક્ષી) ની જેમ ઝપાટાથી આવ્યા, તો જોયુ કે કાસિમ (અ.સ.) ધૂળમાં એડીઓ રગડે છે. ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે "અલ્લાહ ગારત કરે એ કોમને જેણે તમને કત્લ કર્યા, કયામતમાં તમારા દાદા તથા પિતા એ લોકોના દુશ્મન થાય, પછી ફરમાવ્યું અલ્લાહની કસમ ખુબજ સખ્ત છે તમારા કાકા ઉપર કે તમે એમને પુકારો અને તેઓ તમારી મદદે ન પહોંચી શકે, અને જયારે તે તમારો પુકાર સાંભળીને પહોંચે છે તો જુએ છે કે તમે કત્લ થઈ પ્રાણ જવાની અણી પર છો, તો આ એ સમય છે કે તમારા કાકા તમને કોઈ ફાયદો પહોંચાડશે નહિ". અલ્લાહની કસમ આ તે દિવસ છે કે જેમાં ઝુલ્મ કરનાર ઘણા બધા છે અને મદદ કરનાર બહુ થોડાક; અલ્લાહ તઆલા જ્યાં તમે બન્ને સાથે ભેગા થાઓ ત્યાં તમારી બન્નેની સાથે મને પણ રાખે અને જ્યાં તમારી બન્નેની મંઝિલ હોય ત્યાં મારું પણ મુકામ બનાવે; અલ્લાહ લઅનત કરે તમારા કાતિલ ઉમર બિન સઅદ બિન ઉર્વાહ બિન નુફૈલ અઝદી ઉપર, અને તેને જહન્નમમાં નાખે અને તેના માટે સખ્ત અઝાબ તય્યાર કરે.

સલામ થાય અબ્દુલ્લાહ બિન જઅફરના ફરઝંદ જનાબે ઓન (અ.સ.) ઉપર, (એ જનાબે જઅફરના પોત્રાઓ) કે જેઓ જન્નતમાં ઉડતા ફરે છે, જેઓ ઈમાનમાં પાકા પોતાની સીફતોમાં રેહમાન અલ્લાહની ખુશી માટે કદમ બ કદમ નસીહત કરનાર, કુરઆન અને કુરઆનની આયતોની પૈરવી કરનાર હતા, અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ અબ્દુલ્લાહ કુત્બત નબ્હાની ઉપર. સલામ થાય અબ્દુલ્લાહ બિન જઅફરના ફરઝંદ જનાબે મોહમ્મદ (અ.સ.) ઉપર, પોતાના પિતાના પ્રતિનિધિ અને પોતાના ભાઈના પગલે પગલે ચાલવા અને પોતાના શરીરને તમને બચાવવા માટે ઢાલ બનાવ્યું, અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ આમિર બિન નહ્શલ તમીમી ઉપર.

સલામ થાય જનાબે અકીલ (અ.સ.) ના ફરઝંદ જનાબે જઅફર (અ.સ.) ઉપર,

અલ્લાહ લઅનત કરે એમના કાતિલ તથા એમની ઉપર તીર ચલાવનાર બિશ્ર બિન ખૂત હમદાની ઉપર, સલામ થાય જનાબે અકીલ (અ.સ.) ના ફરઝંદ જનાબે અબ્દુર રહમાન ઉપર, અલ્લાહ લઅનત કરે એમના કાતિલ અને તેમના ઉપર તીર ચલાવનાર ઉમર બિન ખાલીદ બિન અસદ જોહની ઉપર,

સલામ થાય કતીલ બિન કતીલ મુસ્લીમ બિન અકીલના ફરઝંદ અબ્દુલ્લાહ ઉપર, અલ્લાહ લઅનત કરે એમના કાતિલ આમિર બિન સઅસઅ ઉપર અને અસદ બિન માલીક ઉપર, સલામ થાય મુસ્લીમ બિન અકીલના ફરઝંદ ઓબઈદુલ્લાહ ઉપર, અલ્લાહ લઅનત કરે એમના કાતિલ ઉપર અને તેમની ઉપર તીર ચલાવનાર અમ્ર બિન સોબય્યહ સયદાવી ઉપર, સલામ થાય અકીલના ફરઝંદ જનાબે મોહમ્મદ (અ.સ.) બિન અબુ સઈદ ઉપર અને અલ્લાહ લઅનત કરે તેમના કાતિલ લકીત બિન નાશિર જોહની ઉપર,

સલામ થાય ઈમામ હુસૈન બિન અમીરૂલ મીઅમેનીન અલી (અ.સ.) ના ગુલામ સુલયમાન ઉપર, અને અલ્લાહ લઅનત કરે તેના કાતિલ સુલયમાન બિન અવ્ફ હઝરમી ઉપર, સલામ થાય ઈમામ હુસૈન (અ.સ.) ના ગુલામ કારિબ ઉપર, સલામ થાય ઈમામ હુસૈન (અ.સ.) ના ગુલામ મુન્જિહ ઉપર, સલામ થાય મુસ્લીમ બિન અવ્સજા અસદી ઉપર, જયારે ઈમામે પાછા ચાલ્યા જવાની ઈજાઝત આપી ત્યારે આપે ઈમામે મઝલૂમ (અ.સ.) ની ખિદમતમાં અર્ઝ કરી કે "શું અમે તમોને છોડીને ચાલ્યા જઈએ ? તો અલ્લાહની સમક્ષ તમારો હક અદા કરવા સંબધી અમે શુ કારણ આપશું ? અલ્લાહની કસમ અય ફરઝંદે રસુલ ! તમારી હિમાયતમાં હું મારી આ તલવાર દુશ્મનોની છાતીઓમાં નાખી દઈશ અને તે વડે તેમની છાતીઓ તોડી નાખીશ અને જ્યાં સુધી મારા હાથમાં આ તલવાર હશે ત્યાં સુધી હું તેનાથી દુશ્મનોને કત્લ કરીશ અને હું તો કોઈ વાતે તમારાથી અલગ થઈશ નહિ, જો મારી પાસે હથ્યાર બાકી નહિ રહે તો હું તેઓ તરફ પથ્થરો ફેકીશ, અને તેવી રીતે લડાઈ કરીશ, પણ તમારો સાથ તો હરગિઝ છોડીશ નહિ, ત્યાં સુધી કે આપની સંગાથમાં શહાદત પામું"

અને તમે (અય મુસ્લીમ બિન અવ્સજા) એ પહેલા પ્રાણ આપનાર છો, જેણે પોતાના નફ્સને વેચી નાખ્યું, અને અલ્લાહ સાક્ષી છે કે તમે પહેલા શહીદ છો, કે પોતાનો અહદ

પૂરો કર્યો અને શહાદતના દરજ્જાએ પહોંચ્યા, અને કઅબાના પરવરદિગારની કસમ ખાઈ કહું છુ કે તમે કામયાબ થયા; પોતાના ઈમામ (અ.સ.) ની મદદ કરવા પર અલ્લાહ તમને અજર અતા કરે; અને જયારે તમે ઝખ્મી થઈ ઝમીન ઉપર પડ્યા ત્યારે જયારે તમારા ઈમામે આવીને તમારી આ હાલત જોઈ ફરમાવ્યું કે "અલ્લાહ તમારા ઉપર રહમત નાઝિલ કરે અય મુસ્લિમ બિન અવ્સજા" અને કુરઆનની આ આયતની તિલાવત ફરમાવી "તેઓમાંથી કેટલાક છે કે જેઓ પોતાનો સમય પૂરો કરી ગયા અને તેઓમાંથી કેટલાક અલ્લાહના હુકમની રાહ જોઈ રહ્યા છે, અને તે લોકોએ પોતાની વાત જરા પણ બદલી નહી" અલ્લાહ લઅનત કરે તમને કત્લ કરવામાં ભાગ લેનારા અબ્દુલ્લાહ ઝબાબીય્યા અને અબ્દુલ્લાહ બિન ખુશ્કારહ બજલી અને મુસ્લિમ બિન અબ્દુલ્લાહ ઝબાબીય્યા ઉપર.

સલામ થાય સઅદ બિન અબ્દુલ્લાહ હનફી ઉપર, જેને કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.) જયારે પાછા જવાની ઈજાઝત આપી હતી ત્યારે તેને અર્જ કરી કે "અલ્લાહની કસમ, અમો તમારો સાથ છોડીશુ નહિ ત્યાં સુધી કે અલ્લાહ જોઈ લે કે અમે રસુલ ખુદા (સ.અ.વ.) ની ગૈર મુજુદગીમાં આપની હિફાઝત કરી; અલ્લાહની કસમ જો મને જાણ થઈ જાય કે હું કત્લ થઈ જઈશ અને ફરી પાછો જીવતો થઈશ અને પછી આગમાં બાળી નાખવામાં આવીશ અને પછી મારી ખાક હવામાં ઉડાવી દેવાશે અને આવું મારી સાથે ૭૦ વખત થાય તો પણ હું તમારો સાથ છોડીશ નહિ, એટલે સુધી કે મારૂ મુત્યુ મને તમારી સામે પાડી દે; અને હું તમારી પર મારી જાન કેમ ફિદા ન કરૂ, જયારે કે એક વખત તો મારવાનું છે જ અથવા કત્લ થવાનુ છે, પછી એવી મહાનતા મળવાની છે કે જે કદી ખત્મ થશે નહિ" પછી તમે (અય સઅદ !) પોતાની મોતથી મુલાકાત કરી અને પોતાના ઈમામની મદદ કરી અને જન્નતમાં જઈ અલ્લાહ પાસેથી એ મહાનતા અને મોટાઈ મેળવી લીધી; અમારો હશ્ર પણ ઈમામે મઝલુમ (અ.સ.) ના સાથીઓ સાથે અને તમારી સાથે શહાદત મેળવનારાઓમાં થાય અને અલ્લાહ અમને અઅલા ઈલ્લીય્યીનમાં તમારી સાથે રેહવાનું નસીબ કરે.

સલામ થાય બિશર બિન ઉમર હઝરમી ઉપર, અલ્લાહનો શુક્ર છે તમારા આ શબ્દો ઉપર કે જે તમે ઈમામ હુસૈન (અ.સ.)ને એ વકતે કહ્યા જયારે ઈમામ (અ.સ.) એ તમને

પાછા ચાલ્યા જવાની છુટ આપી હતી, અને તે આ છે કે (અય ફરઝંદે રસુલ) જો હું તમને છોડી ચાલ્યો જાવ અથવા હું છોડી જવાની ઈચ્છા રાખતો હોઉં તો જંગલના ફાડી ખાનાર જાનવરો મને ફાડી ખાય, થોડી સંખ્યાના હોવા છતાં શું હું તમને છોડી જાઉં ?! કયામત સુધી હરગિઝ એમ થશે નહિ.

સલામ થાય યઝીદ બિન હુસય્ન હમદાની ઉપર જેઓ મહાન દિનદાર, ઈબાદત ગુઝાર, અને તલવારથી જંગ કરનાર હતા. સલામ થાય ઉમર બિન કઅબ અનસારી ઉપર, સલામ થાય નઈમ બિન અજલાને અનસારી ઉપર.

સલામ થાય ઝોહૈર બિન કય્ન બજલી ઉપર, જેઓને ઈમામે મઝલુમ (અ.સ.) એ પાછા ચાલ્યા જવાની ઈજાઝત આપી, ત્યારે આવી રીતે અર્ઝ કરી કે "અલ્લાહની કસમ, કયામત સુધી હરગિઝ આ થઈ શકતું નથી કે હું રસુલે ખુદા (સ.અ.વ.) ના ફરઝંદને દુશ્મનોના હાથે કૈદ થયેલા જોઈ તમને મુકીને ચાલતો થાઉં. અલ્લાહ તે દિવસ મને ક્યારેય ન દેખાડે".

સલામ થાય હબીબ બિન મુઝાહિર અસદી ઉપર, સલામ થાય હુર બિન યાઝીદે રિયાહી ઉપર, સલામ થાય અબ્દુલ્લાહ બિન ઉમૈર કલ્બી ઉપર, સલામ થાય નાફેઅ બિન હિલાલ ઈબ્ને નાફેઅ બજલી મુરાદી ઉપર, સલામ થાય અનસ બિન કાહિલે અસદી ઉપર, સલામ થાય કય્સ બિન મુસહિર સયદાવી ઉપર, સલામ થાય ઉર્વહ બિન હર્રાકના બન્ને દીકરા અબ્દુલ્લાહ ગફ્ફારી તથા અબ્દુર રહમાન ગફ્ફારી ઉપર, સલામ થાય અબુઝર ગફ્ફારીના ગુલામ જુન બિન હરી ઉપર, સલામ થાય શબીબ બિન અબ્દુલ્લાહ નહ્શલી ઉપર, સલામ થાય હજ્જાજ બિન ઝય્દ સઅદી ઉપર, સલામ થાય ઝોહૈરના બન્ને દીકરા કાસિત તગ્લિબી તથા કર્શ તગ્લિબી ઉપર, સલામ થાય કિનાનાહ બિન અતીક ઉપર, સલામ થાય ઝર્ગામાહ બિન માલિક ઉપર, સલામ થાય હુવઈ બિન માલિક ઝુબઈ ઉપર, સલામ થાય ઉમર બિન ઝુબયતે ઝબઈ ઉપર, સલામ થાય ઝય્દ બિન સુબય્ત કય્સી ઉપર, સલામ થાય ઝય્દ બિન સુબય્ત કય્સીના બન્ને દીકરા અબ્દુલ્લાહ અને ઓબય્દુલ્લાહ ઉપર, સલામ થાય આમિર બિન મુસ્લિમ ઉપર, સલામ થાય કઅનબ બિન અમ્ર તમરી ઉપર, સલામ થાય આમિર બિન મુસ્લિમના ગુલામ સાલિમ ઉપર, સલામ થાય સય્ફ બિન માલિક ઉપર, સલામ થાય ઝોહૈર બિન બિશર

ખસ્અમી ઉપર, સલામ થાય ઝય્દ બિન મઅકલ જોઅફી ઉપર, સલામ થાય હજ્જાજ બિન મસરૂક જોઅફી ઉપર, સલામ થાય મસઊદ બિન હજ્જાજ તથા તેના દીકરા ઉપર, સલામ થાય મુજમ્મેઅ બિન અબ્દુલ્લાહ આએઝી ઉપર, સલામ થાય અમ્માર બિન હસ્સાન બિન શોરયહે તાઈ ઉપર, સલામ થાય હય્યાન બિન હારિસે સલ્માનીએ અઝદી ઉપર, સાલમ થાય જુન્દબ બિન હુજ્ ખવલાની ઉપર, સલામ થાય ઉમર બિન ખાલીદે સયદાવી ઉપર, અને સલામ થાય તેના ગુલામ સઈદ ઉપર, સલામ થાય યઝીદ બિન ઝિયાદ બિન મુઝાહિર કંદી ઉપર, સલામ થાય અમ્ર બિન હુમ્કે ખુઝાઈના ગુલામ ઝાહિદ ઉપર, સલામ થાય જબલહ બિન અલી શયબાની ઉપર, સલામ થાય બની મદીનહ કલ્બીના ગુલામ સાલિમ ઉપર, સલામ થાય અસ્લમ બિન કોસૈરે અઝદીએ અઅરજ ઉપર, સલામ થાય ઝોહૈર બિન સોલૈમે અઝદી ઉપર, સલામ થાય કાસિમ બિન હબીબે અઝદી ઉપર, સલામ થાય ઉમર બિન જુન્દબે હઝરમી ઉપર, સલામ થાય અબુ સમામહ અમ્ર બિન અબ્દુલ્લાહે સાએદી ઉપર, સલામ થાય હન્ઝલા બિન અસઅદે શયબાની ઉપર, સલામ થાય અબ્દુર રહમાન બિન અબ્દુલ્લાહ બિન કદિરે અરહબી ઉપર, સલામ થાય અમ્માર બિન અબી સલામહ હમદાની ઉપર, સલામ થાય આબિસ બિન શબીબે શાકેરી ઉપર, સલામ થાય શકિરના ગુલામ શવઝબ ઉપર, સલામ થાય શબીબ બિન હારિસ બિન સરીઅ ઉપર, સલામ થાય માલિક બિન અબ્દુલ્લાહ બિન સરીઅ ઉપર.

સલામ થાય સવ્વાર બિન અબી હિમ્યરે ફહમી હમદાની ઉપર કે જેઓ લડાઈ કરી ઝખ્મી થઈ કૈદી થયા, સલામ થાય અમ્ર બિન અબ્દુલ્લાહ જુન્દુઈ ઉપર કે જેઓ સવ્વર બીન અબી હિમ્યરની સાથે હતા.

સલામ થાય તમો બધા ઉપર કે તમે ખુબજ સબ્ર કરી અને આખેરતમાં તમારૂં કેવુ સારું અને મહાન મકામ છે ! અલ્લાહ તમને નેકીઓની મંઝીલોમાં જગ્યા આપે. હું સાક્ષી આપું છુ અલ્લાહે તમારી સામેથી પર્દા હટાવી દીધા છે અને તમારી માટે ઊંચા માર્ગોને પણ સરળ બનાવી દીધા છે અને અલ્લાહે તમારી માટે પોતાની બખ્શીશો પુષ્કળ કરી દીધી છે, અને તમે હક (સત્ય) ની મદદમાં કસર (કોતાહી) કરી નથી, અને તમે અમારાથી પહેલે પહોંચવાવાળા છો, અને અમે પણ દારે બકામાં તમારી સાથે સાથે

છીએ, અને સલામ થાય તમારી ઉપર અને અલ્લાહની રહમત તથા બરકત નાઝિલ થાય તમારી બધાની ઉપર.

## ૨૦. અસ્રના સમય પુરસાની ઝિયારત

આ એ ઝિયારત છે જે પુરસાની ઝિયારત તેમજ ઝિયારતે વિદાઅ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉભા રહીને રસૂલે ખુદા (સ.અ.વ.)ને સલામ કરે, હઝરત અલીએ મુર્તઝા (અ.સ.)ને સલામ કરે, અને પછી જનાબે ફાતેમા ઝહરા (સ.)ને અને ઈમામ હસન (અ.સ.)ને સલામ કરે અને પછી તમામ ઈમામો (અ.સ.)ને કે જે સય્યદુશશુહ્દા ઈમામ હુસૈન (અ.સ.) ની ઔલાદમાંથી ઈમામ છે તેઓને સલામ કરે, અને પછી તેઓને આ ખુબજ દર્દનાક મુસિબત ઉપર રડતા રડતા પુરસો આપે, અને આ ઝિયારત પઢે :

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ آدَمَ صَفْوَةِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ نُوْحٍ نَبِيِّ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ إِبْرَاهِيْمَ خَلِيْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُوْسٰى كَلِيْمِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِيْسٰى رُوْحِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ مُحَمَّدٍ حَبِيْبِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عَلِيٍّ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ وَلِيِّ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ الْحَسَنِ الشَّهِيْدِ سِبْطِ رَسُوْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ رَسُوْلِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ الْبَشِيْرِ النَّذِيْرِ وَ ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ابْنَ فَاطِمَةَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا أَبَا عَبْدِ اللهِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خِيَرَةَ اللهِ وَ ابْنَ خِيَرَتِهٖ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا ثَارَ اللهِ وَ ابْنَ ثَارِهٖ ،

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْوِتْرُ الْمَوْتُوْرُ ، اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا الْإِمَامُ الْهَادِي الزَّكِيُّ وَ عَلىٰ أَرْوَاحٍ حَلَّتْ بِفِنَائِكَ وَ أَقَامَتْ فِيْ جِوَارِكَ وَ وَفَدَتْ مَعَ زُوَّارِكَ ، اَلسَّلَامُ عَلَيْكَ مِنِّيْ مَا بَقِيْتُ وَ بَقِيَ اللَّيْلُ وَ النَّهَارُ فَلَقَدْ عَظُمَتْ بِكَ الرَّزِيَّةُ وَ جَلَّ الْمُصَابُ فِي الْمُؤْمِنِيْنَ وَ الْمُسْلِمِيْنَ وَ فِيْ أَهْلِ السَّمَاوَاتِ أَجْمَعِيْنَ وَ فِيْ سُكَّانِ الْأَرَضِيْنَ فَإِنَّا لِلّٰهِ وَ إِنَّا إِلَيْهِ رَاجِعُوْنَ وَ صَلَوَاتُ اللهِ وَ بَرَكَاتُهُ وَ تَحِيَّاتُهُ عَلَيْكَ وَ عَلىٰ آبَائِكَ الطَّاهِرِيْنَ الطَّيِّبِيْنَ الْمُنْتَجَبِيْنَ وَ عَلىٰ ذَرَارِيِّهِمُ الْهُدَاةِ الْمَهْدِيِّيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ وَ عَلَيْهِمْ وَ عَلىٰ رُوْحِكَ وَ عَلىٰ أَرْوَاحِهِمْ وَ عَلىٰ تُرْبَتِكَ وَ عَلىٰ تُرْبَتِهِمْ ، اَللّٰهُمَّ لَقِّهِمْ رَحْمَةً وَ رِضْوَانًا وَ رَوْحًا وَ رَيْحَانًا ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَوْلَايَ ، يَا أَبَا عَبْدِ اللهِ ، يَا ابْنَ خَاتَمِ النَّبِيِّيْنَ وَ ، يَا ابْنَ سَيِّدِ الْوَصِيِّيْنَ وَ ، يَا ابْنَ سَيِّدَةِ نِسَاءِ الْعَالَمِيْنَ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا شَهِيْدُ ، يَا ابْنَ الشَّهِيْدِ ، يَا أَخَ الشَّهِيْدِ ، يَا أَبَا الشُّهَدَاءِ ، اَللّٰهُمَّ بَلِّغْهُ عَنِّيْ فِيْ هٰذِهِ السَّاعَةِ وَ فِيْ هٰذَا الْيَوْمِ وَ فِيْ هٰذَا الْوَقْتِ وَ فِيْ كُلِّ وَقْتٍ تَحِيَّةً كَثِيْرَةً وَ سَلاما سَلامُ اللهِ عَلَيْكَ وَ رَحْمَةُ اللهِ وَ بَرَكَاتُهُ ، يَا ابْنَ سَيِّدِ الْعَالَمِيْنَ وَ عَلَى الْمُسْتَشْهَدِيْنَ مَعَكَ سَلاما مُتَّصِلا مَا اتَّصَلَ اللَّيْلُ وَ النَّهَارُ ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ الشَّهِيْدِ اَلسَّلَامُ عَلىٰ عَلِيِّ بْنِ الْحُسَيْنِ الشَّهِيْدِ ، اَلسَّلَامُ عَلىٰ

الْعَبَّاسِ بْنِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ الشَّهِيْدِ ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَاءِ مِنْ وُلْدِ أَمِيْرِ الْمُؤْمِنِيْنَ ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَاءِ مِنْ وُلْدِ الْحَسَنِ ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَاءِ مِنْ وُلْدِ الْحُسَيْنِ ، اَلسَّلَامُ عَلَى الشُّهَدَاءِ مِنْ وُلْدِ جَعْفَرٍ وَ عَقِيْلٍ ، اَلسَّلَامُ عَلٰى كُلِّ مُسْتَشْهَدٍ مَعَهُمْ مِنَ الْمُؤْمِنِيْنَ ، اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ آلِ مُحَمَّدٍ وَ بَلِّغْهُمْ عَنِّيْ تَحِيَّةً كَثِيْرَةً وَ سَلاما ، اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللهِ أَحْسَنَ اللهُ لَكَ الْعَزَاءَ فِيْ وَلَدِكَ الْحُسَيْنِ ، اَلسَّلَامُ عَلَيْكِ يَا فَاطِمَةُ أَحْسَنَ اللهُ لَكِ الْعَزَاءَ فِيْ وَلَدِكِ الْحُسَيْنِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا أَمِيْرَ الْمُؤْمِنِيْنَ أَحْسَنَ اللهُ لَكَ الْعَزَاءَ فِيْ وَلَدِكَ الْحُسَيْنِ ، اَلسَّلَامُ عَلَيْكَ يَا أَبَا مُحَمَّدٍ الْحَسَنَ أَحْسَنَ اللهُ لَكَ الْعَزَاءَ فِيْ أَخِيْكَ الْحُسَيْنِ ، يَا مَوْلَايَ ، يَا أَبَا عَبْدِ اللهِ أَنَا ضَيْفُ اللهِ وَ ضَيْفُكَ وَ جَارُ اللهِ وَ جَارُكَ وَ لِكُلِّ ضَيْفٍ وَ جَارٍ قِرًى وَ قِرَايَ فِيْ هٰذَا الْوَقْتِ أَنْ تَسْأَلَ اللهَ سُبْحَانَهٗ وَ تَعَالٰى أَنْ يَرْزُقَنِيْ فَكَاكَ رَقَبَتِيْ مِنَ النَّارِ إِنَّهٗ سَمِيْعُ الدُّعَاءِ قَرِيْبٌ مُجِيْبٌ .

તરજુમો. (શરું કરું છું) અલ્લાહના નામથી જે ખુબજ મહેરબાન અને બહુજ દયાળુ છે. સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના માનવંત હઝરત આદમ (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના નબી હઝરત નૂહ (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના ખલીલ અને મિત્ર હઝરત ઈબ્રાહીમ (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહની સાથે કલામ કરનાર હઝરત મુસા (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહની રૂહ

હઝરત ઈસા (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના હબીબ હઝરત મોહમ્મદ (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય મોઅમીનોના સરદાર અને અલ્લાહના વલી હઝરત અલી (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય રસૂલલ્લાહના નવાસા શહીદ ઈમામ હસન (અ.સ.) ના વારિસ, સલામ થાય તમારી ઉપર અય રસુલલ્લાહના ફરઝંદ, સલામ થાય તમારી ઉપર અય બશીર (જન્નતની ખુશ ખબરી આપનાર) અને નઝીર (અઝાબે દોઝખથી ડરાવનાર) ના ફરઝંદ ! તમે વસી અને સરદારના પુત્ર છો, સલામ થાય તમારી ઉપર અય દુનિયાની તમામ ઓરતોની સરદાર જનાબે ફાતેમા (સ.અ.વ.)ના ફરઝંદ.

સલામ થાય તમારી ઉપર અય અબા અબ્દિલ્લાહ (ઈમામ હુસૈન (અ.સ.)), સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના માનવંત અને અલ્લાહના માનવંતના પુત્ર, સલામ થાય તમારી ઉપર અય જેના ખૂનનો બદલો લેનાર અલ્લાહ છે, અને તેમના ફરઝંદનો પણ ખુનનો બદલો લેનાર અલ્લાહ છે, સલામ થાય તે અજોડ વ્યક્તિ ઉપર કે જેના ખુનનો બદલો લેવામા નથી આવ્યો, સલામ થાય તમારી ઉપર અય પાક ઈમામ, તથા એ રૂહો ઉપર કે જે તમારા મકાનની આસપાસ ઉતરી છે, અને તમારા પડોશમાં મુકામ કર્યો છે અને તમારા ઝવ્વારોની સાથે આવેલ છે, સલામ થાય તમારી ઉપર મારા તરફથી જ્યાં સુધી હું જીવતો રહું અને જ્યાં સુધી કે આ રાત્રીઓ અને દિવસો બાકી રહે;

ખરેખર તમારી ઉપર એવી મુસિબતો પડી જે મોઅમીનોને અને મુસલમાનોને અને આસમાનોમાં તમામ રેહનારાઓને તથા પુથ્વી ઉપર તમામ રેહનારાઓને ઘણી સખ્ત લાગી; ખરેખર આપણો માલિક અલ્લાહ છે અને આપણે અલ્લાહની તરફ પાછા ફરનાર છીએ, અને અલ્લાહની રેહમતો અને બરકતો થાય તમારી ઉપર તથા તમારા પાક પાકીઝા અને માનવંત બાપદાદાઓ તથા તેમની ઔલાદ ઉપર કે જે હિદાયત કરનાર અને હિદાયત પામેલ છે, સલામ થાય તમારી ઉપર અય મારા મોલા અને તેઓ બધા ઉપર, અને તમારી ઉપર અને તમારા બધાની રૂહો ઉપર, તથા તમારી તુરબત ઉપર અને તે બધાની તુરબત ઉપર, યા અલ્લાહ ! તેઓને રહમત તથા ખુશનુદી તથા હંમેશાની રાહત, અને જન્નતની ખુશ્બુ અતા કર.

સલામ થાય તમારી ઉપર અય મારા મોલા, અય અબા અબ્દિલ્લાહ, અય ખાતમુલ

અમ્બીયા (છેલ્લા નબી) ના ફરઝંદ, અને અય વારિસોના સરદારના પુત્ર, અને અય તમામ દુનિયાની ઓરતોની સરદારના ફરઝંદ, અય શહીદ, અય શહીદના ભાઈ, અય શહીદોના પિતા; અય અલ્લાહ! મારા તરફથી આએજ ઘડીએ, આજના દિવસેજ, આજ સમયે, અને દરેક સમયે ખુબ ખુબ વધારે દુરૂદ અને સલામ પહોંચાડો, અને તમારા ઉપર અલ્લાહના સલામ થાય તથા તેની રહમત, અને તેની બરકતો નાઝિલ થાય, અય તમામ દુનિયાઓના સરદારના ફરઝંદ, અને તે લોકો ઉપર પણ કે જેઓ તમારી સાથે રહી શહાદતના દરજ્જા સુધી પહોંચ્યા, એવા સલામ કે જે રાત અને દિવસે સતત થયા કરે.

સલામ થાય શહીદ ઈમામ હુસૈન બિન અલી (અ.સ.) ઉપર, સલામ થાય શહીદ અલી બિન હુસૈન (અ.સ.) ઉપર, સલામ થાય શહીદ અબ્બાસ બિન અમીરૂલ મોઅમનીન અલી (અ.સ.) ઉપર, સલામ થાય અમીરૂલ મોઅમનીન અલી (અ.સ.) ના ફરઝંદોમાંના શહીદો ઉપર, સલામ થાય ઈમામ હસન (અ.સ.) ના ફરઝંદોમાંના શહીદો ઉપર, સલામ થાય ઈમામ હુસૈન (અ.સ.) ના ફરઝંદોમાંના શહીદો ઉપર, સલામ થાય જનાબે જઅફર (અ.સ.) અને જનાબે અકીલ (અ.સ.) ના ફરઝંદોમાંના શહીદો ઉપર, સલામ થાય એ તમામ મોઅમીનો ઉપર કે જેઓ શહીદ થયા અને એમની સાથે હતા.

યા અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ઉપર અને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ની ઔલાદ ઉપર રહમત નાઝિલ કર, અને મારા તરફથી તેમને ખુબ ખુબ તહિય્યત (એહતેરામની) સાથે સલામ પહોંચાડ, સલામ થાય તમારી ઉપર અય અલ્લાહના રસૂલ (સ.અ.વ.), તમારા ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા અને મુસીબત ઉપર સબ્રના કારણે અલ્લાહ તમને વધારે અજ્ર આપે, સલામ થાય તમારી ઉપર અય જનાબે ફાતેમા ઝહરા (સ.અ.), તમારા ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા અને મુસીબત ઉપર સબ્રના કારણે અલ્લાહ તમને વધારે અજ્ર આપે, સલામ થાય તમારી ઉપર અય અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) તમારા ફરઝંદ ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા અને મુસીબત ઉપર સબ્રના કારણે અલ્લાહ તમને વધારે અજ્ર આપે, સલામ થાય તમારા ઉપર અય અબા મોહમ્મદ ઈમામ હસન (અ.સ.), તમારા ભાઈ ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા અને મુસીબત ઉપર સબ્રના કારણે અલ્લાહ તમને વધારે અજ્ર આપે.

અય મારા મોલા અય અબા અબ્દિલ્લાહ (અ.સ.) હું અલ્લાહ નો મેહમાન છુ અને તમારો પણ મહેમાન છુ, હું અલ્લાહનો પાડોશી છુ અને તમારો પણ પાડોશી છુ, અને દરેક મેહમાન અને દરેક પડોશી માટે મહેમાનગતિ છે, અને મારી સાથે મહેમાની અને નેકી આ છે કે આ સમયે મારા માટે અલ્લાહ સૂબહાનહુ વ તઆલાથી અર્ઝ કરો કે તે દોઝખની આગથી મને છુટકારો આપે, ખરેખર અલ્લાહ દુઆ સાંભળનાર અને ખુબજ જલ્દી કબુલ કરવાવાળો છે.

## ૨૧. રોઝે આશુરા આપ (અ.સ.)ની કબ્ર પાસે પસાર કરે

વસાએલુ અશ્-શીઆના ભાગ ૧૪, પેજ ૪૭૭ પ્રકરણ- ૫૫ માં શેખ હુર્રે આમેલી (અ.ર.) શબે આશૂર અને રોઝે આશૂરમાં ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારતની તાકીદ ભરેલી મુસ્તહબ હોવાનુ પ્રકરણ લઈને આવ્યા છે.

૧. ઈમામ સાદિક (અ.સ.) એ ફર્માવ્યુઃ "જે કોઈ આશૂરાના દિવસે અબીઅબ્દિલ્લાહ ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરે તો એ એવું છે જાણે કે તેણે અર્ષ ઉપર અલ્લાહ તઆલાની ઝિયારત કરી".

૨. ઈમામ સાદિક (અ.સ.) એ ફર્માવ્યુઃ " જે કોઈ આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરે તો તેના માટે જન્નત વાજીબ છે".

૩. ઈમામ સાદિક (અ.સ.) એ ફર્માવ્યુઃ " જે કોઈ શબે આશૂરા ઈમામ હુસૈન (અ.સ.) ની કબ્ર મુબારકની પાસે રાત પસાર કરે તો કયામતના દિવસે તે અલ્લાહને એવી હાલતમાં મળશે જાણેકે તે પોતાના લોહીમાં ખરડાએલો હોય એવી રીતે કે તેને કરબલાની જમીન ઉપર આપ (અ.સ.)ની સાથે શહીદ કરવામાં આવ્યો હોય".

૪.ઈમામ સાદિક (અ.સ.) એ ફર્માવ્યુઃ " જે કોઈ આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિયારત કરે અને આપ (અ.સ.)ની પાસે રાત પસાર કરે તો તે એવું છે જાણે કે તેને આપ (અ.સ.)ની સામે શહીદ કરવામાં આવ્યો હોય".

૫. ઈમામ બાકિર(અ.સ.) એ ફર્માવ્યુઃ " જે કોઈ મોહર્રમની દસમીના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરે અને ત્યાં સુધી કે તે રડતા રડતા આખો દિવસ પસાર કરે તો તે કયામતના દિવસે બે હજાર હજ્જ ,બે હજાર ઉમરા અને બે હજાર ગઝવાના સવાબ ની સાથે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની મુલાકાત કરશે. અને તે દરેક હજ્જ,

ઉમરા અને ગઝવાનો સવાબ એવા માણસના જેવો હશે કે જેણે તે હજ્જ, ઉમરા અને ગઝવા રસુલુલ્લાહ (સ.અ.વ.) ની સાથે કરેલ હોય".

૬. શેખે મૂફીદ (અ.ર.) ની કિતાબ મસાર્રી અશ્-શીઆ મા નકલ કરે કે રિવાયત કરવામાં આવી છે કે, " જે કોઇ આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરશે તો અલ્લાહ તેના તે બધાજ ગુનાહોને માફ કરી દેશે કે જે તેણે ભૂતકાળમાં કર્યા હશે અને ભવિષ્યમાં કરનારો હશે".

૭. શેખે મૂફીદ (અ.ર.) ની કિતાબ મસાર્રી અશ્-શીઆ મા નકલ કરે કે રિવાયત કરવામાં આવી છે કે, "જે કોઇ ચાહતો હોય કે તે રસુલુલ્લાહ (સ.અ.વ.) ના હક્કને અદા કરે ,અમીરલ મોઅમેનીન (અ.સ.) ના હક્કને અદા કરે અને જનાબે ફાતેમા (સ.અ.) ના હક્કને અદા કરે તો તેણે આશૂરાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરવી જોઈએ".

## શામે ગરીબા

બેહતર છે કે આશુરાનો દિવસ પૂરો થયે રાતના સમયે શામે ગરીબા મનાવે અને ઈમામ હુસૈન (અ.સ.) ના કાફલામાં જે ઓરતો અને બચ્ચાઓ સાથે હતા તેઓને યાદ કરે કે આ સમયે તેઓ ઉપર ઝુલ્મ કરીને કૈદી બનાવ્વામાં આવ્યા હતા, તેઓ આ સમયે ખુબજ ગમગીન હતા, તેઓ રડતા હતા, અને ઈમામ હુસૈન (અ.સ.)ને પુકારતા હતા તેઓની ઉપર એવી મુસીબતો પડી કે કોઈ પોતાના દિમાગમાં વિચારી ન શકે, અને કોઈ કલમ તેને લખી ન શકે.